# આત્મ સિદ્ધિ શાસ્ત્ર દર્શન

(અમૂલ્ય તત્ત્વ ચિંતન)



# આત્મસિદ્ધિ શાસ્ત્ર દર્શન

## અમુલ્ય તત્વ ચિંતન

## ણમોકાર મહામંત્ર

णमो अरिहंताणं

णमो सिद्धाणं

णमो आइरियाणं

णमो उवज्झायाणं

णमो लोए सव्वसाहूणं

સંકલન - રમણિક સાવલા

### ભાવ નમસ્કાર

મંગલં ભગવાન વીરો,
મંગલં ગૌતમો ગણી,
મંગલં કુન્દકુન્દાર્યો,
જૈન ધર્મોસ્તુ મંગલં ॥

# આ એક જ કરવા જેવું છે.

આકુળતામય શુભાશુભભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયક સ્વભાવ છે.

તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, દરેક પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય - ઉપાદાન - નિમિત્ત બંને સ્વતંત્ર છે. આ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે.

પ્રભુ ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી

એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એકજ કરવા જેવું છે.

# આમુખ : દુઃખ અને દુઃખનું સ્વરૂપ

શારીરિક, માનસિક, અનંત પ્રકારનાં દુઃખોએ આકુળવ્યાકુળ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ બહુ પ્રકારે ઈચ્છા થતાં, તેમાંથી તે મુક્ત થઈ શકતા નથી. તેનું શું કારણ? એવો પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થાય છે. પણ તેનું યથાર્થ સમાધાન કોઈ વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણં યથાર્થ પણે જાણવામાં ન આવ્યું હોય ત્યાં સુધી તે ટાળવાને માટે ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ દુઃખનો ક્ષય થઈ શકે નહીં અને ગમે તેવી અરુચિ, અપ્રિયતા અને અભાવ દુઃખ પ્રત્યે હોય, છતાં તેને અનુભવ્યા જ કરવું પડે.

અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે અને તે પ્રયત્ન ન સહન થઈ શકે, એટલા પરિશ્રમપૂર્વક કર્યો હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઈચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઈ આવે છે, અથવા થયા કરે છે કે આનું શું કારણ? આ દુઃખ ટળતું કેમ નથી? કોઈપણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઈચ્છિત નહીં હોવા છતાં-સ્વપ્નેય પણ તેના પ્રત્યે કંઈ પણ વૃત્તિ નહીં હોવા છતાં તેની પ્રાપ્તિ થયા કરે છે અને હું જે જે પ્રયત્ન કરું છું તે તે બધાં નિષ્ફળ જઈ દુઃખ અનુભવ્યા જ કરું છું, તેનું શું કારણ?

શું એ દુઃખ કોઈને મટતું જ નહીં હોય? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે? શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે? તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે? અથવા કોઈ એક મારા કરેલા અપરાધોનું ફળ હશે? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પ જે જીવો મન સહિત દેહધારી છે તે કર્યા કરે છે અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે અને અવ્યકતપણે તે દુઃખ મટે એવી ઈચ્છા કર્યા કરે છે.

આ જગતને વિષે પ્રાણી માત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઈચ્છા પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છે છતાં તે દુઃખ શા માટે મટતું નથી? એવો પ્રશ્ન પણ વિચારવાનો ને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાન કાળે પણ થાય છે અને ભવિષ્યકાળે પણ થશે. તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા અને દુઃખથી મુક્ત થયા. વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે, તે પણ તથારૂપ ફળને પામે છે અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે તે તે તથારૂપ સમાધાનને પામશે, એમાં સંશય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી મટી જતું હોત અને સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઊપજાવી શકતું ન હોત, તો તે દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે, તે તે સર્વ જીવોનું સફળ થાય, પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું, ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયો કે દુઃખ મટવા માટે બીજો જ કોઈ ઉપાય હોવો જોઈએ. આ જે કરવામાં આવે છે, તે ઉપાય અયથાર્થ છે અને બધો શ્રમ વૃથા છે. માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે તો દુઃખ મટે, નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઉત્કંઠિત હોવા છતાં કોઈક જ એનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા બધા યથાર્થ સમાધાન નહીં પામ્યા છતાં મતિવ્યામોહાદિ કારણથી સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા. જગતમાં જુદા જુદા ધર્મ-મત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.

'ધર્મથી દુઃખ મટે' એમ ઘણા ખરા વિચારવાનોની માન્યતા થઈ, પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એક બીજામાં ઘણો તફાવત પડ્યો, ઘણા તો મૂળ વિષય ચૂકી ગયા અને ઘણા તો એ વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત...' અનંતકાળથી દુઃખનું જો સાચું કારણ હોય તો તે સ્વરૂપવિષે ભ્રાંતિ છે. જીવ પોતે જ પોતાને ભૂલી ગયો એ સૌથી મોટું આશ્ચર્ય છે. વસ્તુનું જેવું સ્વરૂપ વીતરાગી ભગવંતોએ વીતરાગતા પ્રગટ કર્યા પછી પ્રકાશિત કર્યું છે એ ખરેખર વિચારવા યોગ્ય છે અને એ બાબત થોડીક વિશેષ વાતોની અહીં સંક્ષિપ્તમાં નોંધ લેવામાં આવી છે તે સર્વ મુમુક્ષુઓને આ કાળમાં ઉપયોગી થશે.

**દુઃખ નિવૃત્તિના સદ્ઉપાય :-** (સુખ પ્રાપ્તિનો ઉપાય) :

(૧) સર્વ દુઃખોનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ 'મોક્ષ' છે અને તે જ 'પરમહિત' છે. વીતરાગ સન્માર્ગ તેનો સદ્ઉપાય છે, તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે.

સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યગ્ચારિત્રની એકત્રયતા તે 'મોક્ષમાર્ગ' છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમય તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી તે 'સમ્યગ્દર્શન' છે; તત્ત્વનો સમ્યક્બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વોનો અભ્યાસ થવો - પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી તે 'સમ્યક્ચારિત્ર' છે. શુદ્ધ આત્મસ્વરૂપ એવા વીતરાગ પદમાં સ્થિતિ થવી તે એ

ત્રણેની એકત્રતા છે. સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રભતિ' પ્રાપ્ત થાય છે. વીતરાગ માર્ગના એ સાચા નિમિત્ત છે.

જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથા ઉત્તમ હોય અને નિજ સ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ અને તે જ બળવાન છે.

(૨) દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ-દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક 'આત્મજ્ઞાન' સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાન કાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઈ શકે એમ નથી. સર્વજ્ઞાની પુરુષોને એમ ભાસ્યું છે, માટે તે **'આત્મજ્ઞાન'** જીવને પ્રયોજનભૂત છે.

તેનો સર્વ શ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઈચ્છતો હોય - સર્વથા દુઃખથી મુક્તપણું જેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારના મતમંતાતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓધસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે **સત્સંગ** જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી અને તે સત્સંગમાં નિરંતર સમય-સમય નિવાસ ઈચ્છવો, અસત્સંગપણું ક્ષણે-ક્ષણે વિપરિણામ વિચારવું એ શ્રેયરૂપ છે. બહુ-બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે. સ્વાનુભૂતિ એ જ સુખનો સાચો ઉપાય છે.

(૩) સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક 'આત્મજ્ઞાન' છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને અસત્સંગ તથા અસત્ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી; એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.

જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરત્વ હોય છે, તેમ તેમ જ્ઞાનીના વચનોનો વિચાર યથાયોગ્ય થઈ શકે છે. સર્વજ્ઞાનનું ફળ પણ 'આત્મસ્થિરતા' થવી એ જ છે, એમ વીતરાગી પુરુષોએ કહ્યું છે, જે અત્યંત સત્ય છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા....'

# નિર્મળતાર્થે સત્શ્રુત અને સત્સમાગમ

આત્મ સ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવાં યોગ્ય છે. સત્શ્રુત અને સત્ સમાગમ્. પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ કવચિત્ કવચિત્ જીવને પ્રાપ્ત થાય છે; પણ જો જીવ સદ્દષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે. જીવને તેવો સમાગમ-યોગ પ્રાપ્ત થાય એવો વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે; શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વ રસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એનું ફળ અલૌકિક છે, અમૃત છે.

## સત્શ્રુત

૧. શ્રી પાંડવપુરાણે પ્રદ્યુમ્નચરિત્ર
૨. શ્રી પદ્મનંદિ પંચર્વિશતિકા
૩. શ્રી રત્નકંડ શ્રાવણચાર
૪. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
૫. શ્રી યોગદષ્ટિ સમુચ્ચય
૬. શ્રી ક્ષપણાસાર
૭. શ્રી ત્રિલોકસાર
૮. શ્રી પ્રવચનસાર
૯. શ્રી પંચાસ્તિકાય
૧૦. શ્રી પરમાત્મા પ્રકાશ
૧૧. શ્રી પુરુષાર્થ સિદ્ધયુપાય
૧૨. શ્રી ગોમ્મટસાર
૧૩. શ્રી આત્માનુશાસન
૧૪. શ્રી કાર્તિકિયાનુપ્રેક્ષા
૧૫. શ્રી ક્રિયાકોષ
૧૬. શ્રી લબ્ધિસાર
૧૭. શ્રી તત્ત્વસાર
૧૮. શ્રી સમયસાર
૧૯. શ્રી અષ્ટપ્રાભૃત
૨૦. શ્રી રયણસાર આદિ અનેક છે.

શ્રીમદ્ રાજચંદ્રે અભ્યાસ અર્થે મુમુક્ષુઓને આ લીસ્ટ આપ્યું છે.

**'આત્માદિ અસ્તિત્ત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.'**

ચારે અનુયોગ - (૧) દ્રવ્યાનુયોગ (૨) પ્રથમાનુયોગ (૩) ચરણાનુયોગ (૪) કરણાનુયોગ.

આ ચારે અનુયોગનો અભ્યાસ કરવા જેવો છે. ચારે અનુયોગનું તાત્પર્ય ''વીતરાગતા'' છે.

## ॥ મૂળ મારગ ॥

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂળ.....
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવ દુઃખ મૂળ..... (૧)

કરી જોજો વચનની તુલના રે,
જોજો શોધીને જિન સિદ્ધાંત; મૂળ.....
માત્ર કહેવું પરમારથ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત; મૂળ..... (૨)

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ; મૂળ.....
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ..... (૩)

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ.....
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ..... (૪)

હવે જ્ઞાન દર્શનાદિની શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ; મૂળ.....
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ..... (૫)

છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ.....
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ..... (૬)

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ.....
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકિત. મૂળ..... (૭)

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ.....
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ..... (૮)

તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ.....
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ..... (૯)

એવા મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ; મૂળ.....
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે;
ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ..... (૧૦)

એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષમાર્ગનું શુદ્ધ સ્વરૂપ; મૂળ.....
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ..... (૧૧)

**વિશેષ સમર્થન :**

(૧) વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.

(૨) એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

(૩) ઊપજે મોહ-વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

(૪) સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે;
ખરેખર ચારિત્ર એ જ ધર્મ છે.

(૫) શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

**સમ્યગ્દર્શન પ્રગટ કરવાની સંપૂર્ણ પ્રક્રિયા :** (૧) પાત્રતા (૨) અભ્યાસ - સત્સંગ અને સ્વાધ્યાય (૩) યથાર્થ નિર્ણય (૪) ભેદજ્ઞાન (૫) સ્વાનુભૂતિ.

## યથાર્થ નિર્ણય

(૧) સનાતન વીતરાગ દિગંબર પરંપરા એ જ સત્યધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' તેનો સ્વીકાર.

(૨) એ મોક્ષમાર્ગના નિમિત્ત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે. 'સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' (માંગલિક).

(૩) સંપૂર્ણ જીવન **ધર્મમય** બનવું જોઈએ - સુખ માટે ધર્મ તો તેને જ કહેવાય જેવો વીતરાગ સ્વભાવ છે એવો વીતરાગ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય. જે ગુણો અનંત શક્તિરૂપે સ્વભાવમાં છે, તે જ પર્યાયમાં પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. જે આત્મા આવા ધર્મરૂપે પરિણમી જાય તેને પરમાત્મા કહેવાય છે.

(૪) આવા ધર્મની શરૂઆત માટે પ્રથમ શ્રદ્ધાનમાં એમ લેવાનું છે કે હવે આ ભવમાં બીજું કાંઈ કરવા જેવું નથી. માત્ર એક **'નિર્વિકલ્પ અનુભૂતિ'** જ કરવા જેવી છે. **અનુભૂતિ** એ જ **જૈનશાસન** છે. સુખનો આ જ ઉપાય છે.

(૫) આવી **નિર્વિકલ્પ દશા** પ્રગટ થાય તે પહેલા કયા **વિકલ્પ** હોય?

(૧) સંપૂર્ણ જીવન **જ્ઞાયકની** જ આરાધના

(૨) તે માટે આગમના અવલંબનથી તત્ત્વનો **યથાર્થ નિર્ણય :-** 'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું' અને જીવનના પ્રત્યેક સમયે **ભેદજ્ઞાન** 'હું સર્વથા સર્વથી ભિન્ન છું' આ પ્રયોગાત્મક પદ્ધતિ છે.

(૩) તે માટે નિયમિત **અભ્યાસનો** મહાવરો :- વીતરાગી પરમાગમોનો અભ્યાસ.. **સત્સંગ અને સ્વાધ્યાય.**

(૪) બાકીના સમયમાં **દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધના.**

(૫) સંપૂર્ણ જીવન સ્વભાવને અનુરૂપ **સંયમીત (મર્યાદીત)** અન્યાય, અનીતિ, અભક્ષ્યનો ત્યાગ... સપ્ત વ્યસન (જુગટું, માસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રી)નો ત્યાગ, કંદમૂળ અને રાત્રિ ભોજનનો ત્યાગ... આટલું જ બસ...

## ભેદજ્ઞાન

સર્વ પ્રવચનનો સાર ભેદવિજ્ઞાન છે.

ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે અને સમ્યગ્દર્શન ભેદવિજ્ઞાન દ્વારા થાય છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે તે તેના અભાવથી બંધાયા છે.

આ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પર ભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય.

શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી થાય છે.

જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્મા અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે.

શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે. માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.

જ્ઞાનથી ભેદજ્ઞાન થાય છે અને ભેદજ્ઞાનથી આત્મજ્ઞાન થાય છે.

# ભેદજ્ઞાન

## (૧)

જડ ને ચૈતન્ય બન્ને, દ્રવ્યનો સ્વભાવ ભિન્ન;
સુપ્રતીતપણે બન્ને, જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય, પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ, ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને, આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ, અંતનો ઉપાય છે.
દેહ જીવ એક રૂપે, ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ, તેથી તેમ થાય છે;
જીવની ઉત્પતિ અને, રોગ શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ, પદમાં જણાય છે;
એવો જે અનાદિ, એકરૂપનો મિથ્યાત્ત્વભાવ,
જ્ઞાનીના વચન વડે, દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો, પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ, રૂપે સ્થિત થાય છે.

## (૨)

'છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહિ ભોકતા તું તેહનો, એ જ ધર્મનો મર્મ,
એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,
અનંતદર્શન ' જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.'

# સ્વાનુભૂતિ

સ્વ એટલે આત્મા....

પોતાના આત્માનો અનુભવ એ જ સ્વાનુભૂતિ છે.

વર્તમાન જ્ઞાનની પર્યાય પરનો પક્ષ છોડી, નિજ ભગવાન આત્મા (જે દૃષ્ટિનો વિષય છે) તેનો પક્ષ લઈ, તેની રૂચી, પ્રતીતિ અને લક્ષ કરે છે અને તેમાં એકાગ્ર થાય છે તો પ્રતિ સમયે સમયે તે જ્ઞાનની પર્યાય શુદ્ધાત્માના આશ્રયથી શુદ્ધ થતી જાય છે અને જો આવી ભેદજ્ઞાનની ધારા બે ઘડી ધારાવાહી ચાલે તો તે જ્ઞાનની પર્યાય દક્ષ થઈ પૂર્ણ શુદ્ધ થઈ જાય છે અને એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા અપૂર્વ આનંદ સાથે જણાય છે. એને જ આત્માનો અનુભવ-સ્વાનુભૂતિ કહેવાય છે. એને જ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ છે સુખના પ્રથમ કણકાની ઝલક. સુખની શરૂઆત - ધર્મની શરૂઆત અહીંથી થાય છે.

આત્માનુભૂતિ એ જ જૈનશાસન છે.

**'વસ્તુ વિચારત ધ્યાવતૈં; મન પામે વિશ્રામ ।**
**રસ સ્વાદન સુખ ઊપજે; અનુભવ યાકો નામ ॥**

**'અનુભવ ચિંતામણિ રતન, અનુભવ છે રસકૂપ ।**
**અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ ॥**

## સમ્યગ્દર્શન પ્રગટ કરવાની સૂક્ષ્મવિધિ - બસ બે ઘડી !

આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુર્હૂત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર, કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

**વિશેષ :** અહીં કહે છે કે આ 'શરીરાદિ' મૂર્ત દ્રવ્યોનો એક મુર્હૂત પાડોશી થઈ આત્માનો અનુભવ કર. શરીરાદિ શબ્દ છે - એટલે બધા મૂર્તિક દ્રવ્ય... નો કર્મ તેમજ આઠ દ્રવ્ય કર્મ - આ છે સ્થૂળ ભેદજ્ઞાન. હવે સૂક્ષ્મ ભેદજ્ઞાનની વાત કરે છે.

દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ પુણ્યના પરિણામ પણ મૂર્ત છે. (પરના લક્ષે-પુદ્‌ગલના લક્ષે થતા બધા જ વિકારી ભાવ પણ મૂર્ત છે.)

આ બધા મૂર્ત દ્રવ્યોનો પાડોશી થા. (સ્વામી નહિ) એ તારામાં નથી અને તું એનામાં નથી. એક જ્ઞાયક સ્વભાવ તરફ ઝુકાવ કર ! તેથી તને રાગ અને શરીરાદિથી જુદો ચૈતન્ય ભગવાન દેખાશે. રાગ અને પુણ્યને તું વેદે છે એ તો અજીવનો અનુભવ છે. રાગમાં ચૈતન્ય જ્યોતિ નથી. એકવાર પ્રભુ ! તું રાગ અને શરીરાદિનું લક્ષ છોડી, અંતરમાં લક્ષ કર તેથી તને ભગવાન આત્મા જણાશે. આ અનુભવ તે સમ્યગ્દર્શન છે.

# આત્માના છ પદ

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યા છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :** 'આત્મા છે.'

જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપર પ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

**બીજું પદ :** 'આત્મા નિત્ય છે.'

ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટ પટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે. કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈપણ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી, કોઈપણ સંયોગી દ્રવ્યથી ચેતન સત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ :** 'આત્મા કર્તા છે.'

સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તો આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

**ચોથું પદ :** 'આત્મા ભોક્તા છે.'

જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિ સ્પર્શથી તે અગ્નિ સ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમ સ્પર્શનું ફળ જેમ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

**પાંચમું પદ :** 'મોક્ષ પદ છે.'

જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધ ભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છઠ્ઠું પદ :** 'તે મોક્ષનો ઉપાય છે.'

જો કદી કર્મ બંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યા એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારવામાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.

અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્ત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે, કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે. તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઈષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે.

જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમપુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે; અને ભાવિ કાળમાં પણ તેમજ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો સ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઈચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે; એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભકિતએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિમાત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આ આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !

**સારાંશ :-**

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે' અને 'નિવૃત્ત થઈ શકવાના સાધન છે.' એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને 'વિવેકજ્ઞાન' અથવા 'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ' ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે. જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સ્તુતિ

પતિત જન પાવની, સૂર સરિતા સમી,
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ;

જન્મજન્માંતરો, જાણતાં જોગીએ,
આત્મઅનુભવ વડે આજ દીધી..... હે ! પતિત.....

ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી..... હે ! પતિત.....

ચરોતર ભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી..... હે ! પતિત.....

ૐ

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરૂ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષ માર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્ગુરૂ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરૂ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્ગુરૂ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર. ૧૧

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિન સ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરૂ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્ગુરૂએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વછંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગથી, સ્વછંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વછંદ મત, આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરૂ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરૂ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરૂ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્‌મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઇ;
મહામોહિનીય કર્મથી, બુડે ભવજળ માંહિ. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થિ જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થિ તેહને, થાય ન આતમ લક્ષ;
તેહ મતાર્થિ લક્ષણો, અહીં કહ્યા નિર્પક્ષ. ૨૩

## મતાર્થિ લક્ષણ :

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરૂ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્ગુરૂયોગમાં, વર્તે દૃષ્ટિ વિમૂખ;
અસદ્ગુરૂને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને, સાધન રહીત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બુડે ભવ માંહિ. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદી કાજ;
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થિના, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થિના, આત્મ અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થિ લક્ષણ :

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું. તે સાચા ગુરૂ હોય;
બાકી કુળગુરૂ કલ્પના, આત્માર્થિ નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરૂ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્ત્તે આજ્ઞા ધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરૂ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરૂબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ. ૪૧

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરૂ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨

**ષટપદકથન :**

'આત્મા છે' તે 'નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

## (૧) શંકા-શિષ્ય ઉવાચ :

નથી દ્રષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઈંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહિં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિં કેમ ?;
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

## (૧) સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ :

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઈન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઈન્દ્રિયના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

## (૨) શંકા-શિષ્ય ઉવાચ :

આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણીક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

## (૨) સમાધાન-સદ્ગુરુ ઉવાચ :

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમેં ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદી તરતમ્યતા, સર્પાદિકની માંય;
પુર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદી વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં, ભળે તપાસ. ૭૦

## (૩) શંકા-શિષ્ય ઉવાચ :

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ, સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ કાં નહિ જાય. ૭૩

## (૩) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ;?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વર દોષ પ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

## (૪) શંકા-શિષ્ય ઉવાચ :

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શુ સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઇશ્વરપણું જ જાય. ૮૦

ઇશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય; ૮૧

## (૪) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફૂરણા ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહિં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદી જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તેજ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દુર. ૮૫

તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહિ સંક્ષેપે સાવ. ૮૬

## (૫) શંકા શિષ્ય-ઉવાચ :

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિ માંય;
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મ રહિત ન ક્યાય. ૮૮

## (૫) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંતસુખ ભોગ. ૯૧

## (૬) શંકા-શિષ્ય ઉવાચ :

હોય કદાપી મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજુ મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન-સદ્ગુરુ ઉવાચ :

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતિત એ રીત. ૯૭

કર્મ-ભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનિય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મ બંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમા શો સંદેહ ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્ પદનાં ષટ્ પ્રશ્ન તે, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરૂબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરૂલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત. ૧૧૧

વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;
કહીયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દુર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય. ૧૧૮

## શિષ્યબોધબીજ પ્રાપ્તિ કથન

સદ્‌ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણા સિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪

શું પ્રભુ ચરણ કને ધરૂં ? આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્ત્તુ ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ;
ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિં કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરૂ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છુટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીયે જ્ઞાનીદશા, બાકી કહીયે ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એંઠવત, અથવા સ્વપ્ન સમાન;
તે કહીયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

# પ્રસ્તાવના

૧ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના કર્તા શ્રીમદ્ રાજચંદ્રજી છે, તેઓએ નડિયાદ મુકામે સં. ૧૯૫૨માં તે રચ્યું હતું. પ્રાથમિક વિદ્યાર્થીઓને તત્ત્વ સમજવા માટે આ શાસ્ત્ર ઘણું ઉપયોગી છે; તેથી તેની ગાથાઓનો અન્વય-અર્થ તૈયાર કરી, આ શાસ્ત્ર સાથે આજે તે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨ જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ નહિ જાણતો હોવાથી સમયે સમયે તે અનંતદુઃખ ભોગવે છે. તે દુઃખ ટાળીને અનંત સુખ કેમ પ્રાપ્ત થાય તે આ શાસ્ત્રમાં બતાવ્યું છે. આ શાસ્ત્રમાં જે વિષયો લેવામાં આવ્યા છે તેમાંથી કેટલાક અહીં ટૂંકમાં બતાવવાની જરૂર છે.

## આત્માનું સ્વરૂપ

૩ આત્માનું સ્વરૂપ સમજ્યા વિના દુઃખ ટળે નહિ તેથી તે સમજાવવા માટે આત્માનું સ્વરૂપ નીચે પ્રમાણે જણાવ્યું છે-

૪ આત્મા કેવો છે? ૧. સત્, ૨. ચૈતન્યમય, ૩. સર્વાભાસરહિત, ૪. મોક્ષસ્વરૂપ, ૫. અનંતદર્શનજ્ઞાન, ૬. અવ્યાબાધ સ્વરૂપ, ૭. શુદ્ધ, ૮. બુદ્ધ, ૯. ચૈતન્યઘન, ૧૦. સ્વયંજ્યોતિ, ૧૧. સુખધામ, ૧૨. શુદ્ધચેતનારૂપ. ૧૩. અજર-અમર, ૧૪. અવિનાશી, ૧૫. દેહાતીતસ્વરૂપ, ૧૬. સિદ્ધસમ, ૧૭. પરથી ભિન્ન છે ૧૮. દ્રવ્યે નિત્ય પર્યાયે અનિત્ય, ૧૯. નિજ ભાવનો કર્તા, ભોક્તા આમ જે યથાર્થ સમજે તે સિદ્ધ થાય. (ગાથા ૪૩, ૬૮, ૧૦૧, ૧૧૭, ૧૨૦, ૧૨૭, ૧૩૫.)

## જીવે શું છોડવું અને શું ગ્રહણ કરવું ?

૫ આત્માનું સ્વરૂપ સમજવા માટે જીવે શું છોડવું અને શું ગ્રહણ કરવું તે સંબંધે આ શાસ્ત્રમાં શું કહ્યું છે તે હવે જણાવવામાં આવે છે.

૬ વસ્તુની મર્યાદા એવી છે કે એક દ્રવ્ય, તેના ગુણ કે તેનો કોઈ પર્યાય બીજા કોઈ દ્રવ્ય, ગુણ કે પર્યાયમાં પ્રવેશ પામી શકે નહિ. આ અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય છે. તેથી જીવને પરદ્રવ્યનું ગ્રહણ કે ત્યાગ કદી છે જ નહિ. શુદ્ધતાનું ગ્રહણ અને વિકારનો ત્યાગ જીવથી થઈ શકે છે, તેથી આ શાસ્ત્રમાં તેમ કરવાનું નીચે પ્રમાણે જણાવ્યું છે.

(૧) પોતાનો પક્ષ ત્યાગીને, શ્રીસદ્‌ગુરુ આત્મસ્વરૂપનો જે ઉપદેશ આપે તેની સાચી સમજણ ગ્રહણ કરવી. (ગાથા-૯.)

(૨) જીવે સ્વછંદ રોકવો-ત્યાગવો. (ગાથા-૧૫)

(૩) સ્વછંદ, મત, આગ્રહનો ત્યાગ કરવો અને શ્રી સદ્‌ગુરુના લક્ષે વર્તવું. (ગાથા-૧૭)

(૪) મતાર્થિ જીવ બાળવ્રત ગ્રહણ કરીને અભિમાન કરે છે પણ પરમાર્થને ગ્રહણ કરતા નથી; માટે આત્માર્થિ જીવે અજ્ઞાનનો ત્યાગ કરી પરમાર્થનું ગ્રહણ કરવું. (ગાથા-૨૮)

(૫) અજ્ઞાન, રાગ-દ્વેષથી નિવૃત્ત થવું તે જ મોક્ષના પંથનું ગ્રહણ છે. (ગાથા-૧૦૫)

(૬) મત અને દર્શન તણો આગ્રહ અને વિકલ્પ છોડવો અને અહીં કહેલા માર્ગને ગ્રહણ કરવો. (ગાથા ૧૦૫)

(૭) મત, દર્શનના આગ્રહનો ત્યાગ અને શ્રીસદ્‌ગુરૂના લક્ષે વર્તવાનું ફળ શુદ્ધ સમ્યક્‌ત્વ છે. (ગાથા-૧૦૫)

(૮) જે સમ્યક્‌ત્વને વર્દ્ધમાન કરે તેને મિથ્યાભાસ ટળે છે અને તેને ચારિત્ર પ્રગટે છે. તેનું ફળ વીતરાગપદવાસ છે. (ગાથા-૧૧૨)

(૯) અનાદિના વિભાવનો ત્યાગ સમ્યગ્જ્ઞાનના ગ્રહણથી થાય છે. (ગાથા ૧૧૪)

(૧૦) જે અજ્ઞાનને દૂર કરે (ત્યાગ કરે) તે નિજપદ નિજમાંથી પામે. (ગાથા-૧૧૯)

(૧૧) ગાથા-૪૩ માં કહેલા છ પદને વિસ્તારથી વિચારતાં સંશયનો ત્યાગ થાય છે. (ગાથા-૧૨૮)

**પ્રશ્ન :** જો એક દ્રવ્ય બીજા દ્રવ્યને ગ્રહણ કરી શકતુ નથી તો ગાથા ૮૨માં 'જીવ જડધૂપ (જડકર્મ) ગ્રહણ કરે' એમ કહ્યું છે તેનું કારણ શું?

**ઉત્તર :** જીવના ભાવકર્મ અને જડકર્મને કર્તા-કર્મ સંબંધ નથી પણ માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એટલું બતાવીને ભાવકર્મ ન કરવા-એમ સમજાવવા માટે તે ગાથા મૂકી છે; જીવ જડધૂપનું ગ્રહણ કરે-એમ ત્યાં ઉપચારથી કહ્યું છે, તે પરમાર્થ કથન નથી. જીવ અને જડકર્મ એકક્ષેત્રાવગાહ સંબંધે રહે છે એટલું જણાવવા તે ઉપચાર કરવામાં આવ્યો છે.

## સત્ય પુરુષાર્થ

૭ ભવસ્થિતિ, કાળલબ્ધિ આદિનાં બહાનાં કાઢવાથી આત્માર્થ છેદાય છે માટે તે બહાનાં છોડી દઈ સત્ય પુરુષાર્થ કરવો (ગાથા-૧૩૦)

## વ્યવહાર કરતાં કરતાં । નિશ્ચય થાય નહિ.

૮ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટશે એમ કેટલાક અજ્ઞાનીઓ માને છે પણ તે માન્યતા ખોટી છે - એમ બતાવવા માટે ગાથા-૧૩૨ માં કહ્યું છે કે નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે હોય છે. ગચ્છ-મતની કલ્પના તે સદ્ વ્યવહાર નથી-એમ ગાથા-૧૩૩ માં જણાવ્યું છે.

## ભક્તિ અને પુન્ય

૯ આ આખા શાસ્ત્રમાં કયાંય 'ભક્તિ શબ્દ વપરાયો નથી; ભક્તિ બે પ્રકારની છે-(૧) નિશ્ચયભક્તિ અને (૨) વ્યવહારભક્તિ. આ બંને ભક્તિ સમ્યગ્દષ્ટિને હોય છે. આત્માનું તથા સત્દેવ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રનું સાચું સ્વરૂપ બરાબર ન સમજે તેને સાચી ભક્તિ હોય નહિ-એમ બતાવવા "**સમજ્યા વણ ઉપકાર શો?**" એ પદથી જણાવ્યું છે (ગાથા-૧૨) અજ્ઞાનીને ભક્તિ-આભાસ (બાળભક્તિ) હોય છે. વ્યવહાર ભક્તિ તે પુન્ય શુભભાવ છે. શુભભાવ તે ધર્મ નથી પણ તેનો છેદ અને શુદ્ધતા તે ધર્મ છે એમ ગાથા ૯૦ માં જણાવ્યું છે.

## વિનય

૧૦ વિનયના બે પ્રકાર છે - ૧. વીતરાગી વિનય અને ૨. સમ્યગ્દષ્ટિનો સરાગવિનય. ગાથા-૧૯ માં પહેલા પ્રકારનો વિનય જણાવ્યો છે, આ વિનયમાં વંદ્ય-વંદકભાવ હોતો નથી. બીજા પ્રકારનો વિનય ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે, ત્યારપછી હોતો નથી; કેમકે સાતમા ગુણસ્થાને કે તેથી ઉપરની દશામાં વંદ્ય-વંદકભાવ હોતો નથી. અજ્ઞાનીને એકે પ્રકારનો સાચો વિનય હોતો નથી પણ વિનયાભાસ (બાળવિનય) હોઈ શકે છે.

## સ્વાધ્યાય કરનારાઓને ભલામણ

૧૧ ઉપરના તથા બીજા વિષયો જે આ શાસ્ત્રમાં આવે છે તેનો ભાવ બરાબર સમજીને સ્વાધ્યાય કરવો. જો તેમ કરવામાં ન આવે અને માત્ર શબ્દો જ બોલી જવામાં આવે તો આત્માને ધર્મનો લાભ મળી શકશે નહિ - એ ખાસ લક્ષમાં રાખી સાચા ધર્મનો લાભ થાય તેવી રીતે આ શાસ્ત્રનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.

ॐ

श्री सर्वज्ञवीतरागाय नम :

श्री सद्‌गुरुदेवाय नम :

# આત્મસિદ્ધિશાસ્ત્ર

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત. ૧**

**અન્વયાર્થ :-** ✻[**જે**] જે [**સ્વરૂપ**] પોતાના આત્માનો સ્વભાવ છે [**સમજ્યા વિના**] તે સમજ્યા વગર [**દુ:ખ અનંત**] મેં પાર વિનાનું દુ:ખ [**પામ્યો**] ભોગવ્યું [**તે પદ**] તે આત્માની [**સમજાવ્યું**] સમજણ જેણે આપી એવા [**શ્રી સદ્‌ગુરૂ**] આત્મલક્ષ્મીવંત જ્ઞાની ગુરુ [**ભગવંત**] ભગવાનને હું [**નમું**] નમસ્કાર કરું છું. ૧

**વર્તમાન આ કાળમાં, મોક્ષ માર્ગ બહુ લોપ,**
**વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨**

**અન્વયાર્થ :** [**આ**] આ [**વર્તમાન**] ચાલુ [**કાળમાં**] કાળમાં [**મોક્ષમાર્ગ**] આત્માની પવિત્રતાનો માર્ગ [**બહુ લોપ**] ઘણો ઢંકાઈ ગયો છે તેથી [**આત્મર્થિને**] આત્માના ખપી જીવને [**વિચારવા**] વિચાર કરવા [**અત્ર**] અહીં [**અગોપ્ય**] પ્રગટ [**ભાખ્યો**] કહ્યો છે. ૨

**કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ. ૩**

**અન્વયાર્થ :-** [**કોઈ**] કેટલાક જીવો [**ક્રિયા**] શરીરની અને પુણ્યની ક્રિયામાં જ [**જડ**] જડ જેવા થઈ રહ્યા છે અને [**કોઈ**] કેટલાક [**શુષ્ક**] કોરી (લુખી) [**જ્ઞાનમાં**] જ્ઞાનની વાતો ને [**થઈ રહ્યા**] વળગી રહ્યા છે અને તેને [**મારગ મોક્ષનો**] પવિત્ર થવાનો માર્ગ [**માને**] માને છે, તે [**જોઈ**] જોઈને જ્ઞાનીઓને [**કરુણા**] દયા [**ઉપજે**] આવે છે. ૩

**બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઇ.**
**જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ. ૪**

**અન્વયાર્થ :-** જેઓ [**બાહ્ય ક્રિયામાં**] શરીર અને પુણ્યની ક્રિયામાં જ [**રાચતા**] રાજી થયા છે અને [**અંતરભેદ**] જ્ઞાન અને વિકાર વચ્ચેનો તફાવત [**ન કાંઇ**] જાણતા નથી અને [**જ્ઞાનમાર્ગ**] આત્મજ્ઞાનના માર્ગનો [**નિષેધતા**] જોરથી નકાર કરે છે [**તેહ**] તેવા જીવોને [**આંહી**] શાસ્ત્રમાં [**ક્રિયાજડ**] "ક્રિયાજડ" કહ્યા છે. ૪

---

✻ આવા કૌંસમાં આપેલા શબ્દો મુળ ગાથાના છે.

**બંધમોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ,**
**વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ. ૫**

**અન્વયાર્થ :-** [**બંધ**] બંધન અને [**મોક્ષ**] મુક્તિ [**કલ્પના છે**] સ્વભાવમાં નથી એમ માત્ર [**વાણીમાંહિ**] વચનોમાં [**ભાખે**] કહ્યા કરે છે; પણ [**મોહાવેશમાં**] સ્વરૂપની અણસમજણમાં [**વર્તે**] વર્તે છે, તેને [**શુષ્કજ્ઞાની**] "શુષ્કજ્ઞાની" લુખા જ્ઞાની [**તે આંહિ**] શાસ્ત્રમાં કહ્યા છે. ૫

**વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,**
**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬**

**અન્વયાર્થ :-** [**વૈરાગ્યાદિ**] રાગનો ઘટાડો-ત્યાગ વગેરે [**જો**] જો [**સહ**] સાથે [**આતમજ્ઞાન**] આત્માની સાચી ઓળખ હોય [**તે**] તો જ [**સફળ**] સાચાં ફળ આપનાર છે [**તેમજ**] તેમજ [**આતમજ્ઞાનની**] આત્માના સાચા જ્ઞાનને [**પ્રાપ્તિ તણાં નિદાન**] સમજવાના હેતુ માટે હોય તો [**સફળ**] ધર્મનું ફળ આપનાર છે. ૬

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭**

**અન્વયાર્થ :-** [**ત્યાગ**] ત્યાગ અને [**વિરાગ**] રાગનો ઘટાડો [**ચિત્તમાં**] જેના મનમાં=વિચારમાં [**ન**] ન હોય [**તેને**] તેને [**જ્ઞાન**] આત્માનું ભાન [**થાય ન**] ન થાય અને જો [**ત્યાગ**] ત્યાગ અને [**વિરાગમાં**] રાગમાં ઘટાડામાં [**અટકે**] જીવ રોકાઈ જાય [**તો**] તો [**નિજભાન**] પોતાનું ભાન [**ભુલે**] ભૂલી જાય. ૭

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮**

**અન્વયાર્થ :-** [**જે જે**] આત્મજ્ઞાન, ત્યાગ અને વૈરાગ્ય વગેરે [**જ્યાં જ્યાં**] જે જે ઠેકાણે [**યોગ્ય છે**] જેવી રીતે જ્ઞાનીઓએ કહ્યું છે [**તહાં**] તેવી રીતે [**તેહ**] તેમને [**સમજવું**] સમજે અને [**ત્યાં ત્યાં**] તે તે ઠેકાણે [**તે તે**] તમને [**આચરે**] યોગ્યતા પ્રમાણે આચરે [**એહ**] એ [**જન**] જીવ [**આત્માર્થી**] આત્માનો ખપી છે. ૮

**સેવે સદ્ગુરૂ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯**

**અન્વયાર્થ :-** [**નિજપક્ષ**] પોતાની ખોટી પકડને [**ત્યાગી દઈ**] છોડી દઈ જે જીવ [**સદ્‌ગુરૂ**] આત્મજ્ઞાની ગુરૂએ [**ચરણને**] પ્રરૂપેલા ન્યાયને [**સેવે**] સમજે [**તે**] તે [**પરમાર્થને**] આત્મકલ્યાણને [**પામે**] પામે અને [**નિજપદને**] પોતાના આત્મસ્વરૂપનું [**લક્ષ**] જ્ઞાન [**લે**] મેળવે. ૯

**આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,**
**અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ્ય. ૧૦**

**અન્વયાર્થ :-** [**આત્મજ્ઞાન**] આત્મધર્મનું સાચું જ્ઞાન, [**સમદર્શિતા**] પરથી લાભ-નુકસાન ન માનવાની સમતા, [**વિચરે ઉદય પ્રયોગ**] વિચરવા આદિની શરીરની ક્રિયા ઉદય પ્રમાણે થાય છે અર્થાત્ જીવ તે કરી શકતો નથી એમ જાણે છે. [**અપૂર્વવાણી**] જેની વાણી પૂર્વ, કદી નહીં સાંભળેલા એવા ન્યાયોથી ભરેલી છે, જેને [**પરમશ્રુત**] ઊંચું શ્રુતજ્ઞાન (પ્રયોજન ભૂતજ્ઞાન) છે; તે [**સદ્‌ગુરુ**] સદ્‌ગુરુનાં [**યોગ્ય**] યોગ્ય [**લક્ષણ**] લક્ષણ છે. ૧૦

**પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર,**
**એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર. ૧૧**

**અન્વયાર્થ :-** [**પ્રત્યક્ષ સદ્‌ગુરુ**] સાક્ષાત્ સદ્‌ગુરુના [**ઉપકાર**] ઉપકાર [**સમ**] જેવો [**પરોક્ષજિન**] હાજર નહિ તેવા જિન ભગવાનનો [**નહીં**] ઉપકાર નથી [**એવો લક્ષ**] એવું લક્ષ [**થયા વિના**] થયા વિના [**આત્મવિચાર**] પોતાના સ્વરૂપનો વિચાર [**ઊગે ન**] ઉત્પન્ન થતો નથી. ૧૧

**સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,**
**સમજ્યાવણ ઉપકાર શો ? સમજ્યે જિન સ્વરૂપ. ૧૨**

**અન્વયાર્થ :-** [**જિનરૂપ**] જિનેશ્વર ભગવાનનું સાચું સ્વરૂપ [**સદ્‌ગુરુના**] આત્મજ્ઞાની ગુરુના [**ઉપદેશ વણ**] ઉપદેશ વિના [**સમજાયં**] સમજાતું [**ન**] નથી અને [**સમજ્યા વણ**] સમજ્યા વગર [**ઉપકાર**] લાભ [**શો**] શો ? એટલે કે લાભ થતો નથી. [**સમજ્યે**] જો જીવ સમજે [**જિન સ્વરૂપ**] તો પોતે જ અજ્ઞાન-રાગદ્વેષને જીતનાર જિન સ્વરૂપ પ્રગટ કરે છે. ૧૨

**આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩**

**અન્વયાર્થ :-** [**આત્મા**] જીવ [**આદિ**] અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું [**અસ્તિત્વનાં**] જેવું સ્વરૂપ છે તેવું [**નિરૂપક**] કહેનારાં [**જેહ શાસ્ત્ર**] જે શાસ્ત્રો છે તે [**પ્રત્યક્ષ**] હાજરાહજૂર [**સદ્‌ગુરુ**] સદ્‌ગુરુનો [**યોગ**] મેળાપ [**નહિ**] ન હોય [**ત્યાં**] ત્યારે [**સુપાત્ર**] લાયક જીવને [**આધાર**] આધારરૂપ છે. ૧૩

**અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,**
**તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા તો [**જે**] જે [**સદ્‌ગુરુએ**] સદ્‌ગુરુ ભગવાને [**અવગાહન**] ઊંડા વિચારવા [**કાજ**] માટે [**કહ્યાં**] આજ્ઞા કરી હોય [**તે તે**] તે તે શાસ્ત્રો [**મતાંતર**] પોતાનો જૂનો આગ્રહ [**કરી ત્યાજ**] છોડીને [**નિત્ય**] હંમેશાં [**વિચારવાં**] આત્માને અર્થે વિચારવાં. ૧૪

**રોકે જીવ સ્વછંદ તો, પામે અવશ્ય મોક્ષ,**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫**

**અન્વયાર્થ :-** [**જીવ**] જો જીવ [**સ્વચ્છંદ**] પોતાનો છાંદો (ઊંધી માન્યતા) [**રોકે**] ટાળે [**તો**] તો [**અવશ્ય**] ચોક્કસ [**મોક્ષ**] પોતાની પૂર્ણ પવિત્રતા [**પામે**] પ્રગટ કરે [**એમ**] એ રીતે [**અનંત**] અનંત જીવોએ [**પામ્યા છે**] પૂર્ણ પવિત્રતા પ્રગટ કરી છે એવું [**નિર્દોષ**] દોષ વિનાના [**જિન**] અજ્ઞાન અને રાગદ્વેષ ટાળનારા જિન ભગવાને [**ભાખ્યું**] કહ્યું છે. ૧૫

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વછંદ તે રોકાય,**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬**

**અન્વયાર્થ :-** [**પ્રત્યક્ષ**] સાક્ષાત્ [**સદ્‌ગુરુ**] સદ્‌ગુરુના [**યોગથી**] ઉપદેશને ગ્રહણ કરવાથી [**તે**] તે [**સ્વચ્છંદ**] પોતાની ઊંધી માન્યતા મિથ્યાત્વ [**રોકાય**] ટળે છે [**અન્ય**] બીજા [**ઉપાય**] ઈલાજ (સાધન) [**કર્યા થકી**] કરવાથી [**પ્રાયે**] ઘણું કરીને [**બમણો થાય**] બમણી થાય છે. ૧૬

**સ્વછંદ મત, આગ્રહ તજી, વર્ત્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭**

**અન્વયાર્થ :-** [**સ્વચ્છંદ**] પોતાની ઊંધી માન્યતા, [**મત**] પોતાનું ઊંધું જ્ઞાન અને [**આગ્રહ**] તેની પક્કડ [**તજી**] છોડી દઈને [**સદ્‌ગુરુ**] સદ્‌ગુરુએ [**લક્ષ**] સમજાવેલા આત્મજ્ઞાનને

[**વર્તે**] અનુસરે [**તેને**] તેને [**પ્રત્યક્ષ**] સીધું [**કારણ**] કારણ [**ગણી**] ગણીને [**સમકિત**] સમ્યકૃત્વ (સાચી માન્યતા) [**ભાખિયું**] જ્ઞાનીઓએ કહ્યું છે. ૧૭

**માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,**
**જાતાં સદ્‌ગુરૂ શરણમાં,અલ્પ પ્રયાસે જાય. ૧૮**

**અન્વયાર્થ :-** [**માન**] માન=પરનું હું કરી શકું એવું અભિમાન [**આદિક**] પોતાના સ્વરૂપની અરુચિ વગેરે જીવના [**મહા**] મોટા [**શત્રુ**] શત્રુ છે, તે [**નિજ**] પોતાની [**છંદે**] ઊંધી માન્યતા વડે [**ન મરાય**] નાશ થતા નથી પણ [**સદ્‌ગુરુ**] જ્ઞાની પુરુષે [**શરણમાં**] સમજાવેલા જ્ઞાનના શરણમાં [**જાતાં**] જતાં [**અલ્પ**] સહજ [**પ્રયાસે**] પુરુષાર્થથી [**જાય**] ટળે છે. ૧૮

**જે સદ્‌ગુરૂ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,**
**ગુરુ રહ્યા છદ્‌મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯**

**અન્વયાર્થ :-** [**જે**] જે જીવ [**સદ્‌ગુરુ**] સદ્‌ગુરુના [**ઉપદેશથી**] ઉપદેશથી [**કેવળજ્ઞાન**] પૂર્ણજ્ઞાન [**પામ્યો**] પામ્યા અને [**ગુરુ**] ગુરુ [**છદ્મસ્થ**] અપૂર્ણ જ્ઞાનમાં [**રહ્યા**] રહ્યા [**પણ**] તો પણ [**ભગવાન**] કેવળજ્ઞાની ભગવાન [**વિનય**] વીતરાગી વિનય [**કરે છે**] કરે છે, અર્થાત્ પૂર્વ એ તેમના ગુરુ હતા અને તેમનાથી પોતે ધર્મ પામ્યા છે. એમ તેઓ જાણે છે. ૧૯

**એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,**
**મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦**

**અન્વયાર્થ :-** [**એવો**] આવો [**માર્ગ**] માર્ગ [**વિનય**] સાચા જ્ઞાન [**તણો**] નો છે એમ [**શ્રી વીતરાગ**] શ્રી વીતરાગે [**ભાખ્યો**] કહ્યું છે. [**એ**] એ [**માર્ગનો**] માર્ગનું [**મૂળ હેતુ**] મૂળ કારણ [**કોઈ**] જે જે [**સુભાગ્ય**] સાચો પુરુષાર્થ કરે તે તે [**સમજે**] સમજે છે. ૨૦

**અસદ્‌ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઇ,**
**મહામોહિની કર્મથી, બુડે ભવજળ માંહિ. ૨૧**

**અન્વયાર્થ :-** [**અસદ્‌ગુરુ**] ખોટા ગુરુ શિષ્યાદિ પાસે [**એ વિનયનો**] ભગવાને કહેલા વિનયનો [**લાભ લહે જો કાંઇ**] જો કાંઈ પણ ગેર લાભ લે અર્થાત્ પોતામાં સદ્‌ગુરુપણું સ્થાપે તો [**મહા મોહિની**] આકરા મિથ્યાત્વરૂપી [**કર્મથી**] પોતાના કાર્ય વડે [**ભવજળ**] સંસારના ભવરૂપી દરિયા [**માંહિ**] માં [**બૂડે**] ડૂબી જાય અર્થાત્ અનંત કાળનું નિગોદપણું પામે. ૨૧

**હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,**
**હોય મતાર્થિ જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨**

**અન્વયાર્થ :-** [**જીવ**] જે જીવ [**મુમુક્ષુ**] મુક્તિનો સાચો કામી [**હોય**] છે [**તે**] તે [**એહ**] આ [**વિચાર**] વિચાર [**સમજે**] બરાબર સમજે છે અને [**જીવ**] જે જીવ [**મતાર્થી**] પોતાની ઊંધાઈને પકડી રાખનારો [**હોય**] છે [**તે**] તે [**અવળો**] ઊંધો [**નિર્ધાર**] નિર્ણય [**લે**] કરે છે. ૨૨

**હોય મતાર્થિ તેહને, થાય ન આતમલક્ષ,**
**તેહ મતાર્થિ લક્ષણો, અહીં કહ્યા નિર્પક્ષ. ૨૩**

**અન્વયાર્થ :-** જે [**મતાર્થી**] મતાર્થી [**હોય**] છે [**તેહને**] તને [**આતમલક્ષ**] આત્માનું જ્ઞાન [**થાય**] થતું [**ન**] નથી, [**તેહ**] તે [**મતાર્થી**] ઊંધી પકડવાળા જીવોને [**લક્ષણો**] ઓળખવાનાં ચિહ્નો [**અહીં**] અહીંયા [**નિર્પક્ષ**] કોઈનો પક્ષ ખેંચ્યા વગર [**કહ્યાં**] કહેવામાં આવે છે. ૨૩

**મતાર્થિ લક્ષણ :-**

**બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરૂ સત્ય,**
**અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાં જ મમત્વ. ૨૪**

**અન્વયાર્થ :-** જેને [**બાહ્યત્યાગ**] બહારનો (સંયોગોનો) ત્યાગ છે [**પણ**] પણ [**જ્ઞાન**] આત્માનું સાચું જ્ઞાન [**નહીં**] નથી, તેવાને [**તે**] તેઓ [**સત્ય**] સાચા [**ગુરુ**] ગુરુ [**માને**] માને છે [**અથવા**] અથવા [**નિજ**] પોતાના [**કુળ**] બાપ દાદાએ માનેલા [**ધર્મના**] ધર્મના [**ગુરુમાં જ**] ગુરુમાં જ [**તે**] તેઓ [**મમત્વ**] મારાપણું કરે છે. ૨૪

**જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ,**
**વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજ બુદ્ધિ. ૨૫**

**અન્વયાર્થ :-** [**જે**] જે [**જિન**] જિનેશ્વર ભગવાનના [**દેહ**] શરીરના [**પ્રમાણ**] માપ (ઊંચાઈ વગેરે ને) [**ને**] અને [**સમવસરણ**] ધર્મ સભા [**આદિ**] વગેરે [**સિદ્ધિ**] પુણ્યના ઠાઠને [**જિનનું**] વીતરાગદેવનું [**વર્ણન**] સ્વરૂપ [**સમજે**] સમજે છે તે [**નિજ બુદ્ધિ**] પોતાના જ્ઞાનને તેમાં [**રોકી રહે**] રોકી રાખે છે, અર્થાત્ વીતરાગના સાચા સ્વરૂપને સમજવા પોતાની બુદ્ધિને લઈ જતા નથી. ૨૫

**પ્રત્યક્ષ સદ્ગુરૂયોગમાં, વર્તે દૃષ્ટિ વિમૂખ,**
**અસદ્ગુરૂને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬**

**અન્વયાર્થ :-** [**પ્રત્યક્ષ**] સાક્ષાત્ [**સદ્ગુરુ**] સદ્ગુરુના [**યોગમાં**] મેળાપ વખતે [**દૃષ્ટિ**] પોતાની દૃષ્ટિ [**વિમુખ**] તેમનાથી તદ્દન વિરોધવાળી [**વર્તે**] રાખે છે અને [**મુખ્ય**] મુખ્યપણે [**નિજ**] પોતાની [**માનાર્થે**] મોટાઈ વધારવા માટે [**અસદ્દગુરુને**] અજ્ઞાની ગુરુને [**દૃઢ**] જોરથી [**કરે**] સ્થાપન કરે છે. ૨૬

**દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,**
**માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭**

**અન્વયાર્થ :-** [**દેવ**] દેવ, [**આદિ**] મનુષ્ય, નારકી તિર્યંચની [**ગતિ**] ગતિના [**ભંગમાં**] ભેદો જાણવા તેને [**જે**] જે [**શ્રુતજ્ઞાન**] શ્રુતજ્ઞાન અર્થાત્ પ્રયોજનભૂત જ્ઞાન [**સમજે**] સમજે છે તથા [**નિજ**] પોતાના [**મત**] વાડાના [**વેષનો**] વેષની [**આગ્રહ**] ખોટી પક્કડને [**મુક્તિ**] મોક્ષનું [**નિદાન**] કારણ [**માને**] માને છે. ૨૭

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિકમાન.૨૮**

**અન્વયાર્થ :-** [**વૃત્તિનું**] પોતાની વર્તમાન દશાનું [**સ્વરૂપ**] ભાન [**લહ્યું ન**] નથી અને [**લૈકિક**] લોકમાં [**માન લેવા**] મોટા થવા માટે [**વ્રત**] 'હું વ્રતધારી છું' એવું [**અભિમાન**] અભિમાન [**ગ્રહ્યું**] ધારણ કરે છે, તે [**પરમાર્થને**] આત્માના સાચા સ્વરૂપને [**ગ્રહે**] ગ્રહણ કરતો [**નહીં**] નથી. ૨૮

**અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,**
**લોપે સદ્વ્યવહારને, સાધન રહીત થાય. ૨૯**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા [**નિશ્ચયનય**] 'હું ત્રિકાળી શુદ્ધ છું' એવું [**માત્ર**] ફક્ત [**શબ્દની માંય**] શબ્દોમાં [**ગ્રહે**] કંથન કર્યા કરે છે અને [**સદ્ વ્યવહારને**] સાચા પુરુષાર્થને [**લોપે**] ઉથાપે છે અર્થાત્ સમજણપૂર્વક રાગદ્વેષ ઘટાડતો નથી, તે [**સાધન**] સાધન [**રહિત**] વગરનો [**થાય**] થાય છે. ૨૯

**જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ,**
**પામે તેનો સંગ જે , તે બુડે ભવમાંહિ. ૩૦**

**અન્વયાર્થ :-** તેવા જીવો [**જ્ઞાનદશા**] સાચી સમજણ [**પામે**] પામતા [**નહીં**] નથી, તેમજ [**સાધનદશા**] સાચી સમજણના ઉપાય [**ન કાંઈ**] કાંઈ કરતા નથી; અને [**તેનો**] તેનો [**જે**] જે જીવ [**સંગ**] સંગ [**પામે**] પામે છે [**તે**] તેઓ બન્ને [**ભવમાંહિ**] અનંત સંસાર [**બૂડે**] વધારે છે. ૩૦

**એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદી કાજ,**
**પામે નહિ પરમાર્થને, અન અધિકારીમાંજ. ૩૧**

**અન્વયાર્થ :-** [**એ પણ**] વળી તે [**જીવ**] જીવો [**મતાર્થમાં**] ઊંધા જ્ઞાનમાં [**નિજ**] પોતાના [**માનાદિ**] માન વગેરે [**કાજ**] માટે અટક્યા છે. જેથી તેઓ [**પરમાર્થ ને**] આત્માના સાચા સ્વરૂપને [**પામે**] પામતા [**નહીં**] નથી; તેઓ [**અન્ અધિકારમાં જ**] ધર્મ માટે અપાત્ર છેં. ૩૧

**નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય,**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨**

**અન્વયાર્થ :-** જેઓ [**કષાય**] મિથ્યાત્વ અને રાગદ્વેષ [**ઉપશાંતતા**] ઠારતા [**નહીં**] નથી, [**અંતર**] જેના અંતરમાં [**વૈરાગ્ય**] ઉદાસીનતા [**નહિં**] નથી, [**સરળપણું**] સરળપણું અને [**મધ્યસ્થતા**] પક્ષપાત રહિતપણું [**ન**] નથી, - [**એ**] એ લક્ષણો [**મતાર્થી**] આગ્રહીની [**દુર્ભાગ્ય**] માઠી દશા સૂચવે છે. ૩૨

**લક્ષણ કહ્યાં મતાર્થિના, મતાર્થ જાવા કાજ,**
**હવે કહું આત્માર્થિના, આત્મઅર્થ સુખસાજ. ૩૩**

**અન્વયાર્થ :-** [**મતાર્થ**] ઊંધા જ્ઞાનની પક્કડ [**જાવા**] છોડવા [**કાજ**] માટે [**મતાર્થીનાં**] મતાર્થીપણું [**લક્ષણ**] ઓળખવાની નિશાનીઓ [**કહ્યાં**] કહી. [**હવે**] હવે [**સુખસાજ**] સુખ સ્વરૂપ [**આત્મ-અર્થ**] આત્માના લાભ માટે [**આત્માર્થી નાં**] આત્માર્થી નાં લક્ષણ [**કહું**] કહેવામાં આવે છે. ૩૩

**આત્માર્થિ લક્ષણ :-**

**આત્મજ્ઞાન ત્યાં મુનિપણું. તે સાચા ગુરૂ હોય,**
**બાકી કુળગુરૂ કલ્પના, આત્માર્થિ નહિ જોય. ૩૪**

**અન્વયાર્થ :-** જ્યાં [**આત્મજ્ઞાન**] આત્માનું સાચું ભાન હોય [**ત્યાં**] ત્યાં જ [**મુનિપણું**] સાચી મુનિ દશા હોય અને [**તે**] તે જ [**સાચા**] સાચા [**ગુરુ**] ગુરુ [**હોય**] હોઈ શકે, [**બાકી**] બીજા [**કુળગુરુ**] બાપદાદાના કુળમાં મનાતા ગુરુ [**કલ્પના**] કલ્પિત જ છે, તેવાને [**આત્માર્થી**] આત્માના ખપી જીવ [**નહીં જોય**] સાચા ગુરુ માનતા નથી. ૩૪

**પ્રત્યક્ષ સદ્‌ગુરૂપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી, વર્ત્તે આજ્ઞાધાર. ૩૫**

**અન્વયાર્થ :-** [**પ્રત્યક્ષ**] સાક્ષાત્ [**સદ્‌ગુરુ**] આત્મજ્ઞાની ગુરુ [**પ્રાપ્તિનો**] મળ્યાનો તે (આત્માર્થી) [**પરમ**] મોટામાં મોટો [**ઉપકાર**] ઉપકાર [**ગણે**] માને છે અને તેં [**ત્રણે યોગ**] વિચાર, વાણી અને ચેષ્ટાના ભાવો [**એકત્વથી**] તેમના જ તરફ વાળીને [**આજ્ઞાધાર**] સદ્‌ગુરુએ આપેલા સાચા જ્ઞાનના આધારે [**વર્તે**] વર્તે છે. ૩૫

**એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬**

**અન્વયાર્થ :-** [**ત્રણ કાળમાં**] ગયો, ચાલતો અને આવતો એમ ત્રણે કાળમાં [**પરમારથનો**] આત્માના સાચા જ્ઞાનનો [**પંથ**] માર્ગ [**એક**] એક જ [**હોય**] હોય છે [**તે**] તેવા [**પરમાર્થને**] આત્માના શુદ્ધ સ્વભાવની [**પ્રેરે**] પ્રાપ્તી થાય [**તે**] તે [**વ્યવહાર**] પુરુષાર્થરૂપ વ્યવહારને [**સમંત**] સારી પેઠે જાણી લેવો જોઈએ અર્થાત્ તે પુરુષાર્થને વ્યવહાર માનવો જોઈએ. ૩૬

**એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરૂયોગ.**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭**

**અન્વયાર્થ :-** [**એમ**] આ પ્રમાણે [**અંતરે**] અંતરમાં [**વિચારી**] વિચાર કરી [**સદ્‌ગુરુયોગ**] સદ્‌ગુરુના મેળાપને [**શોધે**] શોધે અર્થાત્ ભાવના કરે અને [**એક**] એક [**આત્માર્થનું**] આત્માની શુદ્ધતા મેળવવાનું [**કામ**] કાર્ય તે કરે છે, [**મન**] મનમાં તેને [**બીજો**] બીજી [**રોગ**] ઈચ્છા [**નહીં**] હોતી નથી. ૩૭

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮**

**અન્વયાર્થ :-** જે જીવો [**કષાયની**] મિથ્યાત્વ અને તેની સાથેના રાગદ્વેષને [**ઉપશાંતતા**] ઠારે છે અને જેમને [**માત્ર**] ફક્ત [**મોક્ષ**] પવિત્રતાની [**અભિલાષ**] રુચિ છે જેમને [**ભવે**] ભવનો [**ખેદ**] ખેદ હોય છે અર્થાત્ જેઓ ભવ ટાળવા મથે છે અને [**પ્રાણી**] પોતાના તથા પર જીવ પ્રત્યે જેમને [**દયા**] કરુણા હોય છે [**ત્યાં**] તેવા જીવોમાં [**આત્માર્થ**] આત્માના કલ્યાણનો [**નિવાસ**] વાસ હોય છે. ૩૮

**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ્ય,**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯**

**અન્વયાર્થ :-** [**જ્યાં સુધી**] જ્યાં સુધી [**એવી**] આવી [**દશા**] દશા [**જીવ**] આત્મા [**ન**] ન પામે અને [**જોગ્ય**] પાત્રતા વડે [**લહે નહિ**] પ્રગટ કરે નહિ ત્યાં સુધી [**મોક્ષમાર્ગ**] સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થાત્ આત્માની પવિત્રતાનો માર્ગ [**પામે**] પામતો [**નહીં**] નથી તેથી [**અંતર**] તેના આત્મામાંથી [**રોગ**] અજ્ઞાનરૂપ વિકાર [**મટે**] મટતો [**ન**] નથી. ૩૯

**આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય,**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦**

**અન્વયાર્થ :-** [**જ્યાં**] જ્યારે [**એવી દશા**] પાત્રતાની દશા [**આવે**] જીવ પ્રગટ કરે છે ત્યારે [**સદ્ગુરુબોધ**] આત્મજ્ઞાની ગુરુનો બોધ [**સુહાય**] શોભા પામે છે [**ત્યાં**] ત્યાં અર્થાત્ પરિણમે છે [**તે**] અને તે [**બોધે**] બોધ દ્વારા [**સુવિચારણા**] જે સાચી વિચારદશા [**પ્રગટે**] પ્રગટે છે તે [**સુખદાય**] સુખ દેનારી છે. ૪૦

**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,**
**જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ. ૪૧**

**અન્વયાર્થ :-** [**જ્યાં**] જ્યારે તે [**સુવિચારણા**] સાચી વિચારદશા (ઇહા) [**પ્રગટે**] પ્રગટે છે [**ત્યાં**] ત્યારે [**નિજ**] પોતાનું [**જ્ઞાન**] જ્ઞાન (સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાન) [**પ્રગટે**] પ્રગટ થાય છે અને [**જે**] તે [**જ્ઞાને**] જ્ઞાન વડે [**મોહ**] મોહનો [**ક્ષય**] નાશ [**થઇ**] થઈ [**નિર્વાણ**] શાશ્વતસુખની [**પદ**] દશાને [**પામે**] જીવ પામે છે. ૪૧

**ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,**
**ગુરૂ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨**

**અન્વયાર્થ :-** [**તે**] તેવી [**સુવિચારણા**] સાચી વિચારદશા જીવો [**ઉપજે**] પ્રગટ કરે અને [**મોક્ષ**] પૂર્ણ પવિત્રતાનો [**માર્ગ**] ઉપાય [**સમજાય**] સમજવામાં આવે તે માટે [**ગુરુ શિષ્ય**] ગુરુ અને શિષ્યના [**સંવાદથી**] પ્રશ્નોત્તર રૂપે (સંવાદરૂપે) [**આહીં**] અહીં [**ષટ્પદ**] છપદ [**ભાખું**] કહેવામાં આવે છે. ૪૨

**ષટપદકથન :-**

**આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ,**
**છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩**

**અન્વયાર્થ :-** [**આત્મા છે**] આત્માનું હોવાપણું છે. [**તે**] તે [**નિત્ય છે**] કાયમી છે, તે [**નિજકર્મ**] પોતાના ભાવનો [**છે કર્તા**] કર્તા છે, [**છે ભોક્તા**] પોતાના ભાવનો ભોક્તા છે [**વળી**] વળી [**મોક્ષ છે**] પૂર્ણ પવિત્રતા પ્રાપ્ત કરી શકાય છે, [**મોક્ષ**] તે પવિત્રતાનો [**ઉપાય**] ઉપાય [**સુધર્મ**] ત્રિકાળી સાચો ધર્મ છે. ૪૩

**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ,**
**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિએ એહ. ૪૪**

**અન્વયાર્થ :-** [**ષટ્ દર્શન**] જગતમાં ચાલતી બીજી ધાર્મિક માન્યતાના છ ભેદો છે તેમને ભેગા લઈએ [**પણ તેહ**] તો તે પણ છ સ્થાનકપણે થાય છે અર્થાત્ છમાંથી એકેક દર્શન થોડા થોડા સ્થાનક (પદ) માત્રને માને છે [**ષટ્ સ્થાનક**] સુધર્મ છએ પદોને માને છે [**એહ**] એ છ પદો અહી [**જ્ઞાનીએ**] જ્ઞાનીઓએ કહ્યા મુજબ [**પરમાર્થને**] આત્માના ત્રિકાળી સ્વભાવને [**સમજાવા**] સમજાવવા [**સંક્ષેપમાં**] ટુંકામાં [**કહ્યાં**] કહ્યા છે. ૪૪

**શંકા-શિષ્ય ઉવાચ.**

**નથી દ્રષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,**
**બીજો પણ અનુભવ નહીં, તેથિ ન જીવસ્વરૂપ. ૪૫**

**અન્વયાર્થ :-** [**દ્દષ્ટિમાં**] આંખે [**આવતો**] દેખાતો [**નથી**] નથી, તેનો [**રૂપ**] રંગ કાંઈ [**જણાતું**] જણાતો [**નથી**] નથી અને જીવનો [**બીજો**] બીજી ઈન્દ્રયોથી [**અનુભવ**] અનુભવ [**પણ નહીં**] પણ થતો નથી [**તેથી**] માટે [**જીવ**] જીવ [**સ્વરૂપ**] કોઈ વસ્તુ [**ન**] નથી એમ લાગે છે. ૪૫

**અથવા દેહ જ આતમા, અથવા ઈંદ્રિય પ્રાણ,**
**મિથ્યા જુદો માનવો, નહિં જુદું એંધાણ. ૪૬**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા [**દેહ જ**] શરીર જ [**આતમા**] જીવ છે [**અથવા**] અથવા [**ઈન્દ્રિય**] ઈન્દ્રિયો અને [**પ્રાણ**] શ્વાસોશ્વાસ જીવ છે માટે જીવ [**જૂદો**] જૂદો [**માનવો**] માનવો તે [**મિથ્યા**] ખોટું છે કારણ કે તેની [**જુદું**] જુદી [**એંધાણ**] નિશાની [**નહીં**] લાગતી નથી. ૪૬

**વળી જો આત્મા હોય તો, જણાય તે નહિં કેમ ?**
**જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭**

**અન્વયાર્થ :-** [**વળી**] વળી [**જો**] જો [**આત્મા**] આત્મા [**હોય**] હોય [**તો**] તો [**તે**] [**કેમ**] કેમ [**જણાય**] જણાતો [**નહીં**] નથી ? [**જો**] જો [**તે**] તે [**હોય**] હોય [**તો**] તો [**ઘટ**] ઘડો [**પટ**] વસ્ત્ર [**આદિ**] વગેરે પદાર્થ જણાય છે [**જેમ**] તેમ [**જણાય**] જણાવો જોઈએ. ૪૭

**માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય,**
**એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮**

**અન્વયાર્થ :-** [**માટે**] માટે [**આતમા**] આતમા [**છે નહીં**] નથી, તેથી [**મોક્ષ ઉપાય**] મોક્ષનો ઉપાય [**મિથ્યા**] ફોગટ છે [**એ**] એવી [**અંતર**] અંતરની [**શંકાતણો**] શંકાનું [**સદુપાય**] સાચું સમાધાન [**સમજાવો**] આપ સમજાવો. ૪૮

**સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ.**

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણેભાન. ૪૯**

**અન્વયાર્થ :-** [**દેહાધ્યાસથી**] જીવ અને દેહ એક છે એવી અવળી માન્યતાથી અર્થાત્ જીવ દેહનું કાર્ય કરી શકે એવી ખોટી માન્યતાથી [**આત્મા**] આત્મા અને [**દેહ**] દેહ [**સમાન**] એકરૂપ [**ભાસ્યો**] ભાસે છે [**પણ**] પણ [**તે**] તેઓ [**બન્ને**] બન્ને [**ભિન્ન છે**] જુદા છે એટલે એકબીજાનું કાંઈ કરી શકતા નથી એમ [**પ્રગટ**] ઉઘાડી [**લક્ષણે**] નિશાનીઓ વડે [**ભાન**] ભાન થાય છે. ૪૯

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦**

**અન્વયાર્થ :-** [**દેહાધ્યાસથી**] જીવ અને દેહ એક છે એવા અનાદિકાળના અજ્ઞાનથી એટલે કે જીવ દેહનું કામ કરી શકે છે એવી ઊંધી માન્યતાથી [**આત્મા**] આત્મા અને [**દેહ**] દેહ [**સમાન**] એકરૂપ [**ભાસ્યો**] ભાસે છે [**પણ**] પણ [**તે**] તેઓ [**બન્ને**] બન્ને [**ભિન્ન છે**] જુદાં છે એટલે કે એકબીજાનું કાંઈ કરી શકતા નથી [**જેમ**] જેમ [**અસિ**] તરવાર [**ને**] અને [**મ્યાન**] મ્યાન (ઘરૂં) જુદા છે તેમ; અર્થાત્ તરવારનું કામ મ્યાન કરી શકે નહિ અને મ્યાનનું કામ તરવાર કરી શકે નહિ તેમ. ૫૦

**જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧**

**અન્વયાર્થ :-** [**જે**] જે [**દૃષ્ટિનો**] આંખનો [**દૃષ્ટા છે**] જાણનાર છે અને [**જે**] જે [**રૂપ**] રંગનો [**જાણે છે**] જાણનારો છે તથા [**અબાધ્ય**] કોઈના રોક્યા વગર [**અનુભવ**] જેમ છે તેમ જ્ઞાનનો [**જે રહે**] જે જાણનાર રહે છે [**તે**] તે જ [**જીવસ્વરૂપ**] જીવનું સ્વરૂપ [**છે**] છે અર્થાત્ જીવ કોઈની મદદ વગર સ્વતંત્રપણે પોતાને અને પરને જેમ છે તેમ જાણે છે. ૫૧

**છે ઈન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,**
**પાંચ ઈન્દ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨**

**અન્વયાર્થ :-** [**ઈન્દ્રિય પ્રત્યેકને**] દરેક ઇન્દ્રિયને [**નિજ-નિજ**] પોતપોતાને લાયક [**વિષયનું**] પદાર્થોનું [**જ્ઞાન**] જ્ઞાન [**છે**] થાય છે [**પણ**] પણ [**પાંચ ઈન્દ્રિના**] પાંચે ઇન્દ્રિય દ્વારા જણાતા [**વિષયનું**] પદાર્થોનું [**આત્માને**] એકલા આત્માને જ [**ભાન**] જ્ઞાન થાય છે. ઇન્દ્રિ જડ છે તેથી તે જ્ઞાન કરતી નથી પણ જ્ઞાનમાં નિમિત્ત છે તેથી ઈન્દ્રિયને જ્ઞાન થાય છે એમ ઉપચારથી કહ્યું છે. ૫૨

**દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ,**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩**

**અન્વયાર્થ :-** [**દેહ**] શરીર [**તેહને**] તે પદાર્થોને [**જાણે**] જાણતું [**ન**] નથી. [**ઇન્દ્રિય**] ઇન્દ્રિયો અને [**પ્રાણ**] શ્વાસોશ્વાસ પણ તેને (પદાર્થોને) [**જાણે**] જાણતા [**ન**] નથી. [**આત્માની**] આત્માની જયાં સુધી [**સત્તા વડે**] હાજરી હોય ત્યાં સુધી [**તેહ**] શરીર, ઇન્દ્રિયો અને શ્વાસોશ્વાસ [**પ્રવર્તે**] પોતપોતાથી પ્રવર્તે છે [**જાણ**] એમ જાણવું. ૫૩

**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,**
**પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪**

**અન્વયાર્થ :-** [**સર્વ**] બધી [**અવસ્થાને વિષે**] દશાઓમાં [**ન્યારો**] આત્મા જુદો [**સદા**] સદા [**જણાય**] જણાય છે અને [**પ્રગટરૂપ**] સ્પષ્ટ-પ્રત્યક્ષ [**ચૈતન્યમય**] જ્ઞાન-દર્શન-પણું [**એ**] એ તેનું [**સદાય**] ત્રિકાળી [**એંધાણ**] ચિહ્ન છે. ૫૪

**ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન,**
**જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન ? ૫૫**

**અન્વયાર્થ :-** [**તું**] હે શિષ્ય ! તું [**ઘટ**] ઘડા, [**પટ**] વસ્ત્ર [**આદિ**] વગેરેને [**જાણ**] જાણે છે [**તેથી**] તેથી [**તેને**] તે છે [**માન**] એમ તું માને છે [**પણ**] પણ [**તે જાણનાર**] તેઓના જાણનારાને તું [**માન**] માનતો [**નહિ**] નથી [**જ્ઞાન**] એ તારા જ્ઞાનને [**કેવું**] કેવું [**કહિયે**] કહેવું ? ૫૫

**પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,**
**દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬**

**અન્વયાર્થ :-** [**કૃષ**] કોઈ દુબળા [**દેહમાં**] શરીરવાળા જીવને [**પરમ**] ઘણી [**બુદ્ધિ**] બુદ્ધિ હોય છે અને [**સ્થૂળ**] જાડા [**દેહ**] શરીરવાળા જીવને [**મતિ અલ્પ**] થોડી બુધ્ધિ પણ જોવામાં આવે છે, [**જો**] જો [**દેહ**] શરીર તે જ [**આત્માહોય**] આતમા હોય તો [**આમ**] આવો [**વિકલ્પ**] વિરોધ [**ઘટે**] હોય [**ન**] નહિ. ૫૬

**જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,**
**એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭**

**અન્વયાર્થ :-** [**જડ**] જડ [**ચેતનનો**] અને ચેતન (જીવ) નો [**સ્વભાવ**] સ્વભાવ [**કેવળ**] સંપૂર્ણ રીતે [**પ્રગટ**] સ્પષ્ટ [**ભિન્ન**] જુદો [**છે**] છે, અર્થાત્ બન્ને જુદા હોવાથી જડ કે ચેતન એકબીજાનું કાંઈ કરી શકે નહિ; તેઓ [**એકપણું**] એકમેકપણું [**પામે**] પામતા [**નહીં**] નથી અને [**ત્રણે કાળ**] ત્રિકાળ [**દ્વયભાવ**] બેપણું [**ભિન્નપણું**] ટકાવી રાખે છે. ૫૭

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮**

**અન્વયાર્થ :-** [**આત્માની**] પોતાના હોવાપણાની [**શંકા**] શંકા [**આત્મા**] આત્મા [**પોતે**] પોતે [**આપ**] જાતે-પોતાથી [**કરે**] કરે છે; એવી [**શંકાનો**] શંકાનો [**કરનાર**] કરનાર [**તે**] તે જ આત્મા છે એવું પોતે જાણતો નથી [**એહ**] એ [**અમાપ**] પાર વગરનું [**અચરજ**] આશ્ચર્ય છે. ૫૮

**શંકા-શિષ્ય ઉવાચ.**

**આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,**
**સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯**

**અન્વયાર્થ :-** [**આત્માનાં**] આત્માનાં [**અસ્તિત્વના**] હોવાપણાનાં [**આપે**] આપશ્રીએ [**પ્રકાર**] કારણો [**કહ્યા**] સમજાવ્યાં [**તેનો**] તેનો [**અંતર**] આત્મા સાથે [**વિચાર કર્યે**] વિચાર કરતાં [**સંભવ**] આત્માનું હોવાપણું [**થાય છે**] જણાય છે. ૫૯

**બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,**
**દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦**

**અન્વયાર્થ :-** હવે મને [**ત્યાં**] આત્મામાં [**બીજી**] બીજી [**શંકા**] શંકા [**થાય**] થાય છે કે [**આત્મા**] આત્મા [**અવિનાશ**] નાશ વિનાનો [**નહીં**] નથી અને તે [**દેહ યોગથી**] દેહના રજકણ ભેગા થવાથી [**ઉપજે**] ઊપજે છે અને [**દેહ વિયોગે**] દેહના નાશથી [**નાશ**] તેનો નાશ થાય છે. ૬૦

**અથવા વસ્તુ ક્ષણીક છે, ક્ષણે ક્ષણે પલટાય,**
**એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા [**વસ્તુ**] સર્વ પદાર્થો [**ક્ષણે ક્ષણે**] દરેક ક્ષણે [**પલટાય**] બદલાય છે તેથી [**ક્ષણિક**] ક્ષણમાત્ર ટકનારા [**છે**] છે [**એ**] એવા [**અનુભવથી**] અનુભવથી જોતાં મને [**આત્મા**] આત્મા [**પણ**] પણ [**નિત્ય**] કાયમ ટકનારો [**જણાય**] જણાતો [**નહીં**] નથી. ૬૧

**સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.**

**દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દ્રશ્ય,**
**ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨**

**અન્વયાર્થ :-** [**દેહ**] શરીર [**માત્ર**] માત્ર [**સંયોગ**] પરમાણુનો જથ્થો [**છે**] છે. [**વળી**] વળી તે [**જડ**] જ્ઞાન વગરનું [**રૂપી**] રૂપ વગેરેવાળું, [**દશ્ય**] દેખી શકાય એવું છે; તો પછી [**ચેતનના**] ચેતન [**ઉત્પત્તિ**] ઊપજ્યું અને [**લય**] તેનો નાશ થયો તે [**કોના**] કેના [**અનુભવ**] જ્ઞાનને [**વશ્ય**] આધારે જાણ્યું ? ૬૨

**જેના અનુભવવશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,**
**તે તેથી જુદા વિના, થાય ન કેમેં ભાન. ૬૩**

**અન્વયાર્થ :-** [**જેના**] જેના [**અનુભવ**] જ્ઞાનને [**વશ્ય**] [**એ**] આધારે એ [**ઉત્પન્ન**] ઊપજવાનું અને [**લયનું**] નાશનું [**જ્ઞાન**] જાણપણું થાય છે [**તે તેથી**] ઉત્પત્તિ અને નાશથી [**જુદા**] જુદા પદાર્થ [**વિના**] વગર [**કેમે**] કોઈપણ રીતે [**ભાન**] તેવું ભાન [**થાય**] થાય [**ન**] નહિ. ૬૩

**જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય,**
**ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪**

**અન્વયાર્થ :-** [**જે**] જે જે [**સંયોગો**] સંયોગો [**દેખિયે**] દેખવામાં આવે છે [**તે તે**] તે તે [**અનુભવ**] જ્ઞાનમાં [**દશ્ય**] જણાય છે પણ [**આત્મા**] આત્મા [**સંયોગથી**] સંયોગથી [**ઉપજે**] ઊપજતો [**નહીં**] નથી તેથી આત્મા [**નિત્ય**] ત્રિકાળી છે અને [**પ્રત્યક્ષ**] પોતે પોતાથી જ સીધો જણાય તેવો છે. ૬૪

**જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫**

**અન્વયાર્થ :-** [**જડથી**] નહિ જાણનાર પદાર્થોથી [**ચેતન**] જાણપણું [**ઊપજે**] થાય અને [**ચેતનથી**] જાણપણાથી [**જડ**] જડ પદાર્થ [**થાય**] ઉત્પન્ન થાય [**એવો**] એવો [**કોઈને**] કોઈને [**ક્યારે**] ક્યારે અને [**કદી**] કદી [**અનુભવ**] અનુભવ [**થાય**] થતો [**ન**] નથી. ૬૫

**કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬**

**અન્વયાર્થ :-** [**કોઈ**] કોઈપણ [**સંયોગોથી**] સંયોગોથી [**જેની**] જે પદાર્થનું [**ઉત્પત્તિ**] ઊપજવું [**થાય**] થતું [**નહીં**] નથી [**તેનો**] તેનો [**નાશ**] નાશ [**કોઈમાં**] કોઈમાં [**ન**] થતો નથી [**તેથી**] તેથી આત્મા [**સદાય**] ત્રિકાળ [**નિત્ય**] નિત્ય છે.

**ક્રોધાદી તરતમ્યતા, સર્પાદિકની માંય,**
**પુર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭**

**અન્વયાર્થ :-** [**સર્પાદિકની માંય**] સર્પ વગેરે પ્રાણીઓમાં [**ક્રોધાદી**] ગુસ્સા વગેરેનું [**તરતમ્યતા**] ઓછાપણું-વધારેપણું જોવામાં આવે છે [**તે**] તે [**પૂર્વ**] આગલા [**જન્મ**] ભવના [**સંસ્કાર**] સંસ્કાર છે અને [**ત્યાંય**] તે વડે [**જીવ**] જીવનું [**નિત્યતા**] ત્રિકાળીપણું-અનાદિઅનંતપણું સિદ્ધ થાય છે. ૬૭

**આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,**
**બાળાદી વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮**

**અન્વયાર્થ :-** [**આત્મા**] આત્મા [**દ્રવ્યે**] વસ્તુપણે [**નિત્ય**] કાયમ ટકનારો [**છે**] છે અને [**પર્યાયે**] અવસ્થાએ [**પલટાય**] પલટાય - બદલાય છે, [**બાળાદિ**] બાળ, યુવાન અને વૃદ્ધ [**ત્રણ્યનું**] એ ત્રણે [**વય**] ઉંમરનું [**જ્ઞાન**] જાણપણું [**એકને**] તેના તે જ જીવને [**થાય**] થાય છે.૬૮

**અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,**
**વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા [**ક્ષણિકનું**] ક્ષણિકપણાનું [**જ્ઞાન**] જ્ઞાન થાય છે એમ [**જાણી**] જાણીને [**જે**] જે [**વદનાર**] બોલનારો છે [**તે વદનારો**] બોલવાના ભાવ કરનારો જીવ [**ક્ષણિક**] નાશ પામે તેવો [**નહિ**] નથી એમ [**અનુભવ**] અનુભવ કરી [**નિર્ધાર**] આત્માના ત્રિકાળીપણાનો નિર્ણય [**કર**] કર. ૬૯

**ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,**
**ચેતન પામે નાશ તો કેમાં, ભળે તપાસ. ૭૦**

**અન્વયાર્થ :-** [**કોઈ**] કોઈ [**વસ્તુનો**] વસ્તુનો [**કેવળ**] સર્વથા [**ક્યારે**] કોઈપણ વખતે [**નાશ**] નાશ [**હોય**] થતો [**ન**] નથી માટે જો [**ચેતન**] ચેતન્યસ્વરૂપ જીવ [**નાશ**] નાશ [**પામે**] પામે [**તો**] તો તે [**કેમાં**] શેમાં [**ભળે**] એકરૂપ થઈ જાય તેનો [**તપાસ**] વિચાર કરી નિર્ણય કર. અર્થાત્ આત્મા કોઈમાં ભળી જતો નથી કે કદી તેનો સર્વથા નાશ થતો નથી પણ ટકીને અવસ્થા બદલે છે એમ નક્કી કર. ૭૦

**કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,**
**અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧**

**અન્વયાર્થ :-** [**જીવ**] જીવ [**કર્મનો**] વિકારીભાવ [**કર્તા**] કરતો [**ન**] નથી તો પણ [**કર્મ જ**] જડ કર્મ જ [**કર્મ**] કર્મ ને (વિકારીભાવ અને જડ કર્મને) [**કર્તા**] કરે છે. [**અથવા**] અથવા કર્મ [**સહજ**] અનાયાસે [**સ્વભાવ**] પોતાથીં થયા કરે છે [**કાં**] અગર તો [**કર્મ**] કર્મ તે [**જીવનો**] જીવનો [**ધર્મ**] ધર્મ જ છે. ૭૧

**આત્મા સદા અસંગ, ને કરે પ્રકૃતિ બંધ,**
**અથવા ઈશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨**

**અન્વયાર્થ :-** [**આત્મા**] આત્મા [**સદા**] હંમેશાં [**અસંગ**] નિરાળો છે [**ને**] અને [**પ્રકૃતિ**] જડ કર્મ [**કરે બંધ**] જીવને બાંધે છે [**અથવા**] અથવા [**ઈશ્વર**] ઈશ્વર [**પ્રેરણા**] કર્મ કરવાની પ્રેરણા કરે છે [**તેથી**] તેથી [**જીવ**] જીવ [**અબંધ**] બંધાતો નથી. ૭૨

**માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;**
**કર્મતણું કર્તાપણું, કાં નહિ કાં નહિ જાય. ૭૩**

**અન્વયાર્થ :-** [**માટે**] આમ હોવાથી [**મોક્ષ ઉપાયનો**] મુક્ત થવાના ઉપાયનું [**કોઈ**] કોઈ [**હેતુ**] કારણ [**જણાય**] જણાતું [**ન**] નથી, [**કર્મતણું**] વિકારીભાવનું [**કર્તાપણું**] કર્તાપણું [**કાં નહીં**] જીવને નથી [**કાં નહિ જાય**] અને હોય તો તે જાય તેવું નથી. ૭૩

**સમાધાન-સદ્ગુરુ ઉવાચ.**

**હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,**
**જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી મર્મ. ૭૪**

**અન્વયાર્થ :-** [**ચેતન**] જીવ [**પ્રેરણા**] મનન [**ન**] [**હોય**] કરે [**તો**] તો [**કોણ**] કેની સાથે [**કર્મ**] જડ કર્મ [**ગ્રહે**] એક ક્ષેત્રે ભેગાં થાય ? [**જડ સ્વભાવ**] જડનો સ્વભાવ [**પ્રેરણા**] મનન [**નહિ**] કરવાનો નથી એમ [**મર્મ**] જીવ અને જડના ધર્મ (સ્વભાવ) [**વિચારી**] વિચારી [**જુઓ**] જોશો તો ખબર પડશે. ૭૪

**જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,**
**તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫**

**અન્વયાર્થ :-** [**ચેતન**] જીવ [**જો**] જો [**કરતું**] વિકારીભાવ કરતો [**નથી**] [**તો**] તો [**કર્મ**] રજકણો (કાર્મણ વર્ગણા) કર્મરૂપ [**થતાં**] થતાં [**નથી**] નથી, [**તેથી**] તેથી કર્મ [**સહજ**] અનાયાસે [**સ્વભાવ**] થતાં [**નહિ**] નથી [**તેમજ**] તેમજ કર્મ તે [**જીવધર્મ**] જીવનો સ્વભાવ [**નહિ**] નથી. ૭૫

**કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?**
**અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬**

**અન્વયાર્થ :-** [**જો**] જો [**કેવળ**] સર્વથા [**અસંગ**] પર તરફનું લક્ષ કર્યા વગર [**હોત**] આત્મા રહેતો હોત તો [**તને**] તને [**ભાસત**] તેવો જણાત [**કેમ**] કેમ [**ન**] નહિ ? એટલે કે જણાત જ. [**પરમાર્થથી**] વસ્તુ દૃષ્ટિએ જીવ [**અસંગ**] અસંગ [**છે**] [**પણ**] પણ જો તે [**નિજભાને**] પોતાનું ભાન કરે તો [**તેમ**] અસંગ રહે. ૭૬

**કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭**

**અન્વયાર્થ :-** [**કો**] કોઈ [**ઈશ્વર**] ઈશ્વર [**કર્તા**] જગતનો અથવા કર્મોનો કર્તા [**નહિ**] નથી, [**શુદ્ધ સ્વભાવ**] જીવનો શુદ્ધ સ્વભાવ તે જ [**ઈશ્વર**] ઈશ્વર છે [**અથવા**] અથવા [**તે**] તેને [**પ્રેરક**] કર્મનો કરાવનારો [**ગણ્યે**] ગણીએ તો [**ઈશ્વર**] ઈશ્વર [**દોષ પ્રભાવ**] મહાન દોષનો કર્તા થાય. ૭૭

**ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ,**
**વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮**

**અન્વયાર્થ :-** [**જો**] જો [**ચેતન**] જીવ [**નિજ**] પોતાના [**ભાનમાં**] ભાનમાં રહે તો [**આપ**] પોતાના [**સ્વભાવ**] શુદ્ધ સ્વભાવનો [**કર્તા**] કર્તા થાય અને જો [**નિજ**] પોતાના [**ભાનમાં**] શુદ્ધ સ્વભાવમાં [**વર્તે નહિ**] ન વર્તે તો [**કર્તા કર્મ પ્રભાવ**] વિશેષ પ્રકારે ભાવ કર્મનો કર્તા થાય અથવા જડ કર્મનું નિમિત્ત થયો કહેવાય. ૭૮

**શંકા-શિષ્ય ઉવાચ.**

**જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય,**
**શુ સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯**

**અન્વયાર્થ :-** [**જીવ**] જીવને [**કર્મકર્તા**] કર્મનો કર્તા [**કહો**] કહો તો ભલે [**પણ**] પણ તે [**ભોક્તા**] ભોગવનારો [**નહીં સોય**] થાય નહિ, [**જડ કર્મ**] જડ કર્મને [**શું સમજે**] શી ખબર પડે [**કે**] કે તે [**ફળ**] ફળ [**પરિણામી**] આપનારું [**હોય**] થાય ? ૭૯

**ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;**
**એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦**

**અન્વયાર્થ :-** [**ફળદાતા**] ફળ આપનાર [**ઈશ્વર**] ઈશ્વરને [**ગણ્યે**] ગણીએ તો [**ભોક્તાપણું**] ભોક્તાપણું [**સધાય**] સાબીત થાય, પણ [**એમ**] એમ [**કહ્યે**] કહેવાથી તો [**ઈશ્વરતણું**] ઈશ્વરનું [**ઈશ્વરપણું**] ઈશ્વરપણું [**જ**] જ [**જાય**] જાય છે. ૮૦

**ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય;**
**પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય; ૮૧**

**અન્વયાર્થ :-** [**ઈશ્વર**] ઈશ્વર [**સિદ્ધ**] સાબીત [**થયા વિના**] ન થાય તો [**જગત**] જગતનો [**નિયમ**] નિયમ [**હોય**] કાંઈ [**નહિ**] રહેતો નથી અને [**પછી**] પછી [**શુભાશુભ**] પુણ્ય-પાપરૂપ [**કર્મનાં**] કર્મને [**ભોગ્યસ્થાન**] ભોગવવાનાં સ્થાન [**કોય**] કોઈ [**નહીં**] ઠરતાં નથી. ૮૧

**સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.**

**ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,**
**જીવવીર્યની સ્ફૂરણા ગ્રહણ કરે જડધૂપ. ૮૨**

**અન્વયાર્થ :-** [**ભાવકર્મ**] ભાવકર્મ (વિકારીભાવ) [**નિજ**] પોતાની [**કલ્પના**] ભ્રાંતિથી થાય છે, [**માટે**] માટે તે [**ચેતનરૂપ**] ચેતનરૂપ છે; [**જીવ વીર્યની**] જીવના વીર્યનું [**સ્ફૂરણા**] તે તરફ વલણ થતાં [**જડધૂપ**] જડકર્મ [**ગ્રહણ કરે**] જીવ અને કર્મ એકક્ષેત્રે ભેગાં થાય છે. (એકક્ષેત્ર અવગાહ રૂપ થાય છે.) ૮૨

**ઝેર સુધા સમજે નહિ, જીવ ખાય ફળ થાય;**
**એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩**

**અન્વયાર્થ :-** [**ઝેર**] ઝેર અને [**સુધા**] અમૃતને [**સમજે**] ખબર [**નહીં**] નથી તો પણ [**જીવ**] જીવને [**ખાય**] તેનો સંબંધ થતાં [**ફળ**] જીવના પરિણામમાં તે નિમિત્ત [**થાય**] થાય

છે [**એમ**] એ જ રીતે [**શુભાશુભ**] પુણ્ય-પાપરૂપ [**કર્મનું**] કર્મનું જીવને [**ભોક્તાપણું**] ભોક્તાપણું [**જણાય**] જણાય છે. ૮૩

**એક રાંક ને એક નૃપ, એ આદી જે ભેદ;**
**કારણ વિના ન કાર્ય તે, તેજ શુભાશુભ વેદ્ય. ૮૪**

**અન્વયાર્થ :-** [**એક**] એક [**રાંક**] ગરીબ [**ને**] અને [**એક**] એક [**નૃપ**] રાજા [**એ**] એ [**આદિ**] વગેરે [**જે**] જે [**ભેદ**] બહારના ભેદને [**તે**] તે [**કારણ**] કારણ [**વિના**] વગર [**કાર્ય**] ભેદરૂપ કાર્ય [**ન**] હોઈ શકે [**એ**] તે [**જ**] જ [**શુભાશુભ**] પુણ્ય અને પાપનું [**વેદ્ય**] ફળ છે એમ જાણવું. ૮૪

**ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,**
**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દુર. ૮૫**

**અન્વયાર્થ :-** [**ફળદાતા**] ફળ આપવા માટે [**ઈશ્વરતણી**] ઈશ્વરની [**એમાં**] એમાં કાંઈ [**જરૂર**] જરૂર [**નથી**] નથી [**કર્મ**] શુભ અને અશુભ કર્મ [**સ્વભાવે**] પોતાના સ્વભાવથી [**પરિણમે**] પરિણમે છે અને [**ભોગથી**] બહારના સંયોગો, વિકારો વગેરેનું નિમિત્ત થઈને [**દૂર**] દૂર [**થાય**] થઇ જાય છે. ૮૫

**તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,**
**ગહન વાત છે શિષ્ય આ, કહિ સંક્ષેપે સાવ. ૮૬**

**અન્વયાર્થ :-** [**તે તે**] તે તે [**ભોગ્ય**] ભોગવવાલાયક [**વિશેષના**] જુદા જુદા પ્રકારનાં [**સ્થાનક**] સ્થાન (નિમિત્ત) થવાનો [**દ્રવ્ય સ્વભાવ**] જડ અને ચેતન પદાર્થોના પોત પોતાનો ભાવ છે. [**શિષ્ય**] હે શિષ્ય ! [**આ વાત**] આ વાત [**ગહન**] ઘણી ઊંડી [**છે**] છે, તો પણ [**સાવ**] તદ્દન [**સંક્ષેપે**] ટુંકામાં [**કહી**] અહીં કહી છે. ૮૬

**શંકા શિષ્ય-ઉવાચ.**

**કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ,**
**વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭**

**અન્વયાર્થ :-** [**જીવ**] જીવ [**કર્તા**] અને [**ભોક્તા**] ભોક્તા [**હો**] છે એ ખરું [**પણ**] પણ [**તેનો**] તેનો [**મોક્ષ**] મોક્ષ [**નહિ**] હોય તેમ લાગતું નથી કેમકે [**અનંત**] પાર વિનાનો

[**કાળ**] વખત [**વીત્યો**] ગયો [**પણ**] તો પણ [**દોષ**] તેનામાં વિકાર [**વર્તમાન**] હજુ [**છે**] ચાલુ છે. ૮૭

**શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિ માંય,**
**અશુભ કરે નર્કાદિ ફળ, કર્મ રહિત ન ક્યાય. ૮૮**

**અન્વયાર્થ :-** [**શુભ**] પુણ્ય [**કરે**] કરે તો [**દેવાદિ**] દેવ વગેરે [**ગતિમાંય**] ગતિઓમાં [**ફળ**] ફળ [**ભોગવે**] ભોગવે છે અને [**અશુભ**] પાપ [**કરે**] કરે તો [**નરકાદિ**] નરક વગેરે ગતિઓમાં [**ફળ**] ફળ ભોગવે છે પણ [**કર્મ રહિત**] કર્મ વિનાનો [**કયાંય**] કોઈ પણ કાળે અને સ્થળે [**ન**] થતો નથી. ૮૮

**સમાધાન-સદ્ગુરુ ઉવાચ.**

**જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯**

**અન્વયાર્થ :-** [**જેમ**] જેમ [**શુભાશુભ**] શુભ અને અશુભ [**કર્મપદ**] કર્મપદ [**સફળ**] સંસારનું ફળ આપનારાં છે એવું [**પ્રમાણ**] સાચું જ્ઞાન [**જાણ્યાં**] તે જાણ્યું, [**તેમ**] તેમ [**નિવૃત્તિ**] પુણ્ય-પાપથી પાછા ફરતાં [**મોક્ષ**] મોક્ષરૂપી [**સફળતા**] સાચા ફળની પ્રાપ્તિ થાય છે, [**માટે**] એ રીત [**સુજાણ**] તું સારી પેઠે જાણ. ૮૯

**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,**
**તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦**

**અન્વયાર્થ :-** [**શુભાશુભ**] પુણ્ય-પાપરૂપી [**કર્મભાવ**] ભાવકર્મ કરતાં [**તે**] તે [**અનંત**] અનંત [**કાળ**] કાળ [**વીત્યો**] ચાલ્યો ગયો [**તેહ**] તે [**શુભાશુભ**] પુણ્ય પાપ ભાવથી ધર્મ થાય [**છેદતાં**] એવી માન્યતા ટાળતાં [**મોક્ષ સ્વભાવ**] પવિત્રતાનો સ્વભાવ [**ઉપજે**] પ્રગટે છે. ૯૦

**દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,**
**સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંતસુખ ભોગ. ૯૧**

**અન્વયાર્થ :-** એ રીતે [**સિદ્ધ**] સિદ્ધ સ્વરૂપ [**મોક્ષ**] મુક્તિ કે જે [**શાશ્વત**] શાશ્વત (કાયમ ટકનારી) [**પદે**] પોતાની અવસ્થા છે તે જીવ પ્રગટ કરે છે અને [**નિજ**] પોતાનું

[**અનંત**] સંપૂર્ણ [**સુખ**] સુખ [**ભોગ**] ભોગવે છે. ત્યાં [**દેહાદિક**] દેહ વગેરે [**સંયોગનો**] સંયોગો [**આત્યંતિક**] પૂરેપૂરા [**વિયોગ**] છૂટી જાય છે. ૯૧

૬૬ ૫૬ **શંકા-શિષ્ય ઉવાચ.**

**હોય કદાપી મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;**
**કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨**

**અન્વયાર્થ :-** [**કદાપિ**] કદી [**મોક્ષપદ**] મોક્ષ અવસ્થા [**હોય**] થતી હોય તો પણ [**અવિરોધ**] તેનો કોઈ વિરોધ વગરનો [**ઉપાય**] ઉપાય [**નહિ**] જણાતો નથી, વળી [**કર્મો**] કર્મો [**અનંતનાં**] અનંત [**કાળ**] કાળથી છે તે [**શાથી**] કેવી રીતે [**છેદ્યાં**] ટાળી [**જાય**] શકાય ? ૯૨

**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩**

**અન્વયાર્થ :-** [**અથવા**] અથવા જગતમાં [**મત**] અભિપ્રાયો અને [**દર્શન**] ધાર્મિક માન્યતાઓ [**ઘણાં**] અનેક પ્રકારની છે અને તેઓ [**અનેક**] જુદી જુદી જાતનાં [**ઉપાય**] સાધનો [**કહે**] કહે છે. [**તેમાં**] તેમાં [**કયો**] કયો [**સાચો**] સાચો [**મત**] અભિપ્રાય છે [**એહ**] તેનો [**વિવેક**] નિર્ણય [**બને ન**] હું કરી શકતો નથી. ૯૩

**કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,**
**એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪**

**અન્વયાર્થ :-** [**કયી**] કઈ [**જાતિમાં**] જાતિમાં [**મોક્ષ**] મોક્ષ [**છે**] થાય અને [**કયા**] કયા [**વેષમાં**] વેષમાં [**મોક્ષ**] મોક્ષ થાય [**એનો**] એનો [**નિશ્ચય**] નિર્ણય [**ના બને**] મારાથી થઈ શકતો નથી કેમકે એમાં [**ઘણા**] ઘણા [**ભેદ**] ભેદો છે [**એ**] એ [**દોષ**] મુશ્કેલી છે. ૯૪

**તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;**
**જીવાદી જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫**

**અન્વયાર્થ :-** [**તેથી**] તેથી મને [**એમ**] એમ [**જણાય છે**] લાગે છે કે [**મોક્ષ-ઉપાય**] મોક્ષનો ઉપાય [**મળે**] મળે તેવો [**ન**] નથી અને તેથી [**જીવાદિ**] જીવ વગેરે [**જાણ્યા તણો**] મેં જાણ્યા તેનો [**શો**] શો [**ઉપકાર**] લાભ [**જ**] ખરેખર [**થાય**] થાય ? ૯૫

**પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;**
**સમજુ મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬**

**અન્વયાર્થ :-** [**પાંચે**] પાંચે [**ઉત્તરથી**] જવાબથી [**સમાધાન**] સમાધાન [**સર્વાંગ**] પૂરેપૂરું [**થયું**] થયું પણ જો [**મોક્ષ ઉપાય**] મોક્ષનો માર્ગ [**સમજુ**] હું સમજુ [**તો**] તો [**સદ્**] કાયમી [**ભાગ્ય**] શુદ્ધ અવસ્થા [**ઉદય ઉદય**] જરૂર પ્રગટે. ૯૬

**સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ.**

**પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત,**
**થાશે મોક્ષોપાયની, સહજ પ્રતિત એ રીત. ૯૭**

**અન્વયાર્થ :-** [**પાંચે**] પાંચે [**ઉત્તરની**] સમાધાનની [**આત્મા**] તારા આત્મા [**વિષે**] માં જેમ [**પ્રતીત**] શ્રદ્ધા [**થઈ**] થઈ [**એ રીત**] એ રીતે [**મોક્ષોપાયની**] મોક્ષમાર્ગની [**પ્રતીત**] શ્રદ્ધા [**સહજ**] તારા પોતાથી જ સહેલાઈથી [**થાશે**] થશે. ૯૭

**કર્મ-ભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,**
**અંધકાર અજ્ઞાનસમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮**

**અન્વયાર્થ :-** [**કર્મ ભાવ**] પરનું હું કરી શકું એવો ભાવ એ [**અજ્ઞાન**] અજ્ઞાન [**છે**] છે અને [**નિજવાસ**] પોતાના સ્વરૂપમાં રહેવું તે [**મોક્ષભાવ**] મોક્ષભાવ છે [**અજ્ઞાન**] અજ્ઞાન [**અંધકાર**] અંધારા [**સમ**] જેવું છે તે [**જ્ઞાન પ્રકાશ**] સાચા જ્ઞાનના પ્રકાશથી [**નાશે**] ટળી જાય છે. ૯૮

**જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત. ૯૯**

**અન્વયાંર્થ :-** [**જે જે**] જે જે [**કારણ**] કારણ [**બંધના**] બંધનાં છે એટલે કે શુભાશુભ ભાવ [**તેહ**] એ [**બંધનો**] સંસારનો [**પંથ**] માર્ગ છે અને [**તે કારણ**] તેવા ભાવોને [**છેદક**] છેદનારી [**દશા**] દશા તે [**મોક્ષ-પંથ**] મોક્ષનો માર્ગ છે અને [**ભવ અંત**] તે ભવનો નાશ કરે છે. ૯૯

**રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,**
**થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ. ૧૦૦**

**અન્વયાર્થ :-** [**અજ્ઞાન એ**] પરનું હું કરી શકું એવી ભ્રમણારૂપ ખોટું જ્ઞાન, [**રાગ**] પર વસ્તુથી લાભ થાય એવી માન્યતા પૂર્વકની પ્રીતિ, [**દ્વેષ**] પરવસ્તુથી નુકસાન થાય એવી માન્યતાપૂર્વકની અપ્રીતિ-તે [**કર્મની**] ભાવકર્મની [**મુખ્ય**] મૂળ [**ગ્રંથ**] ગાંઠ છે [**જેહથી**] જે વડે તેનાથી [**નિવૃત્તિ**] પાછું ફરવાનું [**થાય**] થાય [**તે જ**] તે જ [**મોક્ષનો**] પવિત્રતાનો [**પંથ**] માર્ગ છે. ૧૦૦

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહીત,**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧**

**અન્વયાર્થ :-** [**આત્મા**] આત્મા [**સત્**] ત્રિકાળી [**ચૈતન્યમય**] ચૈતન્યસ્વરૂપ [**સર્વાભાસ**] બધા પ્રકારના વિકારીભાવો અને દેહ વગેરે સંયોગો [**રહિત**] વગરનો છે, [**જેથી**] આ ત્રિકાળી સ્વરૂપને લક્ષે [**કેવળ**] શુદ્ધ આત્મા [**પામિયે**] પ્રગટે છે. [**મોક્ષપંથ**] મોક્ષના ઉપાયની [**તે**] આ જ [**રીત**] રીત છે. ૧૦૧

**કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,**
**તેમાં મુખ્યે મોહિનિય, હણાય તે કહું પાઠ. ૧૦૨**

**અન્વયાર્થ :-** [**કર્મ**] જડ કર્મ [**અનંત**] અનંત [**પ્રકારનાં**] પ્રકારનાં છે [**તેમાં**] તેમાં [**મુખ્યે**] જ્ઞાનાવરણાદિ મુખ્યે [**આઠ**] આઠ છે [**તેમાં**] તે આઠમાં [**મુખ્યે**] મુખ્ય [**મોહિનિય**] મોહ છે [**તે**] તે [**હણાય**] કેવી રીતે ટળે [**કહું પાઠ**] તેનો પાઠ કહું છું. ૧૦૨

**કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩**

**અન્વયાર્થ :-** [**મોહનીય**] આ મોહનીય [**કર્મ**] કર્મના [**ભેદ બે**] બે ભેદ છે [**નામ**] તેનાં નામ [**દર્શન**] દર્શનમોહ (અર્થાત્ મિથ્યાત્વ) [**ચારિત્ર**] અને ચારિત્રમોહ છે. [**બોધ**] સમ્યક્‌બોધ [**હણે**] મિથ્યાદર્શનને ટાળે અને [**વીતરાગતા**] વીતરાગતા તે ચારિત્ર મોહને ટાળે છે [**આમ**] આ [**ઉપાય**] રીત [**અચુક**] નિયમરૂપ છે એટલે અફર છે. ૧૦૩

**કર્મ બંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,**
**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમા શો સંદેહ ? ૧૦૪**

**અન્વયાર્થ :-** [**ક્રોધાદિથી**] ક્રોધ, માન, માયા, લોભ વગેરેના નિમિત્તે [**કર્મબંધ**] કર્મબંધ

થાય છે; [**ક્ષમાદિક**] ક્ષમા, સમતા વગેરે [**તેહ**] ક્રોધાદિને [**હણે**] ટાળે છે, આનો [**પ્રત્યક્ષ**] પ્રત્યક્ષ [**અનુભવ**] અનુભવ [**સર્વને**] બધાય ને છે અને [**એમાં**] એમાં [**શો સંદેહ**] કોઈને સંદેહ પડે તેવું નથી. ૧૦૪

**છોડી મતદર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫**

**અન્વયાર્થ :-** [**મતદર્શનતણો**] અભિપ્રાય અને માન્યતાની [**આગ્રહ**] ખોટી પક્કડ [**તેમ વિકલ્પ**] તેમજ તેવું વર્તન [**છોડી**] છોડીને [**આ**] આ [**કહ્યો**] કહેલો [**માર્ગ**] માર્ગ જે [**સાધશે**] સાધશે તે [**અલ્પ**] થોડા [**તેહના જન્મ**] ભવમાં મોક્ષ પામશે, એટલે કે તેને ભવકટી થઈ ગઈ છે. ૧૦૫

**ષટ્ પદનાં ષટ્ પ્રશ્ન તે, પૂછ્યાં કરી વિચાર,**
**તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬**

**અન્વયાર્થ :-** [**ષટપદ્નાં**] છ પદનાં [**ષટ્ પ્રશ્ન**] છ પ્રશ્નો [**તે**] તે [**વિચાર**] વિચાર [**કરી**] કરીને [**પૂછ્યાં**] પૂછ્યાં છે. [**તે**] તે છ [**પદની**] પદનું [**સર્વાંગતા**] બધાં પડખાનું (અનેકાન્ત) જ્ઞાન તે [**મોક્ષમાર્ગ**] મોક્ષમાર્ગ છે [**નિર્ધાર**] એમ નક્કી કર. ૧૦૬

**જાતિ વેષનો ભેદનહિ, કહ્યો માર્ગ જો હોય,**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭**

**અન્વયાર્થ :-** [**કહ્યો માર્ગ**] આ જે કહ્યો તે માર્ગ [**જો હોય**] જો હોય તો [**જાતિ વેષનો**] જાતિ અને વેષનો [**ભેદ**] વીતરાગ માર્ગમાં ભેદ [**નહિ**] નથી [**સાધે**] શુદ્ધ ભાવ પ્રગટ કરે [**તે મુક્તિ**] તે જીવ મુક્તિ [**લહે**] મેળવે [**એમાં**] એમાં [**કોય**] કાંઈપણ [**ભેદ**] ફેર (તફાવત) [**ન**] નથી. ૧૦૭

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮**

**અન્વયાર્થ :-** [**કષાયની**] કષાય [**ઉપશાંતતા**] પાતળા પાડ્યા છે અને [**માત્ર**] માત્ર [**મોક્ષ**] પવિત્રતાનું [**અભિલાષ**] જેને વલણ છે, [**ભવે ખેદ**] જેને ભવનો ખેદ વર્તે છે અને [**અંતર**] આત્મસ્વરૂપની [**દયા**] દયા છે, [**તે**] તે જીવ [**જિજ્ઞાસા**] જિજ્ઞાસુ એટલે મોક્ષમાર્ગ પામવાને લાયક છે [**કહીએ**] એમ જ્ઞાનીઓ કહે છે. ૧૦૮

**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરૂબોધ,**
**તો પામે સમકીતને, વર્તે અંતર શોધ. ૧૦૯**

**અન્વયાર્થ :-** [**તે**] તેવા [**જિજ્ઞાસુ**] જિજ્ઞાસુ [**જીવને**] જીવને [**સદ્‌ગુરુ**] આત્મજ્ઞાની-ગુરુ દ્વારા [**બોધ**] આત્માનો ઉપદેશ [**થાય**] મળે છે, [**તો**] એ રીતે જિજ્ઞાસુ જીવ [**સમકિતને**] પોતાના સાચા સ્વરૂપની ઓળખાણને [**પામે**] પામે છે અને [**વર્તે અંતરશોધ**] પોતાના આત્માની શુદ્ધિ અંતરમાં શોધે છે. ૧૦૯

**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરૂલક્ષ,**
**લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦**

**અન્વયાર્થ :-** [**દર્શન**] ખોટી માન્યતા અને [**મત**] ખોટા જ્ઞાનની [**આગ્રહ**] પક્કડ [**તજી**] છોડીને [**સદ્‌ગુરુ**] આત્મજ્ઞાની ગુરુ [**લક્ષ**] ને લક્ષે [**વર્તે**] તેમનું કહેલું તત્ત્વ સમજે [**તે**] તે જીવ [**શુદ્ધ**] શુદ્ધ (નિશ્ચય) [**સમકિત**] સમકિતને [**લહે**] પામે છે, [**જેમાં**] તેમાં [**ભેદ ન પક્ષ**] કાંઈ ભેદ કે પક્ષ નથી અર્થાત્ એ પ્રમાણે જે કરે તે બધાને સમકિત થાય જ છે. ૧૧૦

**વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત. ૧૧૧**

**અન્વયાર્થ :-** [**નિજ સ્વભાવનો**] પોતાના સ્વભાવની [**પ્રતીત**] સાચી પ્રતીત, [**લક્ષ**] સાચું જ્ઞાન, [**અનુભવ**] સ્થિરતા (નિર્વિકલ્પતા) [**વર્તે**] વર્તે અને [**નિજભાવમાં**] પોતાના ભાવમાં [**વૃત્તિ**] વર્તમાન અવસ્થા [**વહે**] સ્વરૂપ તરફ વળે તે [**પરમાર્થ**] ખરું (નિશ્ચય) [**સમકિત**] સમકિત છે. ૧૧૧

**વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨**

**અન્વયાર્થ :-** [**સમકિત**] તે સમકિત [**વર્ધમાન થઈ**] જેમ જેમ વધતું જાય છે તેમ તેમ [**મિથ્યાભાસ**] ચારિત્રના દોષને તે [**ટાળે**] ટાળે છે તેથી [**ચારિત્રનો**] ચારિત્રનું [**ઉદય થાય**] પ્રગટવું થાય છે અને ક્રમેક્રમે વધીને [**વીતરાગપદ**] વીતરાગ દશાને [**વાસ**] તે જીવ પ્રાપ્ત કરે છે. ૧૧૨

**કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન,**
**કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩**

**અન્વયાર્થ :-** [**કેવળ**] સંપૂર્ણ (રાગદ્વેષ વગરનું) [**નિજ સ્વભાવનું**] પોતાના આત્મસ્વભાવનું, [**અખંડ**] નાશ ન પામે તેવું [**જ્ઞાન**] જે જ્ઞાન [**વર્તે**] પ્રગટે [**તે**] તે જ્ઞાનને [**કેવળજ્ઞાન**] સંપૂર્ણ પવિત્ર જ્ઞાન [**કહિયે**] કહેવામાં આવે છે [**દેહ**] શરીર [**છતાં**] હોવા છતાં [**નિર્વાણ**] ઉત્કૃષ્ટ જીવન મુક્તદશા અહીં અનુભવાય છે. ૧૧૩

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દુર થાય. ૧૧૪**

**અન્વયાર્થ :-** [**કોટિ**] કરોડો [**વર્ષનું**] વર્ષોનું [**સ્વપ્ન**] સ્વપ્નું [**પણ**] પણ [**જાગ્રત થતાં**] તેવી લાંબી ઊંઘમાંથી જાગતા જીવને [**શમાય**] શમી જાય છે. [**તેમ**] તેમ [**અનાદિનો**] અનાદિનો (શરૂઆત વગરનો) [**વિભાવ**] મિથ્યાત્વભાવ [**જ્ઞાન**] આત્મજ્ઞાન [**થતાં**] થતાં [**દૂર થાય**] ટળે છે. ૧૧૪

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫**

**અન્વયાર્થ :-** [**દેહાધ્યાસ**] શરીર મારું છે એવી ભ્રમણા અર્થાત્ શરીરનું હું કાંઈ કરી શકું એવી ભ્રમણા [**છૂટે**] જીવ જ્ઞાનભાવે છોડે [**તો**] તો [**તું**] તું [**કર્મકર્તા**] ભાવકર્મનો કર્તા [**નહિ**] નથી અને [**તું**] તું [**તેહનો**] તે ભાવકર્મનો [**ભોક્તા**] ભોગવનારો [**નહિ**] પણ નથી અર્થાત્ તું તેનો જ્ઞાતા દ્રષ્ટા છો [**એ જ**] એ જ [**ધર્મનો**] ધર્મનું [**મર્મ**] રહસ્ય છે. ૧૧૫

**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬**

**અન્વયાર્થ :-** [**એ જ**] એ જ [**ધર્મથી**] સાચી માન્યતા રૂપ તથા સ્થિરતારૂપ ધર્મથી [**મોક્ષ**] પૂર્ણ પવિત્રતા [**છે**] પ્રગટે છે, [**તું**] તું [**મોક્ષસ્વરૂપ**] ત્રણેકાળે શુદ્ધ આત્મસ્વરૂપ [**છો**] છો, વળી [**તું**] તું [**અનંત દર્શન જ્ઞાન**] અનંત દર્શન જ્ઞાન-સ્વરૂપ તથા [**અવ્યાબાધ**] કોઈથી તને બાધા (નુકસાન) ન થાય એવું તારું [**સ્વરૂપ**] સ્વરૂપ (સ્વભાવ) છે. ૧૧૬

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;**
**બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭**

**અન્વયાર્થ :-** [**શુદ્ધ**] તું શુદ્ધ છો અર્થાત્ રાગાદિક અને દેહાદિક સર્વ પરભાવથી જુદો છો, [**બુદ્ધ**] તું બોધ સ્વરૂપ છો, [**ચૈતન્યઘન**] ચૈતન્યનો નિબિડ પિંડ છો [**સ્વયંજ્યોતિ**] તું પોતે જ જ્ઞાનજ્યોતિ છો અર્થાત્ તારા શુદ્ધ જ્ઞાન વડે વિકારનો નાશ કરનારો છો [**સુખધામ**] અને તું સુખનો ભંડાર છો [**બીજુ**] વધારે [**કેટલું કહીયે?**] કેટલું કહેવું ? [**કર વિચાર**] તું પોતે આ સ્વરૂપનો વિચાર કર [**તો પામ**] તો તારી શુદ્ધતા પ્રાપ્ત કરીશ. ૧૧૭

**નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય,**
**ધરી મૌનતા એમ કહિ, સહજ સમાધી માંય. ૧૧૮**

**અન્વયાર્થ :-** [**સર્વે**] બધા [**જ્ઞાનીનો**] જ્ઞાનીઓનો [**નિશ્ચય**] નિર્ણય [**આવી અત્ર શમાય**] આમાં આવી એટલે શમાઈ જાય છે, [**એમ**] એમ [**કહી**] કહીને સદ્ગુરુ [**સહજ સમાધિમાંય**] પોતાના સહજ સ્વભાવમાં સ્થિર થયા અને [**ધરી મૌનતા**] સહજ મૌનતાને પ્રાપ્ત થતા અર્થાત્ વાણી બંધ થઈ. ૧૧૮

**શિષ્યબોધબીજ પ્રાપ્તિ.**

**સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,**
**નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯**

**અન્વયાર્થ :-** [**સદ્ગુરુના**] આત્મજ્ઞાની ગુરુનો [**ઉપદેશથી**] ઉપદેશ સાંભળી સ્વસ્વરૂપ વિચારતાં [**અપૂર્વ**] પૂર્વે કદી નહિ થયેલું [**ભાન**] આત્મભાન [**આવ્યું**] પ્રગટ્યું અને [**નિજપદ**] પોતાની જ્ઞાનદશા [**નિજમાંહી**] આત્મામાંથી [**લહ્યું**] પોતે પ્રગટ કરી અને [**અજ્ઞાન**] અજ્ઞાનદશા [**દૂર થયું**] ટાળી. ૧૧૯

**ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;**
**અજર અમર અવિનાશિ ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦**

**અન્વયાર્થ :-** [**નિજસ્વરૂપ**] આત્માનું સ્વરૂપ [**તે**] તે [**શુદ્ધ**] ત્રિકાળી શુદ્ધ [**ચેતનારૂપ**] ચૈતન્યસ્વરૂપ [**અજર**] જરા (ઘડપણ) ન પહોંચે તેવું [**અમર**] મરે નહિ તેવું [**અવિનાશી**] નાશ ન થાય તેવું [**ને**] અને [**દેહાતીત**] દેહથી તદ્દન જુદું [**સ્વરૂપ ભાસ્યું**] છે એમ જ્ઞાનમાં સ્વરૂપ ભાસ્યું. ૧૨૦

**કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય,**
**વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧**

**અન્વયાર્થ :-** [**વિભાવ**] મિથ્યાત્વ [**જ્યાંય**] જ્યાં [**વર્ત્તે**] વર્તે છે ત્યાં [**કર્મનો**] વિકારી ભાવનો જીવ [**કર્તા ભોક્તા**] કર્તા ભોક્તા છે [**નિજભાવમાં**] આત્મસ્વભાવમાં [**વૃત્તિવહી**] પર્યાય વળી [**ત્યાંય**] ત્યારે જીવ વિકારીભાવનો [**અકર્તા થયો**] કર્તા ભોક્તા થતો નથી. ૧૨૧

**અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;**
**કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨**

**અન્વયાર્થ :-** [**અથવા**] બીજી રીતે કહેતાં આત્માનું [**શુદ્ધ**] જેવું શુદ્ધ [**ચેતનારૂપ**] ત્રિકાળી ચેતના સ્વરૂપ છે [**જે**] તેવી જ [**નિજ પરિણામ**] પોતાની શુદ્ધ અવસ્થા પામ્યો અને [**તેહનો**] તેનો તે [**કર્તા ભોક્તા**] કર્તા ભોક્તા થયો અને [**નિર્વિકલ્પ**] વિકલ્પ વિનાનું [**સ્વરૂપ**] પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યુ. ૧૨૨

**મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩**

**અન્વયાર્થ :-** [**નિજ શુદ્ધતા**] પોતાની પૂર્ણ પવિત્રતાને [**મોક્ષ કહ્યો**] મોક્ષ કહેવામાં આવે છે, [**તે**] તે શુદ્ધતા [**પામે**] જે રીતે પમાય [**તે પંથ**] તે તેનો ઉપાય છે અને તે [**નિર્ગ્રંથ**] વીતરાગી [**સકળ**] બધો [**માર્ગ**] માર્ગ [**સંક્ષેપમાં**] ટુંકામાં શ્રી સદ્‌ગુરુએ [**સમજાવ્યો**] અહીં સમજાવ્યો છે. ૧૨૩

**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણા સિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪**

**અન્વયાર્થ :-** [**અહો ! અહો !**] અહો ! અહો ! [**શ્રી**] આત્મલક્ષ્મી યુક્ત [**સદ્‌ગુરુ**] [**કરુણા સિંધુ અપાર**] આપ વીતરાગી કરુણાના અપાર સમુદ્ર છો ! [**પ્રભુ**] આપ પ્રભુએ [**આ પામર પર**] આ પામર જીવ ઉપર [**અહો ! અહો !**] મહા આશ્ચર્યકારક [**ઉપકાર**] ઉપકાર [**કર્યો**] કર્યો છે. ૧૨૪

**શું પ્રભુ ચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્ત્તુ ચરણાધીન. ૧૨૫**

**અન્વયાર્થ :-** [**શું પ્રભુ ચરણ કને ધરું**] હું આપના ચેરણ આગળ શું ધરું ? (આપ પરમ નિષ્કામ છો), [**આત્માથી સૌ હીન**] જગતના સર્વ પદાર્થો આત્માની અપેક્ષાએ હીન છે અને [**તે તો**] તેવો શુદ્ધ આત્મા તો [**પ્રભુએ**] આવા સદ્ગુરુપ્રભુએ [**આપિયો**] સમજાવ્યો, માટે હવે [**ચરણાધીન**] આપના ચરણ અર્થાત્ આપે સમજાવેલ આત્મસ્વરૂપને આધીન [**વર્તુ**] વર્તુ. ૧૨૫

**આ દેહાદી આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬**

**અન્વયાર્થ :-** [**આ**] આ [**દેહાદિ**] દેહ વગેરે [**પ્રભુ આધીન**] આપ સદ્ગુરુપ્રભુની આજ્ઞા મુજબ [**આજથી**] આજથી [**વર્તે**] વર્તો એવી મારી ભાવના છે, અર્થાત્ દેહ કે પર વસ્તુનું હું કાંઈ કરી શકું નહિ એવી જે આપે આજ્ઞા સમજાવી છે તે માની તે પ્રમાણે વર્તુ [**તેહ**] તેવા [**પ્રભુનો**] જ્ઞાની પુરુષોનો [**હું**] હું [**દીન**] નમ્ર [**દાસ, દાસ, દાસ**] દાસ, દાસ, દાસ [**છું**] છું, અર્થાત્ ત્રણ વખત 'દાસ' કહ્યું છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતાની ભાવના સૂચવે છે. ૧૨૬

**ષટ્ સ્થાનક સમજાવિને, ભિન્ન બતાવ્યો આપ,**
**મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭**

**અન્વયાર્થ :-** [**આપ**] આપે [**ષટ્**] છ [**સ્થાનક**] પદ [**સમજાવીને**] સમજાવીને [**મ્યાનથકી**] મ્યાનથી [**તરવારવત્**] તરવારની માફક [**ભિન્ન**] આત્મા તદ્દન જુદો છે અર્થાત્ કોઈ કોઈનું કાંઈ કરી શકે નહિ એમ [**બતાવ્યો**] બતાવ્યું [**એ**] એ આપનો [**અમાપ**] પાર વગરનો [**ઉપકાર**] ઉપકાર છે. ૧૨૭

**દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮**

**અન્વયાર્થ :-** [**આ**] આ [**ષટ્**] છ [**સ્થાનકમાંહિ**] પદમાં [**દર્શન ષટે**] જગતમાં ચાલતા એકાન્તિક છ એ દર્શનમાં [**શમાય છે**] રહેતી ભૂલ સમજાઈ જાય છે અને આ છ પદનો

[**વિસ્તારથી**] બધાં પડખાંથી એટલે અનેકાન્ત દૃષ્ટિથી [**વિચારતાં**] વિચાર કરતાં [**સંશય કાંઈ**] આત્માના સ્વરૂપની કાંઈપણ શંકા [**રહે**] રહેતી [**ન**] નથી. ૧૨૮

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ,**
**ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯**

**અન્વયાર્થ :-** [**આત્મભ્રાંતિ**] આત્માની અભાનદશા [**સમ**] જેવો [**રોગ નહી**] કોઈ રોગ નથી અને [**સદ્ગુરુ**] આત્મજ્ઞાની ગુરુ [**વૈદ્ય સુજાણ**] તે રોગ મટાડવાને માટે સાચા જાણકાર વૈદ્ય છે, [**ગુરુઆજ્ઞા**] સદ્ગુરુએ સમજાવેલ આત્મસ્વરૂપનું જ્ઞાન [**સમ**] જેવું બીજુ કોઈ [**પથ્ય**] પથ્ય [**નહીં**] નથી અને [**ઔષધ**] તે રોગની દવા [**વિચાર ધ્યાન**] આત્મસ્વરૂપનાં વિચાર અને ધ્યાન છે. ૧૨૯

**જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦**

**અન્વયાર્થ :-** [**જો**] જો [**પરમાર્થ**] આત્માના શુદ્ધ સ્વરૂપની [**ઈચ્છો**] ભાવના હોય [**તો**] તો [**સત્ય**] આત્માના ત્રિકાળી સ્વરૂપ તરફ [**પુરુષાર્થ**] પુરુષાર્થને [**કરો**] વાળો [**ભવસ્થિતિ**] ભવ પૂરા થવાના હશે તે દી થશે [**આદિ**] વગેરે [**નામ લઈ**] ખોટા બહાનાં કાઢી [**આત્માર્થ**] આત્માના લાભને [**છેદો નહિ**] છેદો નહિ. ૧૩૦

**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧**

**અન્વયાર્થ :-** [**નિશ્ચયવાણી**] આત્માનું ત્રિકાળી સ્વરૂપ બતાવનારી વાણી [**સાંભળી**] સાંભળીને [**સાધન**] સાચો પુરુષાર્થ [**તજવાં નોય**] છોડવો નહીં પણ [**નિશ્ચય**] તે ત્રિકાળી આત્મસ્વરૂપ [**રાખી લક્ષમાં**] લક્ષમાં રાખી એટલે બરાબર સમજી શુદ્ધતા [**સાધન કરવાં સોય**] પ્રગટ કરવા પુરુષાર્થ કરવો. ૧૩૧

**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨**

**અન્વયાર્થ :-** [**એકાંતથી**] એકલું [**નિશ્ચય**] ત્રિકાળી સ્વરૂપ બતાવનારું [**નય**] જ્ઞાનનું પડખું [**આમાં**] આમાં [**નથી કહેલ**] કહ્યું નથી તેમજ [**એકાંતે**] એકલું [**વ્યવહાર**] વર્તમાન

પર્યાય બતાવનાર જ્ઞાનનું પડખું [**નહિ**] કહ્યું નથી પણ નિશ્ચય અને વ્યવહાર [**બન્ને**] બન્ને [**સાથ રહેલ**] સાથે રહેલ છે. ૧૩૨

**ગછ મતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;**
**ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩**

**અન્વયાર્થ :-** [**ગચ્છમતની**] ગચ્છ અને મતની [**જે કલ્પના**] જે ઊંધી પક્કડ [**તે**] તે [**સદ્‌વ્યવહાર**] સાચો વ્યવહાર [**નહિ**] નથી અને [**નિજરૂપનું**] પોતાના આત્મસ્વરૂપનું [**ભાન નહિં**] ભાન ન હોવું [**તે**] તે [**નિશ્ચય**] ખરેખર [**નહિં સાર**] અસાર છે. ૧૩૩

**આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;**
**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિં કોય. ૧૩૪**

**અન્વયાર્થ :-** [**આગળ**] ભૂતકાળમાં છે [**જ્ઞાની**] જ્ઞાની [**થઈ ગયા**] થઈ ગયા, [**વર્તમાનમાં**] વર્તમાનમાં જે [**હોય**] છે અને [**ભવિષ્યમાં**] ભવિષ્ય [**કાળ**] કાળમાં જે [**થાશે**] થશે તેઓ [**માર્ગ**] મોક્ષનો ઉપાય [**ભેદ નહીં કોય**] એક જ બતાવે છે. ૧૩૪

**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;**
**સદ્‌ગુરૂ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫**

**અન્વયાર્થ :-** [**સર્વ જીવ**] બધા જીવ [**સિદ્ધસમ**] ત્રિકાળશુદ્ધ ચૈતન્યસ્વરૂપ [**છે**] છે એમ [**જે**] જે [**સમજે**] સમજે [**તે**] તે [**થાય**] સિદ્ધપણું પ્રગટ કરે તેમાં [**સદ્‌ગુરુ**] [**આજ્ઞા**] આત્મજ્ઞાની પુરુષે સમજાવેલ આત્મસ્વરૂપનો બોધ અને [**જિનદશા**] સદ્‌ગુરુની વીતરાગી દશા [**નિમિત્ત**] હાજર રૂપ [**કારણ માંય**] કારણ હોય છે. ૧૩૫

**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬**

**અન્વયાર્થ :-** [**ઉપાદાનનું**] આત્માની પોતાની શક્તિને સમજ્યા વિના [**નામ લઈ**] તેનું બહાનું કાઢી [**એ જે**] જે એ [**નિમિત્ત**] સત્સમાગમને [**તજે**] છોડે તે [**સિદ્ધત્વને**] સિદ્ધપણાને [**પામે નહિ**] પામે નહિ અને [**ભ્રાંતિમાં**] ઊંધી પક્કડમાં [**સ્થિત રહે**] ટક્યા કરે. ૧૩૬

**મુખથી જ્ઞાન કથે અને, અંતર છુટ્યો ન મોહ,**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનિનો દ્રોહ. ૧૩૭**

**અન્વયાર્થ :-** [**મુખથી**] મોઢેથી [**જ્ઞાન કથે**] જ્ઞાનની વાતો કરે [**અને**] પણ [**અંતર**] અંતરથી [**મોહ**] પરનું હું કરી શકું એ આદિ ભ્રમણા [**છૂટ્યો ન**] જેને ટળી નથી [**તે**] તે [**પામર પ્રાણી**] પામર પ્રાણી [**માત્ર**] ફક્ત [**જ્ઞાનીનો**] પોતાના આત્માનો [**દ્રોહ**] દ્રોહ [**કરે**] કરે છે. ૧૩૭

**દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ વૈરાગ્ય,**
**હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮**

**અન્વયાર્થ :-** [**દયા**] સ્વસ્વરૂપની દયા, [**શાંતિ**] શાંતિ, [**સમતા**] સમતા, [**ક્ષમા**] સ્વસ્વરૂપની રુચિ (અરુચિનો અભાવ), [**સત્ય**] પોતાના ત્રિકાળી સ્વરૂપનું લક્ષ, [**ત્યાગ**] વિભાવ ભાવને છોડવો, [**વૈરાગ્ય**] રાગને ટાળવો [**એહ**] એ [**મુમુક્ષુ**] મુમુક્ષુના [**ઘટવિષે**] આત્મામાં [**સદાય**] હંમેશાં [**સુજાગ્ય**] સારી રીતે જાગ્રત [**હોય**] હોય છે. ૧૩૮

**મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,**
**તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯**

**અન્વયાર્થ :-** [**મોહભાવ**] સ્વરૂપની અસાવધાનીનો [**ક્ષય**] નાશ [**જ્યાં**] જ્યાં [**હોય**] હોય છે [**અથવા**] અથવા [**પ્રશાંત હોય**] જે અસાવધાની ઠરી ગઈ છે [**તે**] તે [**જ્ઞાનીદશા**] સાચા ધર્મીની દશા [**કહીએ**] છે, [**બાકી કહીએ ભ્રાંત**] બાકી બધી ભ્રમણા છે. ૧૩૯

**સકળ જગત તે એઠવત, અથવા સ્વપ્નસમાન,**
**તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦**

**અન્વયાર્થ :-** [**સકળ જગત્**] તમામ પરવસ્તુ [**તે**] તે [**એઠવત**] એઠા જેવી અર્થાત્ આત્માએ લક્ષ નહિ દેવા જેવી [**અથવા**] અથવા [**સ્વપ્ન સમાન**] સ્વપ્ન જેવી જાણીને તેનાથી નિર્મમ (મમતા રહિત) રહે છે [**તે**] તે [**જ્ઞાનીદશા**] જ્ઞાની પુરુષોની દશા [**કહીએ**] હોય છે. [**બાકી**] એવી દશા ન હોય તો [**વાચા જ્ઞાન**] બોલવા માત્ર જ્ઞાન છે અર્થાત્ અજ્ઞાની છે. ૧૪૦

**સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ,**
**પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧**

**અન્વયાર્થ :-** [**સ્થાનક પાંચ**] પહેલાં પાંચ પદનો [**વિચારીને**] વિચાર કરીને [**છઠ્ઠે**] મોક્ષનો ઉપાય [**જેહ**] જે જીવ [**વર્તે**] ધારણ કરે તે [**સ્થાનક પાંચમું**] પાંચમુ પદ અર્થાત્ મોક્ષ [**પામે**] પ્રાપ્ત કરે [**એમાં**] એમાં [**નહિ સંદેહ**] કાંઈ સંદેહ નથી. ૧૪૧

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,**
**તે જ્ઞાનીનાં ચરણમાં, હો ! વંદન અગણીત. ૧૪૨**

**અન્વયાર્થ :-** [**દેહ છતાં**] શરીર હોવા છતાં [**જેની**] જેણે આત્માની [**દેહાતીત**] શરીરથી પર અર્થાત્ શરીર મારું નથી, હું શરીરનું કાંઈ કરી શકુ નહિ એવી [**દશા**] અવસ્થા [**વર્તે**] પ્રગટ કરી છે [**તે**] તે [**જ્ઞાનીનાં**] જ્ઞાની પુરુષના [**ચરણમાં**] ચરણકમળમાં [**હો વંદન અગણિત**] અગણિત વંદન હો. ૧૪૨

✤ ✤ ✤

# જડ-ચેતન સ્વભાવ

જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ? ૨

જો જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહીં ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મઅભાન;
પણ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત ? ૬

પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિં, નહિં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહિં, નહિં તેહ નહિં હોય;
એક સમય ને સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખ ધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૧

# વસ્તુ સ્વરૂપના મહાન સિદ્ધાંત

**(૧) દ્રવ્યની સ્વતંત્રતા :** આ લોકમાં છ દ્રવ્ય છે :- (૧) જીવ (૨) પુદ્ગલ (૩) ધર્માસ્તિકાય (૪) અધર્માસ્તિકાય (૫) આકાશ (૬) કાળ.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. જીવો અનંત છે. દરેક જીવ સ્વતંત્ર છે. એક જીવ બીજા જીવનું કાંઈ કરી શકે નહિ. જીવના અનંત ગુણો છે. એક ગુણ બીજા ગુણનું કાંઈ કરે નહિ. એક ગુણની અનંત પર્યાયો છે. દરેક પર્યાય સ્વતંત્ર છે. સુખ-દુ:ખની અનુભૂતિ એ પ્રત્યેક જીવની સ્વતંત્રતા છે.

**(૨) ક્રમબદ્ધ પર્યાય :** બધી જ પર્યાયો ક્રમ નિયમિત છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞપ્રભુએ પોતાના જ્ઞાનમાં જે પ્રમાણે જાણ્યું છે તેમ તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે, તે જ નિમિત્તથી તે જ પ્રમાણે પરિણમન થાય, તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કાંઈપણ કરી શકે નહિ.

**(૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા :** દરેક પર્યાય તેની તે સમયની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે ગોઠવાયેલી છે તે જ પ્રમાણે તે જ ક્રમમાં આવે છે, ત્યારે ત્યાં કોઈને કોઈ નિમિત્તની હાજરી હોય છે, પરંતુ નિમિત્ત કાંઈ કરતું નથી. દરેક પર્યાયનું કાર્ય તેની તત્ સમયની યોગ્યતા પ્રમાણે જ થાય છે.

**(૪) પાંચ સમવાય :** કોઈપણ ક્રિયાની પાછળ અનેક કારણ હોય છે અને નીચે મુજબ પાંચ સમવાય મળે ત્યારે જ કોઈપણ કાર્ય નિપજે છે.

(૧) સ્વભાવ (૨) ભવિતવ્યતા (૩) કાળલબ્ધિ (૪) નિમિત્ત (૫) પુરુષાર્થ.

## છ દ્રવ્યની સ્વતંત્રતા દર્શક છ સામાન્ય ગુણ

**(૧) અસ્તિત્ત્વ ગુણ :**

કર્તા જગતનો માનતા, જે કર્મ વા ભગવાનને,
ભૂલી રહ્યા તે દ્રવ્યના, અસ્તિત્ત્વ ગુણના જ્ઞાનને.
જન્મે-મરે નહિ કોઈ વસ્તુ, ધ્રુવ સ્વાધીનતા લહે,
અસ્તિત્ત્વની શ્રદ્ધા વડે, નિર્ભય સુખી સૌ થઈ શકે.

**(૨) વસ્તુત્ત્વ ગુણ :**

વસ્તુત્ત્વ ગુણના કારણે, કરતા સહુ નિજ કાર્યને,
સ્વાધીન ગુણ-પર્યાયનું, નિજ ધામમાં વસવું બને.
સામાન્ય ધ્રુવ, વિશેષ ક્રમ, દ્વારા કરે નિજ કામને,
વસ્તુત્ત્વ ગુણ એમ જાણીને, પામો વિશાળ શિવ ધામને.

**(૩) દ્રવ્યત્વ ગુણ :** દ્રવ્યત્ત્વ ગુણના કારણે, હાલત સદા પલટાય છે,
કર્તા ન હર્તા કોઈ છે, સહુ ટકીને બદલાય છે.
સ્વ દ્રવ્યમાં મોક્ષાર્થી થઈ, સ્વાધીન સુખ લ્યો સર્વદા,
સ્વાશ્રયપણું જાણી કરો, દ્રવ્યત્ત્વની શ્રદ્ધા મહા.

**(૪) પ્રમેયત્ત્વ ગુણ :** પ્રમેયત્ત્વગુણના કારણે, સહુ જ્ઞાનના વિષયો બને,
પરથી ન અટકે જ્ઞાન એ, જાણો સહુ બુદ્ધિ વડે.
આત્મા અરૂપી જ્ઞેય નિજ, આ જ્ઞાન તેને જાણતું,
છે સ્વપર સત્તા વિશ્વમાં, નિઃશંકતાથી માનવું.

**(૫) અગુરુલઘુત્ત્વ ગુણ :** અગુરુલઘુત્ત્વના કારણે, દ્રવ્યો સદા નિજરૂપ રહે,
કોઈ દ્રવ્ય બીજા ગુણમાં, ન ભળે ન વિખરી જાય છે.
નિજ ગુણ-પર્યાયો બધાં, રહેતાં સતત નિજ ભાવમાં,
કર્તા ન હર્તા અન્યકો, એ નિયમ નિત્યે છે મહા.

**(૬) પ્રદેશત્ત્વ ગુણ :** પ્રદેશત્ત્વગુણના કારણે, આકાર વસ્તુમાત્રને,
નિજ ક્ષેત્રમાં વ્યાપકપણે, સ્વાધીનતા રાખી રહે.
આકારની મહત્તા નથી, બસ સ્વાનુભવમાં સાર છે,
સામાન્ય ને વિશેષ ગુણથી, તત્ત્વ શ્રદ્ધા થાય છે.

## પરમાર્થ માર્ગ **અંતિમ સંદેશો** અથવા શુદ્ધ આત્મપદ પ્રકાશ

ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સંયોગી જિનસ્વરૂપ. ૧

આત્મ સ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કોઈ;
લક્ષ થવાં તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખમાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭
વિષય વિકાર સહિત જે, રહ્યા મોતના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહીં આત્મથી, મધ્ય મહાપાત્ર મહાભાગ્ય. ૧૦

નહીં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિત લોભ. ૧૧

**સુખધામ અનંત સુસંત ચહિ, દિન રાત્ર રહે તદ્ ધ્યાનમહિ;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.**

# શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા અંતર્ગત

## ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.

હે ભગવાન ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું.

હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા ! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું અજ્ઞાનથી અંધ થયો છું.

નિરાગી પરમાત્મા ! હું હવે તમારું તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.

હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !

હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ભૂમિકા :** જૈન શાસનમાં પર્યુષણ એ સર્વ પર્વોમાં મહાધિરાજને સ્થાને છે. તેમાં વળી આ પર્વની સવિશેષતા ક્ષમાપનાની આરાધનામાં રહેલી છે. સાતે દિવસની સાધના ક્ષમાપના માટે જ છે. એથી સૌ મહાત્માઓએ એના ગુણગાન ગાયા છે.

શ્રીમદ્‌રાજચંદ્રજીએ તો એમ કહ્યું છે કે :-

''ક્ષમા અંતરક્ષત્રુ જીતવામાં ખડગ છે.
પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે.
ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.''

જૈન દર્શનમાં આચાર્ય ભગવંતોએ મહાન સૂત્રની પ્રરૂપણા કરી છે.

**''ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવાવિ ખમંતુ મે,**
**મિત્તિમે સવ્વ ભૂએસુ, વેરં મજઝં ન કેણઈ''**

હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ખમો, ક્ષમા આપો, સર્વ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે, મારે કોઈની સાથે વેરબુદ્ધિ નથી.

**ક્ષમાનું રહસ્ય :** ક્ષમાનું રહસ્ય સમજનાર સાચો શ્રાવક કોઈ જીવને મન-વચન કાયાથી દુભવતો નથી અને પોતે કોઈના પ્રતિકૂળ વર્તનથી દુભાતો નથી, તેવી સાચી ક્ષમા સ્વ-પર શ્રેયરૂપ છે.

પર્યુષણપર્વના અંતિમ દિવસને સંવત્સરી કહેવામાં આવે છે. તેમાં મુખ્ય ક્ષમાપના પર્વની આરાધના રહી છે. આખા વર્ષમાં, પૂર્વે કે આ જન્મમાં કોઈપણ જીવને આપણે દુઃખ પહોંચાડ્યું હોય કે રીસ, આક્રોશ, અબોલા થયા હોય તો તેની પ્રત્યક્ષ માફી માંગીને જીવનનો ભાર હળવો કરવો. પ્રતિક્રમણ સમયે ફક્ત બે હાથ જોડીને ફેરવી દેવા કે 'મિચ્છામિ દુક્કડં' તે એક રૂઢિગત ક્રિયા છે. જેની સાથે મનદુઃખ થયું હોય તેની પાસે મૈત્રી અને સમતાભાવે હાર્દિક સુમેળ કરી લેવો અને તે પછી એ સમભાવ અને સદ્‌ભાવને જાળવીને વ્યવહાર નિભાવવો. કોઈ જીવ વળતી ક્ષમાપના કરવા તૈયાર ન હોય તો પણ આપણે આપણા પક્ષે નિર્દોષતા લાવીને રીસના કારણો દૂર કરવાં. આ તો આપણને નિર્ભાર થવાની પ્રક્રિયા છે. આપણું હિત ધ્યાનમાં રાખવાનું છે.

એકવાર આપણા ચિત્તમાં શત્રુ પ્રત્યે પણ જો સદ્‌ભાવ થઈ જાય તો તેની અસર-સ્પંદનો દ્વારા ત્યાં સુધી પહોંચે છે. પ્રતિપક્ષી પણ આપણી વાતનો સ્વીકાર કરે છે. જેને બંધન હળવા કે ક્ષીણ કરવા છે તેણે આ માર્ગે જ પોતાની જાતને લઈ જવી આવશ્યક છે. તેમાં કોઈવાર અહં માથું

ઊંચું કરે ત્યારે જાગૃતિપૂર્વક ક્ષમાભાવને આગળ લાવવો અને અહંને કહેવું કે ''એક ભવના થોડા સુખ માટે, અનંતભવનું અનંત દુઃખ શા માટે વહોરો છો? ક્રોધ-માન-માયા-લોભ કરતાં તેનું પરિણામ માઠું આવશે તે પણ હે મૂર્ખ, તું વિચારી શકતો નથી?''

મા ધારે કે મારા ઉદરે પુત્ર જન્મયો છે. મને ભવિષ્યમાં સુખી કરશે પણ જો પૂર્વનાં સંબંધો વેરઝેરવાળા હશે અને કર્મોનો એવો ઉદય થશે તો માતા-પુત્રનાં સંબંધો વેરમાં ફેરવાઈ જશે. માટે એવા ઉદય આવે તો પણ સમજણથી, પ્રેમથી, સમતાથી જીવો, છતાં જીવનમાં ભૂલ થતી રહે ત્યારે ક્ષમા એ એક જ ઉપાય છે જે વેરભાવને દૂર કરે છે. ક્ષમાપનાનું આ વ્યવહારિક સ્વરૂપ છે. તેમ કર્યા વગર પારમાર્થિક સ્વરૂપમાં પ્રવેશ મળતો નથી.

બહુ જ નાનકડી આ જિંદગી છે. કોણ જાણે ક્યારે થોડાક શ્વાસોનો આ કાફલો એના મુકામે પહોંચતા પહેલા જ લૂંટાઈ જાય ! જો આવું બની શકે છે તો પછી શા માટે કોઈની સાથે દુશ્મનીના દાવપેચ રમવા? શા માટે મનમાં કસક રાખીને જીવવું? અજાણ્યા અને ઓછા જાણીતા લોકો સાથે ગેરસમજની ક્ષણો બહુ ઓછી આવે છે, પરંતુ જે આપણા છે, પોતાના છે, એમની સાથે નાની વાતમાં, મામૂલી વ્યવહારમાં તનાવ સવાર થઈ જાય છે. શા માટે? ચાલો આપણા અહંકારને થોડોક ઓછો કરીએ, સ્વકેન્દ્રિત સ્વાર્થવૃત્તિને સીમિત રાખીએ તો કદાચ તાણથી બચી શકીશું.

કોઈએ અન્યાય કર્યો છે, કોઈએ તમને છેતર્યા છે? ભલે, ભૂલી જાઓ... આ બધું ! યાદ રાખવા માટે બીજું ઘણું બધું છે. જખ્મોને ક્ષમા આપી ભૂલી જવામાં સાર છે.

**ક્ષમાપનાનું પારમાર્થિક સ્વરૂપ :**

આ ક્ષમાપનામાં સત્સંગ, ભક્તિ, સ્વાધ્યાય, દોષ-નિરીક્ષણ તથા કબૂલાત પ્રાયશ્ચિત અર્થાત્ પ્રતિક્રમણનો સારાંશ સમાઈ જાય છે. એક એક વાક્ય સમજીને જો ભાવ-શ્રદ્ધાપૂર્વક એકાગ્ર થઈને સાધક તેનું રટણ કરે તો જરૂરથી પાપ પળે પળે પલાયન પામે તથા આ ક્ષમાપનામાં નવતત્ત્વ અને ગુણસ્થાનકનું પણ મહત્ત્વપૂર્ણ રહસ્ય છે.

**ક્ષમાપનામાં નવતત્ત્વનું સ્વરૂપ :**

આમ ક્ષમાપના દ્વારા મિથ્યાત્ત્વથી છૂટી પ્રભુનાં તત્ત્વોમાં શ્રદ્ધા કરી જીવ સમકિત પામે છે. પશ્ચાતાપયુક્ત વ્રતધારી બને છે અને પૂર્ણતાની પાત્રતા ગ્રહણ કરે છે.

આ ક્ષમાપનામાં આપણે નવતત્ત્વનું હાર્દ જોયું. જે તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શનને પ્રગટ

કરે છે. તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે એનાથી એ વાત સમજાય છે. અનાદિનું મિથ્યાત્ત્વ ટળી સમકિત પ્રાપ્ત થવું તે પરમાર્થ ચમત્કાર છે.

**હવે ક્ષમાપનાને ગુણસ્થાનકના સ્વરૂપે જોઈએ.**

હું બહુ ભૂલી ગયો આવું આત્માનું વિસ્મરણ અને પરપદાર્થથી આકાંક્ષા એ મિથ્યાત્ત્વ છે. આ મિથ્યાત્ત્વને કારણે ઉપજેલી વિપર્યાસ બુદ્ધિએ જીવને વીતરાગના વચનનું અશ્રદ્ધાન કર્યું અને તેમના કહેલા શીલાદિ વ્રતનું સેવન ન કરવાથી અવિરતિ પણે રહ્યો, ક્ષમાદિ ધર્મને ન પાળતાં કષાયોનું સેવન કર્યું. મન, વચન, કાયાના ત્રણે યોગથી, શુભાશુભ પ્રવૃત્તિથી આ સંસારમાં ઘણું રખડતો મદોન્મત બની પ્રમાદાચરણ સેવ્યું, વિવેકહીન રહ્યો.

આમ એક મિથ્યાત્ત્વના સંગતથી પાંચે આશ્રવોનું સેવન કરી દીર્ઘકાળ સુધી અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાઈ ગયો, ઘણી વિટંબણા પામ્યો. દર્શન-મોહરૂપ દૃષ્ટિના વિકારથી હું વિવેક ભૂલ્યો અને હે પરમાત્મા તમારા માર્ગને તો મેં જાણ્યો જ નહિં.

હું ધનપતિ, પરિવારવાળો, કીર્તિવાળો એમ અનેક પ્રકારના બાહ્ય સ્વામીત્ત્વના અજ્ઞાનમાં આથડ્યો, આ સંસારના ભવપટ્ટણમાં ચારે ગતિમાં ચોરાશી લાખ યોનિમાં રઝળ્યો. ક્રોધાદિ શત્રુરૂપી મિત્રો, મિથ્યામતિ અને અહંકારના કારણે હું મારું હિત સમજ્યો નહિં. પણ યોગાનુયોગ મોહનીયકર્મનું જોર કંઈ ઓછું થતાં અન્ય કર્મ પડળો પાતળાં થતાં, અથડાતો, કૂટાતો તમારા માર્ગમાં આવવા જેવું મને કંઈક સાધન મળ્યું.

કર્મોનો ક્ષયોપશમ થતાં મારી અંતરશુદ્ધિનો કંઈક અંશ પ્રગટ્યો અને મને ભાન થયું કે સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરૂ અને સ્વભાવરૂપ ધર્મ એ સાચા સાધનો છે. વળી મને જન્મમરણથી છૂટવાની અભિલાષા જન્મી પછી સુક્ષ્મબોધને ગ્રહણ કરવાથી મને મારા સ્વરૂપનું કંઈક દર્શન થયું. અર્થાત્ મિથ્યાત્ત્વ દૂર થતા, અનંતકાળની ભૂલ દૂર થતાં આપની કૃપાથી સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન જીવને પ્રાપ્ત થયું.

આગળના કરેલા પાપોના પશ્ચાતાપથી જીવ પાંચમાં ગુણસ્થાને પહોંચ્યો કે જ્યાં તેને પોતાના સ્વરૂપનું દર્શન વિશેષપણે થતું રહ્યું અને સંસારભાવ છૂટી જતાં સ્વરૂપના પ્રકાશરૂપ નિર્વિકલ્પ દશાનો પ્રકાશ થયો.

ત્યાર પછી જીવની પરમાત્મ દશાનું વર્ણન કરતાં નીરાગી, નિર્વિકારી વગેરે અનંત ચતુષ્કરૂપ ગુણો દ્વારા શ્રેણિના ભાવ દર્શિત થાય છે અને એ જ ભાવમાં અહોરાત્ર રહેવું અર્થાત્ ક્ષાયિકભાવની

તેમાં સહજ આકાંક્ષા છે. જે જીવને ચૌદમાં ગુણસ્થાનક સ્થિતિએ લઈ જાય છે.

આ રીતે ક્ષમાપનામાં ઘણા ગૂઢ રહસ્યો મૂક્યા છે. જેમ જેમ તેને અત્યંત આદરથી વિચારતા જઈએ તેમ તેમ તેના રહસ્યો ખૂલતા જાય છે.

**પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયાનું** રહસ્ય એમાં સમજાય છે. પ્રતિક્રમણમાં મુખ્યત્વે પાપોથી પાછા વળવાની પ્રક્રિયા છે અને તે છ આવશ્યકનું અનુષ્ઠાન છે. તેવા ભાવો સમજાય છે.

**(૧) સામાયિક** - ભગવાનના કહેલા શીલ, દયા, શાંતિ, ક્ષમા પાળવા અર્થાત્ સાવદ્ય પાપ વ્યાપારનો ત્યાગ કરવો.

**(૨) ચઉવીસંથો** - જિનવર સ્તુતિ = તમે નિરાગી, નિર્વિકારી, અનંત દર્શન - અનંતજ્ઞાની ઈત્યાદિ રૂપે સ્તુતિ કરી છે.

**(૩) વંદન** - ગુરુવંદન = તમારું, તમારા ધર્મનું, તમારા મુનિનું શરણ ગ્રહું છું.

**(૪) પ્રતિક્રમણ** - હે ભગવાન ! હું બહુ ભૂલી ગયોથી માંડી જીવને જે જે દોષોનું દર્શન થયું તે ઉદ્ગાર દ્વારા જીવ કબૂલ કરે છે કે આવા દોષોને કારણે હું આથડ્યો, રઝળ્યો. મારા એ સૌ અપરાધં ક્ષય થઈ હું સર્વ પાપોથી મુક્ત થાઉ એ જ મારી અભિલાષા છે. માત્ર કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું અર્થાત્ પાપોથી કે દોષોથી પાછો વળું છું.

**(૫) કાઉસગ્ગ :** 'સૂક્ષ્મવિચારથી ઊંડો ઉતરું છું' તમારા કહેલા માર્ગમાં અહોરાત્ર હું રહું. દેહભાવનો ત્યાગ થઈ આત્મભાવમાં સ્થિર થાઉં છું, તે કાયોત્સર્ગ છે.

**(૬) પ્રત્યાખાન :** તમારા કહેલા તત્ત્વો વિના મારો મોક્ષ નથી. હવે મારે આપની આજ્ઞામાં રહેવું છે. વગેરે પ્રત્યાખાનની ભાવનારૂપ છે.

આ રીતે ક્ષમાપના એ છ આવશ્યક ક્રિયાઓનો સમાવેશ કરી લે છે - સામાયિક, પ્રતિક્રમણ, વંદના, સ્તુતિ, કાયોત્સર્ગ અને પ્રત્યાખાન્.

**અનુષ્ઠાન :** ક્ષમાપના એ જીવનનું અનુષ્ઠાન છે. તેને આ પ્રમાણે ઘટાવવું. કોઈ નિયમભંગ થાય, કંઈ જાણે અજાણે અસત્ય, ક્રોધ, જેવા દોષો થાય, આહારાદિમાં દોષ થાય, કોઈનો અનાદર અવિવેક થાય, મનમાં કોઈ વિકારાદિનો ઉછાળો આવે, અર્થાત્ જ્યાં જ્યાં દોષ દર્શન કે પ્રતિજ્ઞા ભંગ થાય ત્યાં ત્યાં બે ત્રણ, ચાર, પાચ વાર એક સાથે દોષ પ્રમાણે સંખ્યામાં ભાવપૂર્વક ક્ષમાપના કરવી.

સવારે, સાંજે અને સૂતા એમ ત્રિવિધ પ્રકારે નિત્ય ક્ષમાપનાનું આરાધન કરવું.

વળી આ ક્ષમાપનામાં ભક્તિ, જ્ઞાન અને ક્રિયા ત્રણ યોગના ભાવ થઈ શકે તેમ છે.

**ભકિતયોગ :** ભૂમિકા પ્રમાણે પ્રારંભમાં તો પરમાત્મા પાસે પોતાના મનની નિર્મળતા થવા દોષોને ગાળવા અને ટાળવાનો ભાવ કરી, ભક્તિમાર્ગમાં પ્રવેશ કરે છે અને પછી ભક્તિનું મૂળ સ્વરૂપ અર્પણતા છે તે ભાવ ગ્રહણ કરી કહે છે : 'હે પરમાત્મા ! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.' વળી તમે નિરાગી છો. સચ્ચિદાનંદ સ્વરૂપ છો, તેમ સ્તૂતિ દ્વારા ભક્તિ જણાવી છે.

**જ્ઞાનયોગ :** 'હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું' મારા સ્વરૂપનો પ્રકાશ થાય છે. એનો ભાવાર્થ મને આત્મજ્ઞાન થાય છે. મારા જ્ઞાનનું પ્રગટ થવું છે.

**ક્રિયાયોગ :** તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ, વળી સર્વ પાપથી મુક્ત થવાની ભાવના વગેરે અંતરંગ ક્રિયારૂપ છે.

આવી રીતે જ્ઞાનીના બોધની, શૈલીની અનુપમ વિશિષ્ટતા છે કે જિજ્ઞાસુઓ પાત્રતા પ્રમાણે તેમાંથી ઘણા ભાવને પકડી શકે અને જીવ જન્મ-મરણથી મુક્ત થવાનો ઉપાય યોજી શકે.

આ રીતે આ ક્ષમાપનામાં ભવોભવની ક્ષમાપના આવી જાય છે. શ્રદ્ધા અને સમજણ પૂર્વક ભાવસહિત એનો નિયમિત પ્રયોગ દુઃખમુક્તિ કરાવી શકે છે.

## ભાવાર્થ :

### "હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો"

શું ભૂલી ગયો? સ્વયં પોતાને જ ભૂલી ગયો. વ્યવહારના કાર્યમાં ભૂલ થાય ત્યારે એમ કહેવાય છે હું ભૂલી ગયો, પણ અહીં તો 'બહુ' શબ્દ વાપર્યો છે. એટલે કોઈ અગત્યની વસ્તુનું વિસ્મરણ થયું છે અને જગતમાં બહુમૂલ્ય તો એક 'આત્મા' જ છે. અહીં જે દોષ અથવા ભૂલ કહેવી છે તે સર્વ ભૂલની મૂળ ભૂલ, સૈદ્ધાંતિક ભૂલ છે કે જેના કારણે અનાદિ કાળથી સંસારમાં રખડવું પડે છે, જન્મમરણ થયાં કરે છે, તે એ કે અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું. અન્ય દ્રવ્યના પરિણમનમાં પોતાનું સુખ માનવું અને જે સાચું સુખ સ્વ (આત્માની) અંદર છે તેની વિસ્મૃતિ થઈ જવી. અન્ય દ્રવ્યમાં ત્રણ ચીજો આવે છે : (૧) અનાદિ કાળથી ઈચ્છા કરી પ્રાપ્ત કરેલા પુદ્ગલ પદાર્થો, (૨) સંબંધે જોડાયેલ વ્યક્તિઓ (૩) પ્રાપ્ત થયેલ આ જડ દેહ. અનાદિ કાળથી આ જીવની દૃષ્ટિ હમેશાં આ ત્રણ દ્રવ્યો પર જ પડી છે અને દરેક ભવમાં એની ઈચ્છા કરી, એને પ્રાપ્ત કર્યા, એને ભોગવ્યા, જ્યારે ભોગવી ભોગવી થાકી ગયો ત્યારે ખોળિયું બદલાવ્યું. બસ આ જ પ્રમાણે અનાદિ કાળથી ભવભ્રમણ ચાલુ જ રહ્યું છે. ક્યારે પણ એની દૃષ્ટિ નિજ પર-ભગવાનઆત્મા-શુદ્ધાત્મા પર પડી નથી અને આ જ ભવોભવની ભૂલ છે.

જો કે સંસારના જીવોને કંઈ આ વાત સરળપણે ગળે ઊતરે તેમ નથી, છતાં લાચારીથી તે વસ્તુ સ્વીકાર કર્યા વગર કોઈ ચમરબંધીનું પણ ચાલ્યું નથી.

આ ભૂલ ક્યારથી થઈ છે? જીવ અનાદિકાળથી જ પોતે પોતાને વીસરી ગયો છે. જ્ઞાનીઓએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેમ દરેક જણ વિચારે તો સમજાય કે અનાદિકાળથી પર વસ્તુમાં મિથ્યા મમત્ત્વ કરીને આત્માને બંધન કર્યું છે, તેથી જન્મમરણ થાય છે. પોતાનું શું એ વિચારે તો ભૂલ સમજાય અને ખરેખરી રીતે ભૂલ સમજાય, ત્યારે પશ્ચાતાપ કરે.

આમ જીવ અનાદિકાળથી પોતાને જ ભૂલી ગયો છે અને જે પોતાનું નથી તેને પોતાનું માનીને તે છૂટી જતાં કે છોડતાં પોક મૂકીને રડે છે. આવી ભયંકર ભૂલથી તે ભ્રમણ કરે છે અને દુ:ખ પામે છે.

થોડુંક ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો આ કોઈ ક્રિયાની ભૂલ નથી, પ્રથમ અભિપ્રાયની ભૂલ છે. આપણો અભિપ્રાય મિથ્યા (જુઠ્ઠો) છે, ખોટો છે, આ માન્યતાની ભૂલ છે. આપણી માન્યતા વિપરીત છે. આ ભૂલ સુધારવા પ્રથમ આપણી માન્યતા-અભિપ્રાય બદલવો પડે.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' આ સ્વરૂપના સમજણની ભૂલ છે. મને મારું સાચું સ્વરૂપ શું તે સમજાયું નથી - 'હું આત્મા છું' એ વિસ્મૃતિ થઈ ગઈ છે અને તેના પરિણામે આ અનંત સંસાર ઊભો કર્યો છે.

''હું કોણ છું? ક્યાંથી થયો? શું છે સ્વરૂપ મારું ખરું?'' જીવને પોતાની સાચી ઓળખાણ થઈ નથી અને તે જ આની ભૂલ છે. પોતાના ભગવાન આત્માનું નિત્યપણું જણાયું નથી. બધી જ અનિત્ય વસ્તુઓને પોતાની માની-એના પરિણમનથી દુઃખ અનુભવી રહ્યો છે.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. સ્વાધીન છે અને પોતાનું કાર્ય પૂર્ણ કરવા સંપૂર્ણ સામર્થ્યવાન છે. દ્રવ્યનું પરિણમન સ્વયંસંચાલીત હોવાથી એના પરિણમન સાથે મારા સુખ-દુઃખને કંઈ સંબંધ નથી એ ન જાણ્યું એ જ મારી ભૂલ છે.

આ ભગવાન આત્મા તો અનંતજ્ઞાનનો ધણી આનંદમય અને સુખમય જ છે. અનંતશક્તિનો ધારક એવો આ આત્મા પોતે પોતાને-પોતાની શક્તિઓને-પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવને ભૂલી ગયો છે એ જ પોતાની ભૂલ છે.

અનાદિકાળથી આ જીવે પૂર્વે કોઈ દિવસ નિજ પરમતત્ત્વ તરફ દૃષ્ટિ જ નથી કરી - કોઈ દિવસ પોતાનું સુખ સ્વમાં છે એ જાણ્યું નથી - માન્યું નથી - અનુભવ્યું નથી.

આ જીવે ક્યારેય પણ એવો નિર્ણય કર્યો નથી કે પોતે સ્વયં ભગવાન છે.

'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.'

પોતે સ્વયં ભગવાન છે, સ્વયં સુખમય છે,

એ જીવે જાણ્યું **નથી,**
એ જીવે માન્યું **નથી,**
અને એ જીવે અનુભવ્યું **નથી.**

આ છે મૂળમાં ભૂલ. 'હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો' એનો આવો વ્યાપક અને સૂક્ષ્મ ભાવ રહેલો છે. અનાદિકાળની આ ભૂલની આ જીવ ક્ષમાપનાની શરૂઆતમાં જ પશ્ચાતાપ કરી પોતાનું હૃદય ખાલી કરે છે.

❖ ❖ ❖

## "મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં"

હવે બીજું શું શું ભૂલી ગયો તે જણાવે છે કે -

આ મનુષ્ય દેહ દુર્લભ છે. તેની એક ઘડી પણ અમૂલ્ય છે. તેમા કોઈ સત્પુરુષનો ઉપદેશ મળવો અત્યંત દુર્લભ છે. એવા સત્પુરુષનાં વચનો પ્રાપ્ત થવા ત્રણે કાળે અત્યંત દુર્લભ હોવાથી અમૂલ્ય છે, છતાં જ્યારે તે મળી આવ્યા ત્યારે તેનું મહાત્મ્ય જાણ્યું નહીં. સત્પુરુષના એક એક વચનને લક્ષમાં લીધાં નહીં. હવે કયા અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં? પ્રભુ ! આપે કહ્યું કે "તું એક શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી આત્મા છે. દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો તું આત્મા છે."

"તું છો મોક્ષસ્વરૂપ; અનંતદર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખ ધામ;"

આવા અમૂલ્ય કલ્યાણકારી અનુપમ વચનોને આ જીવે લક્ષમાં લીધાં નહીં. આ જીવ એના બદલે એમ જ બોલતો રહ્યો, "દેહ તે હું છું, અનેક નામે રૂપે, ઈંદ્રિયે, મનાદિ કષાયે હું છું. પુત્રાદિ પરિવાર, ઘર, નગર, વ્યાપાર આદિના પ્રસારમાં હું છું અને પુનઃ પુનઃ તે સર્વેને છોડતો-ગ્રહતો આવ્યો છું."

પ્રભુના આ દિવ્ય વચનમાં જ મારું કલ્યાણ છે, એવું સમજ્યો નહિ, શ્રદ્ધયું નહિ તેને સામાન્યમાં ગણી કાઢ્યાં અથવા તો પૂરાં સાંભળ્યાં જ નહીં સત્પુરુષના એક એક વચનમાં એટલું સામર્થ્ય હોય છે કે ફક્ત એક જ વચનને લક્ષમાં લેવાથી કેટલાય જીવ સંસાર તરી ગયા છે - મોક્ષે ગયા છે.

સત્પુરુષનાં વચન વિચારીને જીવે લક્ષ કરી લેવાનો છે કે હવે મારે શું કરવાનું છે? જો લક્ષ બંધાઈ જાય તો પછી તેના પ્રયત્નમાં લાગી જાય- જો સત્પુરુષનાં વચનોનો મહિમાપ્રમોદ આવે તો તેનો પરિચય, પ્રીતિ, પ્રવૃત્તિ થાય અને એ વચનોમાં જે નિજપદનું લક્ષ કરવાનું કહ્યું છે તેની પ્રાપ્તિ થાય.

સત્પુરુષના વચનથી આત્માનું હિત શામાં છે, તે વિચારીને શું કરવું તેનો લક્ષ થવો જોઈએ. એ રીતે સત્પુરુષનાં વચનો લક્ષમાં લીધા નહીં તેથી હજી સંસારનો અંત આવ્યો નથી.

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ'

"અહો ! શ્રી સત્પુરુષ કે વચનામૃતં જગહિતકરં;" સત્પુરુષનાં વચનો ત્રણે કાળના ત્રણે જગતના જીવોને આત્મકલ્યાણ તરફ પ્રેરનાર છે.

"રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દયો - આ વચનને હૃદયે લખો."

❖ ❖ ❖

## "તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિ."

ભગવાને જીવ અને અજીવ તથા તેના વિસ્તારરૂપે નવ તત્ત્વ અથવા છ દ્રવ્ય કહ્યાં છે. તેમાં આખા વિશ્વના પદાર્થો આવી જાય છે. આ જીવતત્ત્વથી શરૂઆત કરીને જીવતત્ત્વ મોક્ષતત્ત્વરૂપે કેમ પરિણમે-આ જીવને મોક્ષની પ્રાપ્તિ કેમ થાય તે દર્શાવ્યું છે અથવા તો આ આત્મા એ જ અનુપમ તત્ત્વ છે. આત્માને જાણતાં વિશ્વનાં સર્વ પદાર્થનું જ્ઞાન પણ યથાર્થપણે થાય છે. 'જે આત્મજ્ઞ-તે સર્વજ્ઞ.' ભગવાને કહેલાં આ તત્ત્વોને ઊંડા ઊતરી વિચાર્યાં નહીં. જગતમાં જાણવા જેવું પ્રયોજનભૂત આ સાત તત્ત્વો જ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

પ્રભુ ! હે સર્વજ્ઞ પરમાત્મા ! વળી આપે અનુપમેય તેવું આત્મતત્ત્વ પ્રગટપણે કહ્યું, દર્શાવ્યું, છતાં તે સ્વરૂપનો મેં વિચાર કે બહુમાન કર્યું નહિ. જગતના પર પદાર્થોમાં એવો તન્મય રહ્યો કે તદ્દન નિકટ એવું અનુપમ તત્ત્વ તે પ્રત્યે દૃષ્ટિ કરવાનો મને વિચાર પણ ન આવ્યો.

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલ્લંઘી હો જાય, જિનેસર.
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધો અંધ પલાય જિનેસર.

અનુપમ પરમ નિધાન એક પ્રદેશ પણ અસમીપ નહિ અને છતાં પ્રભુ ! કયાં કયાં રખડયો. સૂક્ષ્મ નિગોદમાં એક શ્વાસમાં સાડાસત્તર વાર ઉપજ્યો-વિરમ્યો, અતિ અંધકારમય દશામાં પ્રભુ! વિચારનો અવકાશ જ કયાં હતો? એમ ને એમ અનંતકાળ આથડયો, ત્યાંથી વળી વ્યવહારરાશિમાં સ્થૂળ નિગોદ-પૃથ્વીકાય વગેરેમાં અનંત અજ્ઞાનનું દુઃખ સહેતો ગયો - મનરહિત સર્વ ત્રસયોનિમાં હાલતો ચાલતો તો રહ્યો પણ અંધકારરૂપ અજ્ઞાનમાં કંઈ વિચારી ન શક્યો. મહા પુણ્યયોગે મનુષ્ય-આકૃતિ પામ્યો, ત્યારે જગતના સુખ શોધમાં કેટલાય પ્રયોજન કરી મૂળ તત્ત્વનો પરિચય પામ્યો નહિ. આમ આંધળાની પાછળ આંધળો દોરાય તેમ સંસારના પ્રવાહમાં દોરાતો રહ્યો.

તત્ત્વ સમજાવું એ સિદ્ધાંતબોધ છે, તે થવા પ્રથમ ઉપદેશ બોધ અથવા વૈરાગ્ય ને ઉપશમની જરૂર છે. કષાયની મંદતા થાય, માત્ર મોક્ષ અભિલાષા થાય, આત્માનું હિત કરવાના ભાવ જાગે, ત્યારે જિજ્ઞાસુ કે આત્માર્થી બને ત્યારે સદ્‌ગુરુનો બોધ સિદ્ધાંતબોધ રૂપે અને પછી તેનો જ વિચાર કરે. બીજા સંસારના વિચારો છોડીને ભગવાનના કહેલા તત્ત્વનો વિચાર કરે.

અહીં તત્ત્વના વિચાર સંબંધી ભૂલનો એકરાર રજુ કર્યો છે.

## "તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં"

ભગવાનનાં વચનો સાંભળે, લક્ષમાં લે, એ અનુપમ તત્ત્વોનો ઊંડાણથી વિચાર કરે અને એમાં શ્રદ્ધા આવવા માંડે એટલે જીવનમાં આચરવાના ભાવ થાય. તમે પ્રરૂપેલા ઉત્તમ પ્રકારના શીલવ્રતને સેવ્યું નહીં. શીલ એટલે ઉત્તમ ચારિત્ર્ય. તેમાં વ્યવહાર દૃષ્ટિએ બ્રહ્મચર્ય જેવા વ્રતનો સમાવેશ થાય છે.

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

યોગ્યતા-પાત્રતા મેળવવા પ્રથમ આ કાર્ય થવું જોઈએ.

ગૃહસ્થ મર્યાદિતપણે બ્રહ્મચર્ય પાળે છે તે તેનું શીલ છે. ઈંદ્રિયોનો સંયમ તે શીલ છે. એક શીલમાં ઘણા ગુણોનો સમાવેશ થાય છે. એટલે અહિંસાદિ પાંચ વ્રતોને પંચશીલ પણ કહેવામાં આવે છે.

"એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર."

વ્યવહારથી ગૃહસ્થના ધર્મો અને મુનિના ધર્મો પ્રણીત કર્યા છે તે રીતે વર્તન કર્યું નહીં. પ્રયત્ન કરતાં કરતાં જ્યારે સદ્‌વર્તન સહજ થઈ જાય ત્યારે તે શીલ કહેવાય. બીજી રીતે કહીએ તો ભગવાનની આજ્ઞાનુસાર વર્તવાનો પ્રયત્ન કર્યો નહિ. સત્પુરુષનાં વચન હૃદયમાં ઊતરી જાય પછી તે પ્રમાણે આચરણ કરવું તે શીલ. પ્રથમ સત્પુરુષનાં વચનો લક્ષમાં લે એટલે શ્રદ્ધા દૃઢ થાય, પછી તેને ઊંડા વિચારી તત્ત્વ સમજે એટલે જ્ઞાન થાય અને તે પ્રમાણે આચરણ કરે એટલે શીલ અથવા ચારિત્ર આવે. એમ દર્શન, જ્ઞાન અને ચારિત્રની અગત્યતા દર્શાવી.

સંયમરૂપી ઉત્તમશીલને સેવ્યા વગર પ્રભુ ! હું આકૃતિએ માનવ હોવા છતાં પ્રકૃતિએ તો પશુતામાં રહ્યો. તેથી આત્માના ભૂષણરૂપ શીલના સત્ત્વને પ્રગટ કરી ન શક્યો. એ રીતે બહુ ભૂલી ગયો. એ રીતે ઉત્તમ શીલને સેવ્યું નહીં.

નિશ્ચયનયથી ભગવાને જે ઉત્તમ ચારિત્ર અથવા શીલ ઉપદેશ્યું છે કે આત્મસ્વરૂપનો નિર્ણય, શ્રદ્ધા કરી તેમાં રહેવું, તે શીલ મેં પાળ્યું નહીં.

"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાય એવા
નિર્ગ્રંથનો પંથ, ભવ અંતનો ઉપાય છે."

પોતના સ્વરૂપમાં ન રહેવાની જીવની આ ભૂલનો એકરાર છે.

❖ ❖ ❖

## "તમારાં કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં"

દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા ગુણોને લૌકિક અર્થમાં જાણ્યા છે પણ ભગવાને જેને દયા, શાંતિ વગેરે કહ્યા છે તેની ઓળખાણ પડી નથી. તેનો વિસ્તારથી વિચાર કરીએ.

**દયા :** મેં મારી ધારણા મુજબ કે પરંપરાગત દયાદિ ધર્મો પાળ્યા પણ ભગવાનની આજ્ઞાનુસાર તેનું સેવન ન કર્યું. એથી તે દયાદિ ધર્મો દ્વારા હું માર્ગ પામ્યો નથી, કારણ કે તેના સાચા સ્વરૂપને ઓળખ્યા નહીં. દયા જ મૂળ ધર્મ છે, તેવા ભાવ રાખી મેં સર્વજીવો પ્રત્યે મૈત્રી સમભાવ કેળવ્યો નહિ. સત્ય-શીલ સર્વ દયાથી શોભે છે. જેમ કે દયા ધર્મને મેં બાહ્ય દાનકાર્ય અને સૂક્ષ્મ જીવોની અહિંસા પૂરતો મર્યાદિત રાખ્યો પણ સ્વ-દયા કે સ્વરૂપ દયાના સૂક્ષ્મ ભાવો સહિત દયા ધર્મને જાણ્યો નહિ. સ્વ દયા એટલે પોતાના આત્માને અનાદિકાળથી કર્મબંધ કરી દુ:ખી કર્યો છે તે બંધનથી મુક્ત કેવી રીતે થાય? તે વિચારી ધર્મમાં પ્રવેશ કરવો. જે કંઈ ધર્મક્રિયા વગેરે કરવું તે આત્માર્થે કરવું, આત્માને કર્મબંધથી મુક્ત કરવા લક્ષપૂર્વક વર્તવું તે દયા છે. તેથી દયાને ધર્મનું મૂળ કહ્યું છે. પરિભ્રમણથી મુક્ત થવા રૂપ સ્વ દયા તો ચિંતવવી જ. આ જ હું ભૂલી ગયો.

**શાંતિ :** કાંઈપણ બોલવું નહીં, ગુમસુમ બેઠા રહેવું, કાંઈ પ્રવૃતિ ન કરવી તેને શાંત રહેવું એમ બધા માને છે. પણ ભગવાને પ્રથમ સમકિત કરવા કહ્યું છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા કહ્યું છે. પોતાના આત્માને ઓળખે, જાણે પછી તેની તેવી જ પ્રતીતિ થાય, શ્રદ્ધા થાય અને પછી તેમાં સ્થિર થઈ જવું તે જ શાંતિ છે. સમકિત નથી થયું ત્યાં સુધી ક્રોધાદિ ન કરે તો પુણ્ય બંધાય પરંતુ આત્માનો લક્ષ નથી ત્યાં સુધી કર્મથી ન છૂટે. આત્માનો લક્ષ હોય ત્યાં પછી કષાય રોકે વગેરે તે બધું આત્મામાં રહેવા અર્થે થાય છે. શાંતિ એટલે બધા વિભાવ પરિણામથી થાકવું, નિવૃત થવું. સ્વભાવ પરિણામ ઓળખે પછી વિભાવ પરિણામ ગમે નહીં તેથી નિવૃત થાય. વિભાવથી હઠી સ્વભાવમાં આવે તો કલ્યાણ છે. કલ્યાણ એ જ શાંતિ છે. આત્માની ઓળખાણ હોય તો તેનું માહાત્મ્ય લાગે એટલે જે કરે તે આત્માર્થે થાય. શાંતિ એ જ મારું સ્વરૂપ છે છતાં મેં બહારની અનુકૂળતાને, શાતાયોગને, શુભ યોગને, શાંતિ માની અને ધર્મઆરાધનામાં આગળ વધ્યો નહિ. વ્યાકુળદશા એ જ અશાંતિનું કારણ છે. શાંતિ સ્વયં સુખનું કારણ છે. આવી શાંતિનું સ્વરૂપ મેં જાણ્યું નહીં. વિભાવદશા કે પરપદાર્થોમાંથી સુખ-બુદ્ધિનો ત્યાગ ન કર્યો. શાંતિ એ રાગ, દ્વેષ, ભય-ચિંતા, વ્યાકુળતા રહિત ચિત્તની સ્થિતિ છે. આવી શાંતિનું સ્વરૂપ હું ઓળખ્યો નહીં.

**ક્ષમા :** આત્મગુણરૂપી જીવનના દસ ગુણોમાં ક્ષમા એ પ્રથમ ગુણ છે. 'ક્ષમા' એ મોક્ષનો દરવાજો છે. સાચી ક્ષમા ધારણ થઈ કે મોક્ષના પ્રવેશની પાત્રતા પ્રાપ્ત થાય છે. કોઈપણ પ્રકારના ઉપદ્રવ, ઉપસર્ગ કે પ્રતિકૂળતામાં પણ, ગમે તેવા કષાય ઉત્પન્ન કરનાર નિમિત્તો ઊભા થાય આવે, તો પણ ક્ષમા ધારણ કરનાર મુનિ ધન્ય છે. શત્રુ-મિત્ર પ્રત્યે સમાન ભાવ તે ક્ષમાનું હાર્દ છે.

''શત્રુ મિત્ર પ્રત્યે, વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે, તે જ સ્વભાવ જો.
જીવિત કે મરણે, નહિ ન્યુનાધિકતા
ભવમોક્ષે પણ, શુદ્ધ વર્તે સમભાવ જો..''

બળપૂર્વક સ્વભાવમાં જ રહેવું તે ક્ષમા છે. ક્ષમા આત્માનો ગુણ છે – ક્રોધાદિ વિભાવ છે. ક્ષમા સ્વભાવ છે. સ્વભાવમાં રહેવું એ જ આત્માનો ધર્મ છે. ક્ષમા એ વીરનું ભૂષણ છે.

આવા ક્ષમાના સ્વરૂપને ન ઓળખવું એ જીવની ભૂલ છે અને આ ભૂલનો અહીં એકરાર છે.

**પવિત્રતા :** અંતર બાહ્ય બંને પ્રકારની નિર્મળતાથી જીવન પૂર્ણતા પામે છે. અહીં શરીરની પવિત્રતાનો પ્રકાર નથી, પરંતુ બાહ્ય જીવન વ્યવહારમાં સમતા, નમ્રતા, સરળતા અને ઉદારતા આદિ ગુણો સહિત વર્તવું અને અંતરંગમાં રાગાદિ, ક્રોધાદિ વિભાવ રહિત દશાનો અભ્યાસ કરવો તે પવિત્રતા છે. સમ્યગ્ વિચાર, સમ્યગ્ શ્રદ્ધા, સમ્યગ્ આચાર અને વ્યવહાર તે જીવનની પવિત્રતા છે.

પવિત્રતા એટલે આત્માની શુદ્ધતા સર્વથી પવિત્રમાં પવિત્ર વસ્તુ આત્મા છે તે કર્મને લઈને અશુદ્ધ થઈ રહ્યો છે. ''મોક્ષ કહ્યો **નિ જ** શુદ્ધતા'' – જેટલી કર્મનિર્જરા થાય તેટલી શુદ્ધતા-પવિત્રતા થઈ કહેવાય. સમકિત થાય ત્યારથી નિર્જરા થવા માંડે છે. આત્માની કર્મમલરહિત દશા થાય તે જ મોક્ષ છે. દયા, શાંતિ, સમતા, ક્ષમા વગેરે કરીને એ શુદ્ધ ભાવનું ઓળખાણ કરવાનું છે. સમકિત ગુણ આવે એટલે આત્માના બધા ગુણો ઓળખાય. સર્વ ગુણાંશ તે સમકિત. સમકિત થતાં આત્મા વિભાવમાંથી ફરીને સ્વભાવ તરફ ઢળે છે. શુદ્ધાત્મામાં પરિણમવું તે જ પવિત્રતા છે.

હે પ્રભુ ! મેં બહાર સારા દેખાવા પ્રયત્નો કર્યાં પણ અંતરંગ પવિત્રતા ધારણ કરી નહિ એ ભૂલનો આ એકરાર છે.

**"હે ભગવાન ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત અને કર્મરજથી કરીને મલિન છું."**

હે ભગવાન ! આપની આજ્ઞાનો અનાદાર કરવાથી મારા સ્વરૂપને, સાચા ધર્મને, સાચા સુખને જ વીસરી ગયો. ભૂલ્યો અને પરિણામે અન્ય સ્થળે સુખની શોધમાં આથડ્યો, રઝળ્યો. આત્માના ગુણો ઓળખ્યાં નહીં ત્યાં સુધી ભૂલ્યો તેથી સંસારમાં આથડ્યો-અજ્ઞાનને લીધે જન્મમરણ કર્યાં. તૃષ્ણાથી દુઃખી થતો રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું. આમ કર્મરાશીને વધારતો અનંત સંસારને વધારતો જાઉં છું. કેટલું દુઃખ લાગ્યું ત્યારે આ વચનો નીકળ્યા હશે ! સંસાર અત્યંત દુઃખરૂપ લાગે ત્યારે ત્યાંથી પ્રીતિ ખસે એવું છે. સંસારથી પ્રીતિ ઊઠે ત્યારે પરમાર્થમાં જોડાય. સમકિત નથી થયું ત્યાં સુધી અનંત સંસારની ઉત્પત્તિ કરી રહ્યો છું.

ગુણોરહિત મારું જીવન પાપથી ભરેલું છે. હું પાપી છું. મિથ્યાત્ત્વ છે ત્યાં સુધી પાપ જ છે પાંચ મહાવૃત પાળતો હોય પણ મિથ્યાત્વ છે તો પાપી જ છે.બધા પાપનું મૂળ મિથ્યાત્ત્વ છે જેને છૂટવું છે તેને પ્રથમ મિથ્યાત્ત્વને ટાળવા લક્ષ રાખવાનો છે. ધન, રૂપ, બળ, વિદ્યા, કુળ, જાતિ, ઐશ્વર્ય અને તપ એ આઠ પ્રકારના મદ છે તેમાં જીવ તણાઈ જાય છે. હું માનું છું કે જગતમાં હું ધારું તે કરી શકું છું એક નહિ પણ આઠ પ્રકારના મદોન્મત્ત હાથીઓ પર સવારી કરું છું પણ પ્રાણ ચાલ્યા જતાં આ એકનું પણ અસ્તિત્ત્વ ટકતું નથી, કારણ કે તે સૌ યમના સંતાન છે. નજીવી વસ્તુ મળી તેનો અહંકાર અનંતાનુબંધી કષાય મિથ્યાત્વ સાથે રહે છે, તેને પ્રથમ કાઢવાના છે માન ન હોય તો અહીં જ મોક્ષ છે. હું જાણું છું એમ થાય છે તે અનંતાનુબંધી માન છે તે જાય તો સમકિત થાય. મિથ્યાત્ત્વ જાય ત્યાંથી જ મોક્ષની શરૂઆત થાય છે જ્યાંસુધી કર્મ-રજ છે ત્યાં સુધી મલિન છે કર્મ નિમિત્તે ભાવ મલિન થાય છે. તેથી તે આત્માને અપવિત્ર કરે છે.

માટે હે ભાઈ ! તું જરા ધીરો પડ. દેહાશ્રિત બળ તો થોડા કાળમાં રોગમાં ફેરવાઈ જવાની સંભાવના છે માટે તારા સ્વ-બળનો સહારો સ્વીકારી સાચું સુખ સંપ્રાપ્ત કરવા દોષોથી દૂર રહે. કર્મરૂપી મલિન રજથી તારું વાસ્તવિક સ્વરૂપ ઢંકાઈ ગયું છે કષાયરૂપી મલિનતા વડે તેના પર આવરણ આવ્યું છે. હે પ્રભુ ! કર્મના મલિન પ્રહારો દ્વારા હું જડ થઈ ગયો છું મારી આવી અવદશાનો આરો આવે એવો અવકાશ આપો, પ્રભુ !

❖ ❖ ❖

## ''હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી.''

આગળ દર્શાવેલ મારી મલિન દશામાંથી ઊગરવાનો એક જ ઉપાય છે હું આવો છું પણ પરમાત્મા પવિત્ર છે, સર્વ કર્મરજથી રહિત છે, નિર્દોષ છે તેથી તેનું અવલંબન લેવા કહે છે કે હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. તત્ત્વ એટલે આત્મપ્રાપ્ત કરવાની વ્યવસ્થા. આપણને આત્માનું સ્વરૂપ પોતાની મેળે સમજાઈ શકે એમ નથી એ માટેની વ્યવસ્થા નવકારના પાંચ પદમાં સમજાવેલી છે. તત્ત્વ એટલે દેવ-ગુરુ-ધર્મ. સાચા દેવ અરિહંત અને સિદ્ધ, સાચા ગુરુ આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ. એમણે પ્રરૂપેલો ધર્મ એ સાચો ધર્મ. જ્યારે મોક્ષ-દુઃખમુક્તિ કરવી હશે ત્યારે આ ત્રણનું અવલંબન લેવું પડશે.

પ્રભુએ દર્શાવેલાં તત્ત્વો વિના મારી દુઃખમુક્તિ, મિથ્યાત્ત્વાદિ કર્મોથી મુક્તિ નથી. આ તત્ત્વની સમજ-પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તે જ મોક્ષનું બીજ છે ધર્મની શરૂઆત સ્વાનુભૂતિથી (સમ્યગ્દર્શન) થાય છે અને તેની પૂર્ણતામાં અનુભૂતિની પૂર્ણતા (કેવળજ્ઞાન)માં જ થાય છે. માટે આ દુઃખ મુક્તિનો ઉપાય મિથ્યાત્ત્વનું વમન કરી - પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું છે.

''સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે.''

વીતરાગનો સન્માર્ગ તેનો સદ્ઉપાય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની એકતા તે **''મોક્ષમાર્ગ''** છે.

સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી તે 'સમ્યક્દર્શન' છે. તે તત્ત્વનો બોધ થવો તે 'સમ્યક્જ્ઞાન' છે. તેમાં સ્થિરતા થવી-તેવો અનુભવ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે.

શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિત થવી આ ત્રણેની એકતા છે. સર્વજ્ઞ ભગવાને શુદ્ધ આલંબન માટે ત્રણ તત્ત્વ કહ્યાં છે. સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરૂ, સર્વજ્ઞોપદષ્ટ ધર્મ-આ ત્રણેની પ્રતીતિથી તત્ત્વપ્રતીતિ થાય છે.

અજ્ઞાન અને મોહ જવા માટે નવ તત્ત્વોને જ્ઞેય, હેય અને ઉપાદેય રૂપ વિવેક દર્શાવ્યો છે.

❖ ❖ ❖

## "હું નિરંતર પ્રપંચમાં પડચો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું."

નિરંતર એટલે હમેશાં-બધી જ વખતે. પ્રપંચ-પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં લાગી રહેવું તે બધો પ્રપંચ છે. જોવા, સાંભળવા વગેરેમાં ખોટી થઈ રહ્યો છું હું તો નિરંતર જગતની કાર્યજાળમાં, ઘણું મેળવવામાં, ભોગવવામાં સુખની કલ્પના કરી પ્રપંચમાં પડચો છું. મારી દૃષ્ટિ હંમેશાં બાહ્ય જ રહી છે અને આ જ મારી મૂળ ભૂલ છે. શુદ્ધાત્મા-ભગવાન આત્મા તરફ મારી દૃષ્ટિ ક્યારેય થઈ નથી જ્યાં મારું સુખ છે તે વાત મને ખબર નથી-બાહ્ય-પર-પદાર્થોમાં જ સુખની કલ્પના કરી એમની ઈચ્છા, પ્રાપ્તિ અને ભોગવવામાં જ દુઃખી થઈ રહ્યો છું. અજ્ઞાનથી-વિપરીત બુદ્ધિથી તેને સારું માન્યું છે. જે છોડવાનું છે તેને હિતકારી માન્યું છે તેથી છૂટી શકે નહિ. મારા અજ્ઞાનથી વાસ્તવમાં અનાદિકાળથી હું અંધ બન્યો છું જેથી અચિંત્ય એવા મારા શુદ્ધ સ્વરૂપનું દર્શન હું કરી શકતો નથી.

સદ્‌ગુરુના ઉપદેશથી વિવેક આવે તો અજ્ઞાન દૂર થાય પરંતુ એવી વિવેક કરવાની શક્તિ મારામાં નથી વિવેક આવે તો તે અજ્ઞાન ટાળે એવો બળવાન છે. વિવેકનું કામ જુદું કરવાનું છે. હિત-અહિત, શ્રેય-અશ્રેય, દેહ અને આત્મા વગેરેને જેમ છે તેમ ભિન્ન ઓળખવાં તે વિવેક છે. મારું હિત-અહિત-જોવા-જાણવાની શક્તિ પણ હું ગુમાવી બેઠો છું. સંસારનો એકે પદાર્થ એવો નથી કે જે મારા રાખવાથી રહે અને મૂકવાથી જતો રહે. છતાં તે સર્વમાં મારાપણાનો ભાવ કરી હું વિવેક ભૂલ્યો છું. એટલે સ્વ-પરનો ભેદ જાણી શક્યો નહિ. જડ-ચેતનની નિતાંત ભિન્નતા સમજી શક્યો નહિ અને આ વિવેક ન હોવાથી હું મૂઢ છું. વિવેકશક્તિ એટલે ભેદજ્ઞાન, વિવેકશક્તિ નથી અને તેનું ભાન પણ નથી એ મૂઢતા છે. મદિરાવશ મનુષ્ય જેમ ગટરને ઘર માને, બેહોશીમાં સુખ માને છતાં કંઈ જ ભાન ન મળે તેવો મૂઢ બની જાય છે. સંસારમાં મોહવશ જીવની દશા આવી હોય છે પોતાને ભૂલી જવો અને અન્યને પોતાના માનવા એ મૂઢતા છે મુખ્ય દોષ છે આ મૂઢતા-અજ્ઞાન દશામાંથી બહાર નીકળવું હોય તો જ્ઞાની પુરુષનો આશ્રય લેવો જોઈએ તે નથી. તેથી નિરાશ્રીત છું આત્મા-પરમાત્માની શ્રદ્ધારહિત પ્રાણીમાત્ર નિરાશ્રિત-નિઃસહાય, અનાથ છે. ધર્મ સાચું શરણું છે તેના સ્વીકાર વગરનો પ્રાણી નિરાશ્રિત છે, અનાથ છે. જેનું આ સંસારમાં કોઈ ન હોય તે અનાથ કહેવાય. ખરો નાથ આત્મા છે; તે પ્રગટે ત્યારે સનાથ થવાય. સદ્‌ગુરૂનો આશ્રય મળે તો પણ સનાથ થવાય ધર્મ વગર પ્રાણી અનાદિકાળથી અનાથ છે અને રહેશે આ રીતે અહીં વર્તમાન લાચાર અવસ્થા બતાવી છે.

❖ ❖ ❖

## "નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું."

નાથ કોણ? નીરાગી પરમાત્મા, જેણે પરમાત્માસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે આખું જગત રાગદ્વેષમાં પડ્યું છે પરમાત્મા નીરાગી છે જેને સંસારમાંથી છૂટવું હોય તેણે શું કરવું? પરમાત્મારૂપ દેવ, તેમણે ઉપદેશેલો ધર્મ અને તે ધર્મને સમજીને આચરે તેમજ અન્યને સમજાવે એવા મુનિ અથવા ગુરૂ આ ત્રણ શરણ છે. તેની ઉપાસના કરતાં જીવ શરણવાળો થાય.

કોઈ બાઈ ઘંટીમાં જ્યારે દળવા માટે દાણા નાખે છે ત્યારે કેટલાક દાણા સ્વતઃ ઊછળીને ખિલડામાં ભરાઈ જાય છે. તેમ જગતમાં દુઃખ સહીને કંઈ ભાન આવવાથી ભાગ્યશાળી ભવ્ય આત્માઓની ભાવનાઓ જાગ્રત થાય છે. એ સમયે પૂર્વનું કોઈ આરાધનાનું બળ સહાય કરે છે ત્યારે સંસારી ભાવની મંદતા થાય છે અને પરમાત્માના પંથનો પથિક બને છે અને હવે તે નીરાગી પરમાત્માનું શરણ સ્વીકારવા તૈયારી બતાવે છે.

આ જગતમાં આ જીવને વ્યવહાર દૃષ્ટિથી અરિહંત-સિદ્ધ-સાધુ અને કેવળી પ્રરૂપેલા ધર્મ સીવાય બીજું કોઈપણ શરણ નથી. જ્યારે આ જીવ આવા નિર્ણય પર પહોંચે છે ત્યારે તેનું અંતર પોકારે છે કે -

"પ્રભુ વિના બીજે કયાંય સુખ નથી
સુખ છે તમારા શરણમાં."

પરમાત્માનું શરણ સ્વીકારી તે માર્ગે ચાલવા તેમના પ્રરૂપિત દયાદિ ધર્મનો નિરૂપક એવા સત્શાસ્ત્રોનો, પાંચ વૃતાદિ સંયમનો પોતે સ્વીકાર કરે છે. વળી તે માર્ગને પૂર્ણપણે પાળનારા એવા મુનિઓનું પણ શરણ ગ્રહી કૃતાર્થ થાય છે. તેમના આજ્ઞા અને આશ્રયે આત્મશ્રદ્ધાનો આધાર ગ્રહીને મુક્તિમાર્ગે આગળ વધે છે.

આ સંસારમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્ તપ સંયમ શરણ છે તથા ઉત્તમ ક્ષમાદિક દસ ધર્મ આલોકમાં પ્રત્યક્ષ છે. તે સમસ્ત ક્લેશ, દુઃખ મરણ, અપમાન, હાનિથી રક્ષા કરવાવાળા છે.

નિશ્ચયથી આ જીવને પોતાના આત્માનું જ શરણ છે. એ જ શરણું એને સાચું સુખ આપી શકે એમ છે. નિજ આત્મા એજ પરમશરણ-સહજ આત્મસ્વરૂપ પરમગુરુ. સહજ સમાધિ એ જ સ્થિરતા છે. એ જ ધર્મ છે.એ જ શરણ છે.

❖ ❖ ❖

**"મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ જ મારી અભિલાષા છે. આગળ કરેલા પાપોનો હવે હું પશ્ચાતાપ કરું છું."**

હે પ્રભુ ! અઢાર પાપસ્થાનોમાં અપરાધવાળો થઈ, મિથ્યાંત્ત્વથી, અનાદિકાળથી આજ સુધી મેં અપરાધોની પરંપરા સર્જી છે. હું અપરાધી છું પરમાં સુખબુદ્ધિ કરી તેને ગ્રહણ કરવાનો (આશ્રવ) અને તેને મારા માનવાનો અપરાધ કર્યો છે. આ અશુભ આશ્રવ છે તેમાં ય શુભમાં -ભૌતિક સુખને પોતાના માની ત્યાં જ રોકાઈ ગયો. જેની આરાધના કરવી જોઈએ તેની આરાધના કરતો નથી પોતામાં દોષો છે તે જણાતા નથી. આત્માની આરાધના કરતો નથી એ મોટો દોષ છે. જે જે કારણોને લઈને આત્માની આરાધના થતી નથી તે મારા પાપો ટળી જાય, મારા અપરાધ ક્ષય થાઓ. દુઃખદાયક સર્વ કર્મથી-પાપથી સર્વથા મુક્ત થાઉં, એ જ મારી અભિલાષા છે. પાપથી મુક્ત થાય તો નિર્દોષ થાય આત્માની શુદ્ધતા-પાપરહિત દશા એ જ મોક્ષ છે બધાં કર્મ પાપ છે તેમાં ચાર ઘાતિયાં કર્મ મુખ્ય પાપ છે. તેમાં ય મુખ્ય મોહનીય અને તેમાં ય દર્શનમોહનીય પ્રથમ જવો જોઈએ. મિથ્યાત્ત્વ પ્રથમ જવું જોઈએ પાપ થયું હોય તો પછી શું કરવું? પશ્ચાતાપ. ઘણાં ભવ નિષ્ફળ ગયા પણ હવે આ ભવમાં આત્માર્થ કરી લઉં આ જન્મનાં પાપોથી મુક્ત થવાની મેં અભિલાષા કરી. નવા આવતાં કર્મો રોકાય તેવો ભાવ થાય તેનું નામ સંવર. પણ હે પ્રભુ ! આગળના કરેલા પાપના પરિણામો ભોગવ્યા વિના તો છુટકારો થવાનો નથી જે કંઈ થઈ ગયું તેનો હવે પશ્ચાતાપ સિવાય ઉપાય પણ શું છે? પૂર્વ કર્મોથી મુક્ત થવા માટે નિર્જરાધર્મ છે. પશ્ચાતાપ એ અભ્યંતર તપનું પ્રથમ સોપાન છે પુનઃ પુનઃ પાપ ન કરવું તે પશ્ચાતાપ છે તે બે બાજુ કાર્ય કરે છે ઉદયમાં આવેલા કર્મોનો નાશ કરે છે અને જૂનાં કર્મોનો પણ નાશ કરે છે પશ્ચાતાપ એ સરળ અને અમોઘ સાધન છે. ભૂલ થઈ હોય તેની માફી માગે તો પોતાનું હિત થાય અને બીજાને પણ અસર થાય છે. પશ્ચાતાપરૂપ અગ્નિમાં તપીને માનવચિત શુદ્ધ થાય છે. જાગૃત થાય છે. ખોટે રસ્તેથી પાછો વળી સન્માર્ગે આવે તો શું કરવું તેનો ઊંડો વિચાર કરી શકે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ક્રોધના વિચારોથી સાતમી નરકે જવાય એવા પાપનાં દળિયા બાંધ્યા; પણ પાછો ખરો પશ્ચાતાપ કરી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયાં આ જ રીત છે પાપથી મુક્ત થવાની ક્ષમાપના બોલવાનો હેતુ એવો પશ્ચાતાપ જગાડવાનો છે.

❖ ❖ ❖

## "જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે"

અહીં ઉત્તમ મર્મની વાત કરેલ છે. "કર વિચાર તો પામ" અથવા વસ્તુ સ્વરૂપ સમજવા જે ઊંડો વિચાર કરવામા આવે તે સૂક્ષ્મ વિચાર છે. ઊંડાણમાં સૂક્ષ્મતા છે. "વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પામે વિશ્રામ, રસ સ્વાદન સુખ ઊપજે, અનુભવ યાકો નામ." એમ બનારસીદાસે કહ્યું છે. બીજા વિચારથી મન થાકી જાય, આત્માનો વિચાર કરતાં સુખ ઊપજે, શાંતિ થાય. ઊંડો ઊતરું છું એટલે બાહ્યભાવોથી છૂટું છું. જ્ઞાની પુરુષના વચનના અવલંબને પોતાનું ખરું સ્વરૂપ સમજાય છે.

પશ્ચાતાપાદિ દ્વારા શ્રદ્ધા-બોધરૂપ ભૂમિકા થવાથી-ઉપાયની ઉપશાંતતા થવાથી, કર્મોનો ઉદય અતિશય મંદ થવાથી જે આત્મબળ પ્રગટ થાય છે તેથી પરિણામોની શુદ્ધિ થાય છે.

આવે જ્યાં એવી દશા, સદ્ગુરૂ બોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય."

સુવિચારણા-સૂક્ષ્મવિચારથી મારા અંતરંગમાં, આત્મભાવમાં ઊંડો ઊતરું છું, એકાગ્ર થાઉં છું - આત્મવીર્ય શુદ્ધાત્મા તરફ ફોરવાય છે પછી તેનો અભ્યાસ થઈ જતાં મન તે તરફ સહેજે ઢળે છે ત્યારે ભગવાનનું અદ્ભુત સ્વરૂપ દેખાય છે. વૈરાગ્ય, ઉપશમ વડે ઊંડા ઊતરતાં તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપને પ્રકાશીત કરે છે. ભગવાનમાં દોષ કે વિભાવ નથી એ વિચારતાં પોતેં દોષ અને વિભાવથી પાછો વળે. ત્રણ લોકના નાથ શુદ્ધ આત્મરૂપ ભગવાન છે ભગવાનના તત્ત્વ-આત્મસ્વરૂપ સુધી નજર જાય તો ચમત્કાર લાગે છે કે મારું સ્વરૂપ પણ તમે જેવું તમારું સ્વરૂપ પ્રગટ કર્યું છે તેવું જ છે. મૂળ સ્વરૂપમાં ક્યાંય ભેદ નથી કર્મને લઈને ભેદ કહેવાય છે.

જેમ જેમ શુદ્ધ પરિણામ વડે (જ્ઞાની-મુનિદશા) ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના દ્રવ્ય-ગુણ-પર્યાયની અતિશય નિર્મળતાના દર્શન કરી તેની અદ્ભુતતા જોઈ પ્રસન્ન થાઉં છું. તમારું તત્ત્વ આત્મદ્રવ્ય અનંતગુણોની શુદ્ધ દશાનું ભાજન છે. જેવું દ્રવ્યતત્ત્વ છે તેવા ગુણો છે દ્રવ્ય અને ગુણોની અદ્ભુત એકતા છે અને તે ગુણોની શક્તિ નિર્મળ પર્યાય દ્વારા વ્યક્ત થઈ, શુદ્ધ ચેતનાના સ્પંદનો દ્વારા મારા સ્વરૂપનું મને દર્શન કરાવે છે, 'સોહં' તું છે તે જ હું છું "જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ" જ્ઞાનરૂપી પ્રકાશમાં હું મારા તત્ત્વનો અનુભવ કરી કૃતકૃત્ય થાઉં છું. હે પરમાત્મા ! આપના અનુપમેય પ્રગટ શુદ્ધ તત્ત્વ વગર મારા અચિંત્ય તત્ત્વનો અનુભવ મને કોણ પ્રાપ્ત કરાવત? ખરેખર ! અદ્ભુત એવું આ સ્વરૂપ પ્રગટ થયું.

❖ ❖ ❖

## "તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય-પ્રકાશક છો."

જ્ઞાની પુરુષ કેવા નિશ્ચિત છે, સુખી છે તેનો વિચાર કરીએ તો આપણું ચિત્ત એ ભાવમાં આવી જાય છે, જ્ઞાની પુરુષ કેવા છે?

**નિરાગી** : સંપૂર્ણ રાગ-દ્વેષથી મુક્ત-જેના એક રોમમાં કિંચિત્ પણ અજ્ઞાન, મોહ કે અસમાધિ રહી નથી. જ્યાં આત્માને વિકારમય થવાનો એક પણ અંશ રહ્યો નથી.

**નિર્વિકારી** : રાગ-દ્વેષથી થતા સર્વ વિકારથી રહિત.
'દર્પણ જેમ અવિકાર સુજ્ઞાની'

**સચ્ચિદાનંદ** : સત્-આત્મા, સત્ ચિદ્ આનંદ સ્વરૂપ, આત્માને જાણવાથી થતાં આનંદ સ્વરૂપ, ભગવાન આત્મિક સુખવાળા છે. પોતાના આત્માનું સહજ સુખ અનુભવે છે.

**સહજાનંદી** : સહજ સ્વભાવી આનંદ-સુખપૂર્ણ-જ્ઞાનાનંદ સહજ સ્વભાવી જ્ઞાની પુરુષ છે. પરાવલંબીત નથી.

**અનંતજ્ઞાની** : **અનંત દર્શી** પ્રભુના કેવળજ્ઞાન-કેવળદર્શનમાં ત્રણે લોકના, ત્રણે કાળના અનંત પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાયનું પ્રતિબિંબ ઝળક્યા કરે છે. સર્વ જ્ઞેય પદાર્થો જાણે તેમાં ઝળકી પોતે કૃતાર્થ થયા હોય તેમ તે પ્રત્યે ઝૂકે છે. એક આત્માને જાણતા સર્વે લોકાલોક જણાય છે. એક નિજ સ્વરૂપ વિષે દૃષ્ટિ કરવાથી, તે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે.

**ત્રૈલોક્યપ્રકાશ** : સર્વ આવરણ દૂર થયાં હોવાથી ભગવાનને ત્રણ લોકનું, ત્રણ કાળનું, જ્ઞાન છે. ત્રણે લોકમાં પ્રભુની પરમ શુદ્ધ ચેતના જ્ઞાન પ્રકાશ રૂપે વિલસી રહી છે. છતાં પ્રભુની સહજદશા સર્વથી બાધારહિત અખંડતાને વિષે વહ્યા કરે છે. તે સ્વરૂપ અભિમુખ થયેલા આત્માઓને ઉપકારક બને છે.

હે પ્રભુ ! આપના અનંતગુણોનું શું વર્ણન કરવું? તે વર્ણન કરવાની પણ મારી અશક્તિ છે.

"સંગ તજી, રાગ તજી, સમતા સજી, પ્રભુ કર્મોનો નાશ કરીને,
જ્ઞાતા દ્રષ્ટા થયા, વિશ્વ સકળના, સુખ વીર્ય અનંત વરીને."

પ્રભુના આવા સ્વરૂપને શું કામ જાણ્યું?

"જે જાણતો અરિહંતને, દ્રવ્ય ગુણ, પર્યાયથી,
તે જાણતો નિજ આત્મને, દ્રવ્ય ગુણ, પર્યાયથી"

આ ભગવાનના ગુણોમાં ચિત્ત રાખવા યોગ્ય છે. બીજું જાણવાની ઈચ્છાથી નિવર્તી, જ્ઞાનીના સ્વરૂપનો લક્ષ રાખવો.

❖ ❖ ❖

## "હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું"

હે પરમ કૃપાળુ પરમાત્મા ! હું રાગી, મેં મારા અવગુણો તમારી સમક્ષ રજૂ કર્યા. તમારા ગુણોની અને મારા અવગુણોની તુલના કરી - તમે નિરાગી છતાં ગુણોનો ભંડાર, તમારા મેં ગુણગાન ગાયા - આ સર્વ કથનનો હેતુ માત્ર મારા કલ્યાણ માટે હતો. ભૂતકાળ તો હાથમાંથી સરી પડ્યો છે, તે તો બદલી શકાય એમ નથી. તેમાં સુધારણા કરવાનો એક માર્ગ તમે ખુલ્લો મુક્યો છે, તે કેવળ ક્ષમારૂપ ભવ્ય દરવાજો છે. તેથી મારા સર્વ દોષો દૂર થાય તે માટે ક્ષમા ચાહું છું. વિભાવરૂપી રોગની નબળાઈ પીડે નહિ તેથી તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

આ ક્ષમાપના કોઈ સાંસારિક સુખની ઈચ્છાથી કરી નથી. માત્ર આત્માનું હિત થાય, કર્મ બંધનથી મુક્ત થવાય એ હેતુથી કરી છે. ખરા ભાવથી ભગવાનને અંતરમાં સાક્ષી રાખીને કરી છે હવે અહીં ભગવાનની સાક્ષીનું મહત્ત્વ સમજીએ.

નિમિત્તાધીન-પૂર્વે બાંધેલા કર્મ પ્રમાણે (શુભ અને અશુભ) બંને ઉદયમાં આવશે-વર્તમાનમાં આવ્યા કરે છે. તે વખતે જો આ જીવને પોતાના શુદ્ધાત્માનું સ્વરૂપ-જે સિદ્ધ જેવું છે તે યાદ કરાવવા જ્ઞાનીની સાક્ષી જરૂર છે. તે વખતે રાગ-દ્વેષ ન કરતાં સમતા રાખું જેથી ફરી તેવા કર્મ ન બંધાય એમ ભગવાન પ્રત્યેની સાક્ષી રહેવાની યાચના છે. બીજું કંઈ ઈચ્છવું નથી. જે આવે તે ખમી ખૂંદવું. ભગવાનને ભૂલવા નહીં. ધીરજ ન છોડવી, દઢતા હોય તો ક્ષમા રહે.

કર્મના ઉદય વખતે આ ચાર વસ્તુઓની યાદ રાખવી જરૂરી છે. જો નિજ આત્મા સાક્ષીરૂપ હશે તો યાદ રહેશે.

પ્રથમ જાણવું કે આ કર્મનો ઉદય છે.

પછી જાણવું કે હું આત્મા છું - શુદ્ધાત્મા છું, પરમાત્મા છું.

શુદ્ધાત્મા છું માટે સુખમય છું. જ્ઞાનાનંદમય છું.

ઉદય એ પરદ્રવ્યનું પરિણમન છે - એ પરદ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે અને મને એટલે મારા સુખ-દુઃખને એ પરિણમન સાથે કાંઈ લેવા-દેવા નથી.

હવે કયા ઉદય પર રાગ કરું? કયા ઉદય પર દ્વેષ કરું? આટલું સમજાઈ જાય તો અહીં જ પ્રત્યક્ષ મોક્ષ છે.

❖ ❖ ❖

## "એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ."

ક્ષમાપનારૂપી પ્રતિક્રમણની વિધિ પૂરી થઈ. ફરી પાછા આવા કર્મ બંધનની પ્રવૃત્તિ ન થાય તેનું પ્રત્યાખ્યાન કરવું બહુ જરૂરી છે. એ પ્રત્યાખ્યાન શું છે? ભગવાન પાસે શું માગ્યું છે તે કહે છે. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય. તમારા કહેલા રસ્તામાં રાત-દિવસ -સર્વકાળ હું રહું. નિ:શંકતા એ સમકિતનો પહેલો ગુણ છે. એક પળ પણ માત્ર શંકા થાય તો બધું બગાડી નાખે, ગાઢ કર્મ બાંધી લે. શંકા સંતાપકારી છે શંકા રહિત સમકિતીને રાત-દિવસ પુરુષાર્થ જાગે, રાત-દિવસ આત્મામાં વૃત્તિ લાગી રહે એમ એ રીતે મોક્ષમાર્ગમાં વર્તુ એ માંગ્યું. હવે ભક્તિકર્તવ્ય અને ધર્મકર્તવ્યનો ભેદ સૂક્ષ્મતાથી સમજીએ સત્પુરુષની આજ્ઞાએ સ્તુતિ, નિત્યનિયમ, સ્વાધ્યાય વગેરે કરવું તે ભક્તિ છે અને તે કરતાં જે આત્મહિતના વિચાર આવે, કષાયની મંદતા થાય, આત્માનાં પરિણામ સ્થિર થાય તે ધર્મ છે. શરૂઆતમાં ભક્તિ એ મુખ્ય છે તેનું પરિણામ ધર્મ છે. દેહને અંગે બીજાં કાર્યમાં પ્રવર્તવું પડે ત્યારે અને રાત્રે નિદ્રામાં પણ ભાવના તો આત્માર્થ કરવાની જ રહે એમ લક્ષ રાખવો. એમ દિવસ તેમજ રાત્રે ભગવાનની આજ્ઞામાં ધર્મધ્યાનમાં પ્રવર્તાય એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ એટલે મારી સર્વ ઈચ્છા અને વર્તન મોક્ષ માટે જ હો !

અનાદિકાળથી આજ પર્યંત શંકાસાગરમાં ગળકા ખાઈ સંસારસાગરમાં ડૂબતો રહ્યો. સર્વત્ર રખડી, રઝળી હવે દઢ નિર્ણય પર આવ્યો છું કે એક પળ પણ તમારા પ્રરૂપિત તત્ત્વોની શંકા ન રહે, આપની આજ્ઞા અનુસાર નિરંતર વર્ત્યા કરું. આપની ભક્તિ ઉપાસના દ્વારા આપના માર્ગની ઉપાસના કરું. આજ એક અભિલાષા રહો. સંવેગભાવ એ જ અભિલાષા-માત્ર મોક્ષ-સંસારમુક્તિ-દુ:ખમુક્તિ આ જ એક પ્રયોજન.

ખાતાં-પીતા, ઊઠતાં-બેસતાં, રાત્રિ-દિવસ એક જ રણકાર, 'તૂહીં તૂહીં' સંવેગભાવપૂર્વક આત્માની એક જ રઢ છે, એક વૃતિ છે. સહજ સ્વભાવ સ્થિતિમાં પ્રતિષ્ઠા થાઓ. દરેક સમયે આત્માની-નિજ શુદ્ધાત્માની-ભગવાન આત્માની સ્મૃતિ રહે-હર સમયે એ જ મારી દષ્ટિનો વિષય બની રહે, સર્વ ક્રિયાઓ એના જ આશ્રયે થાય. માત્ર જાણવા જેવો, માનવા જેવો, શ્રદ્ધા કરવા જેવો, અનુભવવા જેવો આ શુદ્ધાત્મા જ છે - આવી વૃત્તિ થાઓ - આ સાચી આકાંક્ષા છે.

❖ ❖ ❖

**''હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.''**
**''ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ''**

હે ભગવાન ! આપ સર્વજ્ઞ છો. તેથી બધું જાણો છો. મારા સત્તામાં રહેલા કર્મને પણ જાણો છો. ત્રિકાળવર્તી જ્ઞાનના ધારક સર્વજ્ઞ ભગવાન ! જગતનું એક રજકણ પણ તમારાથી અપ્રત્યક્ષ નથી. આ જગતમાં અનંત દ્રવ્ય-એક એક દ્રવ્યની અનંત પર્યાયો અને એકપણ પર્યાય તમારા જ્ઞાનની બહાર નથી. હું અલ્પજ્ઞ, તમને શું કહું? એટલે મારે વિશેષ કહેવાનું નથી વળી જે પણ કહીશ તેમાં તો મારી અલ્પજ્ઞતાનો દોષ રહેવાનો અને આપ તો સંપૂર્ણ વસ્તુ જાણો છો.

મારી પાસે આ ક્ષમા સિવાય કોઈ શસ્ત્ર, શાસ્ત્ર કે ઉપાય નથી મારી પાસે માત્ર આ એક જ મૂડી 'ક્ષમા' છે. મારા કર્મજન્ય પાપો ક્ષય થાય અને ફરી તેવાં ન બંધાય એવી સમતા, ક્ષમા, ધીરજ રહે એમ ઈચ્છું છું. અનેક પ્રકારનાં દોષોના પશ્ચાતાપમાં બળીને અનંત પ્રકારના કર્મજન્ય પાપોની ક્ષમા માંગી હું પવિત્ર થઈ તમારી કૃપાને પાત્ર થાઉં તે જ અભિલાષા છે, તે પ્રભુ, પૂર્ણ કરજો.

''હે જિનરાજ ! તું જાણે છે સઘળું, ત્રિકાળનું એક કાળે,
અનંત ભેદ લોક અલોકના, પર્યાય સર્વ નિહાળે,
તો તમે નાથ શું જાણો નહિ, કંઈ આ ભવના મુજ પાપો !
તો પણ કહું તુમ આગળ તે, શુદ્ધ થવા સપશ્ચાતાપો.''
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મારા આત્માનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ એવી ભાવનાથી વિરમું છું. સર્વ વિભાવ પરિણામથી થાકવું, નિવૃત થવું તે શાંતિ છે. તેથી અવશ્ય કલ્યાણ થાય છે.

આમ ક્ષમાપના દ્વારા મિથ્યાત્ત્વથી છૂટી પ્રભુનાં તત્ત્વોમાં શ્રદ્ધા કરી જીવ સમકિત પામે છે. પશ્ચાતાપયુક્ત વ્રતધારી બને છે અને પૂર્ણતાની પાત્રતા ગ્રહણ કરે છે.

આ ક્ષમાપના દિવસમાં બે વખત ભાવવાથી જીવનાં પરિણામ નિરંતર શુદ્ધ થતાં જાય છે.

**ઉપસંહાર :**

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે. એવો નિશ્ચય રાખવો. જીવના અનાધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી. તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એમ વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે. તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !

હે જીવ ! આ ક્લેશરૂપ સંસારથકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા ! નહીં તો રત્નચિંતામણી જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હે કામ ! હે માન ! હે સંગઉદય !

હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !

હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?

પરમ અનુગ્રહ કરીને અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ !

## હે કહાન ગુરુદેવ! પ્રણિપાત સ્તુતિ

હે પરમ કૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ (માર્ગ) આપ શ્રીમદે અનંતકૃપા કરી મને આપ્યો. તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષની મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

''સુખધામ અનંત સુસંત ચહી,
દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહીં;
પરસાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જયતે.''

❖ ❖ ❖



જયંત પ્રિન્ટરી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫ ૭૧ ૭૧